દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 118 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૦ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુવર્ણ મંદિર સહિત આઠ શહેર હતાં પાકના નિશાન પર

125 વર્ષથી
સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી®
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાનો ભારતે ઓપરેશન સિંદૂરથી બદલો લીધો અને પાકિસ્તાનમાં રહેતા આતંકવાદીઓને ઠાર કર્યાં હતા. પરંતુ તેમ છતાં પાકિસ્તાન પોતાની નાપાક હરકતો છોડે તેમ નથી. પાકિસ્તાને સાતમી અને આઠમી મેના રાતે ભારતના અનેક શહેરો પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો. અમૃતસરનું સુવર્ણ મંદિરને પણ પાકિસ્તાનને નિશાન બનાવ્યું હતું. પરંતુ ભારતીય સેનાએ તેમના પાકિસ્તાનની યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. અત્યારે એક રિપોર્ટમાં આ ચોંકાવનારી વાતનો ખુલાસો થયો છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ભારતીય સેનાના મેજર જનરલ કાર્તિક સી શેષાદ્રીએ પાકિસ્તાનની આ નાપાક હરકતનો ખુલાસો કર્યો છે. મેજર જનરલના જણાવ્યાં પ્રમાણે પાકિસ્તાની સેનાએ અમૃતસરના સુવર્ણ મંદિર પર ડ્રોનથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આપણી સેનાએ પાકિસ્તાનના તમામ હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા હતા. એટલું જ નહીં પરંતુ પાકિસ્તાને ધાર્મિક સ્થળો સાથે સાથે નાગરિકોને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પાકિસ્તાન સામે ગમે તેવી કાર્યવાહી કરવામાં આવે પરંતુ તે ક્યારેય પોતાની નાપાક હરકતો છોડવાનું નથી.

મેજર જનરલે આપેલી જાણકારી પ્રમાણે પાકિસ્તાને આઠમી મેની સવારે પણ મિસાઈલ અને ડ્રોન હુમલો કરવાનો પ્રયત્ન (જુઓ પાનું ૨)






ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 86,130/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## ગુજરાતનાં જળાશયોમાં પાણીનો સ્તર ચિંતાજનક સપાટીએ, છ ડેમ તો સાવ કોરાકટ

અમદાવાદઃ ગુજરાતમાં અત્યારે ભીષણ ગરમી પડી રહી છે, તેમાં ગુજરાતમાં પાણીની તળ નીચે ગયા છે. એટલું જ નહીં પરંતુ ભારે ગરમીના કારણે ગુજરાતના જળાશયોમાં પાણીનું સ્તર ૫૦ ટકાથી વધુ ઘટી ગયું છે. જે ગુજરાતના લોકો માટે ખરેખર ચિંતાનો વિષય છે. કારણે કે, ખેતી માટે સિંચાઈનું પાણી નહીં હોય તો ઉત્પાદન કેવી રીતે મેળવી શકાશે? ગુજરાતમાં અત્યારે ૫૪ જેટલા જળાશયોમાં પાણીનું સ્તર ૧૦ ટકાથી પણ ઓછું છે, જ્યારે છ જળાશયો તો સાવ સુકાઈ ગયાં છે. આના કારણે ગ્રામીણ વિસ્તારોમાં પાણીની મોટી તંગી સર્જાઈ શકે છે.

આંકડાની વાત કરવામાં આવે તો, ગયા વર્ષે વર્ષની સરખામણીમાં આ વર્ષે પાણીનો સંગ્રહ સારો છે. કારણ કે, ગયા વર્ષે માત્ર ૪૩ ટકા પાણીનો સંગ્રહ હતો. આ વર્ષે ગુજરાતમાં ૭૦ ટકાથી વધારે જળસંગ્રહ વાળા જળાશયોની વાત કરવામાં આવે તો, રાજકોટનો આજી-૨, ભાદર-૨, ન્યારી-૨, મોરબીનો મચ્છૂ-૨, મહીસાગરનો વનકબોરી, જૂનાગઢનો ઓઝત-વીર, છોટાઉદેપુરનો સુખી, સુરેન્દ્રનગરનો ધોળીધજા, કચ્છનો કાલાઘોઘા, ભરૂચનો ધોળી ડેમ ૭૦ ટકાથી વધારે ભરેલો છે. જેના કારણે વધારે તંગી તો નહીં પડે, પરંતુ તેમ છતા ગુજરાતના એવી ઘણાં ગામડાંઓ છે જ્યા અત્યારે ટેન્કર દ્વારા પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે.

પાણી લોકોની પ્રાથમિક જરૂરિયાત છે, જેમાં હવે અનેક જળાશયોના પાણી સતત સુકાઈ રહ્યાં છે. કચ્છમાં આવેલા ડેમોમાં પાણી હવે સુકાઈ રહ્યું છે. સામે ચોમાસુ નજીક છે, પરંતુ ત્યાં સુધી લોકોને પાણીની તંગીનો સમાનો કરવો પડી શકે છે. કારણ કે, કચ્છના ડેમોમાં માત્ર ૩.૦૮ ટકા જ પાણી સંગ્રહિત છે. કૈલા, રૂદ્રમાતા, કસવતિ અને માથલ કચ્છના (જુઓ પાનું ૨)

### શ્રીલંકન દોષીની આશ્રય માગવાની અરજી ફગાવતા સુપ્રીમ કોર્ટે કરી ટિપ્પણી

## અમે ૧૪૦ કરોડ લોકો સાથે સંઘર્ષ કરીએ છીએઃ ભારત ધર્મશાળા નથી

નવી દિલ્હી : ભારત દેશ એ કંઈ ધર્મશાળા નથી કે જે આખા વિશ્વના વિદેશી નાગરિકને આશ્રય આપે, એવું નિરીક્ષણ સુપ્રીમ કોર્ટે સોમવારે કર્યું હતું.

અનલોફુલ એક્ટિવિટિઝ (પ્રીવેન્શન ) એક્ટ (યુએપીએ) હેઠળ સાત વર્ષની સજા પૂરી કર્યા બાદ દેશ છોડી દેવાના મદ્રાસ વડી અદાલતના હુકમને પડકારતી અરજી જસ્ટિસ દિપાંકર દત્ત અને કે. વિનોદ ચંદરન સાંભળી રહ્યા હતા. ખંડપીઠે કહ્યું હતું કે શું ભારત આખા વિશ્વના નિરાશ્રિતોને આશ્રય આપે. અમે પોતે ૧૪૦ કરોડ લોકો સાથે સંઘર્ષ કરી રહ્યા છીએ. ભારત દેશ કંઈ ધર્મશાળા નથી કે આખા વિશ્વના વિદેશી નાગરિકોને આશ્રય આપે.

અરજદારના વકીલે દલીલ કરી હતી કે મારો અસીલ લિબરેશન (જુઓ પાનું ૨)

## પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી ૧૨ જાસૂસ પકડાયા

### ભારતમાં રહી પાકિસ્તાન માટે જાસૂસી કરતાં હતા

ચંડીગઢઃ જાસૂસીના કથિત આરોપસર છેલ્લાં બે અઠવાડિયામાં પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી યૂટ્યૂબર સહિત ઓછામાં ઓછા ૧૨ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

૧૨માંથી છ જણની પંજાબ, પાંચની હરિયાણા અને એકની ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પહલગામ આતંકવાદી હુમલા અને ભારતીય સેનાએ હાથ ધરેલા 'ઑપરેશન સિંદૂર'ને પગલે આ ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ધરપકડ કરાયેલાઓમાં હરિયાણાસ્થિત બે મહિલા યૂટ્યૂબર જ્યોતિ મલ્હોત્રા અને પંજાબની ૩૧ વર્ષીય ગઝાલાનો સમાવેશ થાય છે. જ્યોતિ મલ્હોત્રાની યૂટ્યૂબ ચેનલ અને ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટનાં અનુક્રમે ૩.૭૭ લાખ સબસ્ક્રાઈબર અને ૧.૩૩ લાખ ફૉલોઅર્સ છે. આ બંને દિલ્હીસ્થિત પાક એલચી કચેરીમાં કામ કરતા પાકિસ્તાની અધિકારી અહસાન-ઉર-રહીમ (જુઓ પાનું ૨)

## કાશ્મીરમાં વાવાઝોડાને કારણે ભારે નુકસાન

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ કાશ્મીરમાં ભારે પવન સાથે ફુંકાયેલા વાવાઝોડાને કારણે ભારે નુકસાન થયું હોવા ઉપરાંત વીજપુરવઠો અને વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

શ્રીનગરસ્થિત હવામાન ખાતાના કાર્યાલયે રવિવારે મોડી રાત્રે ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાવાની ચેતવણી આપી હતી.

ભારે પવનને કારણે અનેક ઘરની છત ઉડી ગઈ હતી, ઠેર ઠેર ઝાડ ઉખડી ગયા હતા અને રસ્તાઓ પર અવરોધ ઊભો થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. (જુઓ પાનું ૨)



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્ટાલિનનો પત્રઃ કેન્દ્ર-રાજ્યોનો જંગ ઉગ્ર બનશે

**તમિલનાડુના** મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને ભાજપ વિરોધી પક્ષોની સરકારો ધરાવતાં આઠ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખતાં રાજ્યો વિરુદ્ધ કેન્દ્ર સરકારનો જંગ ઘેરો બનવાનાં એંધાણ છે. સ્ટાલિને પશ્ચિમ બંગાળ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, કેરળ, ઝારખંડ, પંજાબ અને જમ્મુ અને કાશ્મીર એમ ૮ બિન-ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાંથી માંગવામાં આવેલા સંદર્ભનો વિરોધ કરવાની અપીલ કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ લખેલા પત્રના કારણે સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ રાષ્ટ્રપતિનો જંગ જામેલો જ છે. રાષ્ટ્રપતિએ કેન્દ્ર સરકારની સલાહથી સ્પષ્ટતા માગી છે તેથી કેન્દ્ર સરકાર પણ પડદા પાછળ જંગમાં સામેલ છે જ. હવે સ્ટાલિને બિન-ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓનો મોરચો બનાવવાની હિલચાલ આદરતાં રાજ્યો વિરુદ્ધ કેન્દ્રનો સીધો જંગ પણ શરૂ થઈ જશે.

ભારતના બંધારણમાં કેન્દ્ર અને રાજ્યોના અધિકારો અને સત્તા નક્કી થયેલાં જ છે પણ રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે બંધારણીય જોગવાઈઓને અવગણે છે અને ગંદુ રાજકારણ રમે છે તેના કારણે વણજોઈતા વિવાદો ઊભા થાય છે. રાજ્યપાલો અને રાષ્ટ્રપતિની સત્તા અંગેનો વિવાદ પણ એ જ પ્રકારનો વિવાદ છે. રાજકારણીઓએ થોડી સમજદારી બતાવીને વર્ત્યા હોત તો આ વિવાદ ના સર્જાય પણ કમનસીબે સાવ બાલિશ અને હલકી માનસિકતા ધરાવતા નેતાઓને સમજદારીમાં રસ જ નથી તેથી વણજોઈતો વિવાદ પેદા થઈ ગયો છે.

આ વિવાદમાં સૌથી કઠે એવી બાબત એ છે કે, દેશનાં બંધારણીય વડાં મનાતાં રાષ્ટ્રપતિ તેમાં ઘસડાયાં છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પોતે ગૌરવપૂર્ણ રીતે વર્તીને આ વિવાદથી દૂર રહી શક્યાં હોત અને આ વિવાદને શાંત પાડી શક્યાં હોત. તેના બદલે તેમણે સુપ્રીમ કોર્ટને ૧૪ સવાલ કરીને વિવાદને ઉગ્ર બનાવ્યો છે.

આ વિવાદ શરૂ થયો તેનું કારણ રાજ્યપાલોની મનમાની છે તેમાં બેમત નથી. તમિલનાડુના રાજ્યપાલ આર. એન. રવિએ તમિલનાડુ સરકારનાં બિલો રોકી રાખ્યાં તેની સામે તમિલનાડુ સરકાર સુપ્રમ કોર્ટમાં ગઈ ને સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ રવિને તતડાવી નાંખ્યા તેમાંથી આ વિવાદ શરૂ થયો. સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલના રોજ ચુકાદો આપેલો કે, રાજ્યપાલ પાસે વીટો પાવર નથી અને રાજ્યપાલને વિધાનસભાએ પસાર કરેલાં બિલોને રોકી રાખવાનો કોઈ અધિકાર નથી.

સુપ્રીમ કોર્ટે તો રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવતાં બિલો અંગે રાષ્ટ્રપતિએ કેટલા સમયમાં નિર્ણય લેવો તેની સમયમર્યાદા પણ નક્કી કરી તેમાં બબાલ થઈ જ ગઈ હતી ત્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી સમયમર્યાદા પર સવાલ ઉઠાતાં વિવાદ આગળ વધ્યો હતો, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કેન્દ્ર સરકારની સલાહને અનુસરીને ૧૩ મે, ૨૦૨૫ના રોજ બંધારણની કલમ ૧૪૩ હેઠળ સુપ્રીમ કોર્ટને ૧૪ સવાલ પૂછ્યા હતા.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક વીડિયોમાં સવાલ પણ કર્યો છે કે, બંધારણમાં રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમય મર્યાદા નક્કી કરવાની કોઈ જોગવાઈ નથી તો સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમય મર્યાદા કેવી રીતે નક્કી કરી શકે?

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં સવાલ કર્યો છે પણ ખરેખર તેમણે એ સવાલ કરવો જોઈએ કે રાજ્યપાલો રાજ્યોની વિધાનસભાએ પસાર કરેલાં બિલોને અચોક્કસ મુદત માટે કઈ રીતે રોકી રાખી શકે? બિન-ભાજપ શાસિત રાજ્યોની વિધાનસભાઓએ પસાર કરેલાં બિલોને પાંચ-સાત વર્ષ સુધી રોકી રાખવામાં આવ્યાં હોય એવા કિસ્સા છે.

આ અંગે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆતો પણ કરાઈ પણ રાષ્ટ્રપતિએ બિન-ભાજપ શાસિત રાજ્યોની રજૂઆતોને સાંભળી જ નથી. ખરેખર તો રાષ્ટ્રપતિએ એ વખતે જ રાજ્યપાલોને વિધાનસભાઓએ પસાર કરેલાં બિલો અંગે ત્વરિત નિર્ણય લેવા માટે આદેશ આપવો જોઈતો હતો કેમ કે લોકશાહીમાં ચૂંટાયેલી પાંખ સર્વોપરી છે, રાજ્યપાલ નહીં. રાષ્ટ્રપતિએ પોતાની બંધારણીય ફરજ બજાવીને રાજ્યપાલોને પોતાની મર્યાદાનું ભાન કરાવવાનમી જરૂર હતી. તેના બદલે એ મૌન રહ્યાં તેથી રાજ્યો સુપ્રીમ કોર્ટમાં ગયાં અને સુપ્રીમ કોર્ટે ચુકાદો સંભળાવી દીધો.

સુપ્રીમ કોર્ટે માત્ર રાજ્યપાલો જ નહીં પણ રાષ્ટ્રપતિ માટે પણ સમયમર્યાદા નક્કી કરી નાખી. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને આદેશ આપવો પડે તેમાં રાષ્ટ્રપતિના હોદ્દાનું ગૌરવ ચોક્કસ નથી પણ રાષ્ટ્રપતિ રાજ્યપાલો દ્વારા કરાતી મનમાની અને ચૂંટાયેલી સરકારોની ઉપેક્ષા સામે ચૂપ રહ્યાં તેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે એવો વાંધો ઉઠાવાયો છે કે, બંધારણમાં રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમય મર્યાદા નક્કી કરવાની કોઈ જોગવાઈ નથી તો સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે સમય મર્યાદા નક્કી ના કરી શકે. ટેક્નિકલી આ મુદ્દો સાચો હોઈ શકે પણ લોકશાહીના સિદ્ધાંતોને અનુરૂપ નથી. વિધાનસભાએ પસાર કરેલા બિલને કેટલા સમયમાં મંજૂરી આપવી જોઈએ એ સવાલ મુખ્ય છે. રાષ્ટ્રપતિ પોતે કે રાજ્યપાલો પણ આ સવાલનો જવાબ આપતાં નથી અને બંધારણની જોગવાઈની વાત કર્યા કરે છે.

સ્ટાલિને આ મુદ્દાનો ઉપયોગ રાજકીય ફાયદા માટે કરવા માંડ્યો છે કેમ કે તેમણે સીધો ભાજપ પર પ્રહાર કર્યો છે. સ્ટાલિને પશ્ચિમ બંગાળ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, કેરળ, ઝારખંડ, પંજાબ અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો તેમાં લખ્યું છે કે, ભાજપ સરકારે રાષ્ટ્રપતિને સંદર્ભ માંગવા મજબૂર કર્યાં એ ભાજપ સરકારના ખરાબ ઇરાદા દર્શાવે છે તેથી હું બધા બિન-ભાજપ શાસિત રાજ્યોને રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં મોકલવામાં આવેલા રેફરન્સનો વિરોધ કરવાની અપીલ કરું છું. સ્ટાલિને તો એવી પણ અપીલ કરી છે કે, આપણે બધાંએ સાથે મળીને કાનૂની રણનીતિ બનાવવી જોઈએ. સુપ્રીમ કોર્ટે આપેલા ઐતિહાસિક ચુકાદામાં આપણી વાતને સ્વીકારી છે ત્યારે બંધારણના મૂળભૂત માળખાના રક્ષણ માટે એક મોરચો બનાવવો જોઈએ.

સ્ટાલિનના મુદ્દાને મોટા ભાગના બિન-ભાજપ શાસિત રાજ્યોનો ટેકો મળશે તેમાં શંકા નથી કેમ કે બિન ભાજપ શાસિત રાજ્યોની સરકારોને એવું લાગે જ છે કે, કેન્દ્ર સરકાર વિપક્ષ શાસિત રાજ્યોના કામકાજમાં અવરોધ ઊભો કરવા માટે રાજ્યપાલોનો ઉપયોગ કરે છે. રાજ્યપાલો બિલોને મંજૂરી આપવામાં વિલંબ કરે છે. મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર નિમણૂકોમાં દખલ કરે છે અને શૈક્ષણિક સંસ્થાઓનું રાજકીયકરણ કરવા માટે યુનિવર્સિટીના કુલપતિ તરીકેના પોતાના પદનો દુરુપયોગ કરે છે.

આ માન્યતાઓ સાવ ખોટી પણ નથી એ જોતાં નવા રાજકીય જંગનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,
મંગળવાર, તા. ૨૦-૫-૨૦૨૫,
કાલાષ્ટમી, ત્રિલોકનાથાષ્ટમી (બંગાળ), પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૩૦, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૪થો તીર,સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ધનિષ્ઠા રાત્રે ક. ૧૯-૩૧ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર મકરમાં સવારે ક. ૦૭-૩૫ સુધી, પછી કુંભમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સાંજે ક. ૧૭-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૬. (તા. ૨૧) • ઓટઃ સવારે ક. ૧૦-૨૯, મધ્યરાત્રે ક. ૦૦-૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - અષ્ટમી. કાલાષ્ટમી, ત્રિલોકનાથાષ્ટમી (બંગાળ), પંચક પ્રારંભ સવારે ક. ૦૭-૩૫. સૂર્ય સાયન મિથુનમાં બપોરે ક. ૨૪-૨૬. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મંગળ ગ્રહદેવતાના જાપ, પૂજન, હવન, બ્રાહ્મણ ભોજન, સપ્તસતી પાઠ, હવન, શિવરુદ્રાભિષેક, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વસુદેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, લાલ વસ્ત્રો, આભૂષણ, રત્નધારણ, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ રોપવા, હજામત, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભવના, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## કર્નલ સોફિયા કુરેશી અંગે ટિપ્પણી કરનાર ભાજપના સાંસદ વિજય શાહ વિરુદ્ધ એસઆઈટી તપાસનો સુપ્રીમનો આદેશ

નવી દિલ્હીઃ કર્નલ સોફિયા કુરેશી અંગે ટિપ્પણી કરનાર મધ્ય પ્રદેશના સાંસદ વિજય શાહ વિરુદ્ધ એસઆઈટી તપાસનો સુપ્રીમ કોર્ટે સોમવારે આદેશ આપ્યો હતો.

વિજય શાહે ૧૨મી મેએ કર્નલ સોફિયા કુરેશી અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. હાઈ કોર્ટના આદેશને પગલે ૧૪મી મેએ ઈન્દોર જિલ્લામાં વિજય શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વિજય શાહ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા ગુનાને મામલે સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશના ડીજીપીને આઈજી કક્ષાના અધિકારીના વડપણ હેઠળ મહિલા અધિકારી સહિત ત્રણ સભ્યની બનેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) રચવાનો અને ૨૯મી મે સુધીમાં પ્રથમ રિપોર્ટ સુપરત કરવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ સૂર્યકાંત અને એમ. કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે વિજય શાહને જણાવ્યું હતું કે તમે કરેલી ટિપ્પણી, માગેલી માફી સંબંધિત વીડિયો અમે જોયો છે.

તમારી આ ચેષ્ટા મગરમચ્છનાં આંસુ હતાં કે પછી કાયદાકીય કાર્યવાહીથી બચવાનો પ્રયાસ.

તમે કરેલી ટિપ્પણીથી દેશભરનાં લોકોનું માથું શરમથી નમી ગયું હતું. અમે તમારો વીડિયો જોયો હતો અને તમે એકદમ ગંદી ભાષા વાપરવા સુધી પહોંચી ગયા હતા, પરંતુ અકળ કારણસર તમે એમ કરતાં રોકાઈ ગયા હતા કે પછી તમને યોગ્ય શબ્દો નહોતા મળ્યા. સંપૂર્ણ દેશ ભારતીય સેના માટે ગર્વ અનુભવી રહ્યો છે તે સમયે તમે કરેલી ટિપ્પણી બદલ તમને શરમ આવવી જોઈએ, એમ ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું.

વિજય શાહ પર આકરાં પ્રહાર કરતાં ખંડપીઠે કહ્યું હતું કે આ ક્યા પ્રકારની માફી છે? તમારે માત્ર તમારી ભૂલ કબૂલી લઈ માફી માગી લેવી જોઈતી હતી, પરંતુ તમે એમ કરવાને બદલે મેં આમ કહ્યું હતું-તેમ કહ્યું હતું એમ જણાવ્યા બાદ માફી માગી હતી. આ માફી માગવાની રીત નથી.

તમે જે રીતની ટિપ્પણી કરી હતી તે બદલ તમને શરમ આવવી જોઈતી હતી, એમ ખંડપીઠે કહ્યું હતું.

જનતાના પ્રતિનિધિ હોવાને કારણે તમારો પ્રત્યેક શબ્દ સમજી વિચારીને બોલાયેલા અને દૃષ્ટાંતરૂપ હોવા જોઈએ, એમ કોર્ટે કહ્યું હતું.

વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહ અને વિભા દત્ત મખીજા વિજય શાહ વતી કોર્ટમાં ઉપસ્થિત રહ્યાં હતાં. (એજન્સી) ■

## બાઈડનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું

વૉશિંગ્ટનઃ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જો બાઇડનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું છે, એમ તેમના કાર્યાલયે રવિવારે જણાવ્યું હતું.

૮૨ વર્ષીય બાઇડનને પેશાબના તપાસ બાદ આ વાતની જાણ થઈ, અને ડોકટરોએ તેમના પ્રોસ્ટેટ પર ગાંઠ શોધી કાઢી હતી.

શુક્રવારે તેમને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું હતું, જેમાં કેન્સરના કોષો હાડકામાં ફેલાઈ ગયા હતા.

તેમના કાર્યાલયે જણાવ્યું હતું કે "જ્યારે આ રોગનું વધુ આક્રમક સ્વરૂપ છે, ત્યારે કેન્સર હોર્મોન-સંવેદનશીલ દેખાય છે જે અસરકારક વ્યવસ્થાપન માટે પરવાનગી આપે છે. બાઇડન અને તેમનો પરિવાર તેમના ચિકિત્સકો સાથે સારવારના વિકલ્પોની સમીક્ષા કરી રહ્યા છે."

સોમવારે સવારે એક્સ પર એક પોસ્ટમાં,બાઇડને પોતાનો અને તેમની પત્ની, જીલ બાઇડનનો ફોટો પોસ્ટ કર્યો હતો અને લખ્યું હતું કે : "કેન્સર આપણને બધાને સ્પર્શે છે. તમારામાંથી ઘણા લોકોની જેમ, જીલ અને હું શીખ્યા છે કે આપણે તૂટેલા સ્થળોએ સૌથી મજબૂત છીએ. પ્રેમ અને સમર્થનથી અમને ઊભા કરવા બદલ આભાર."

રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા સહિત ઘણા રાજકીય નેતાઓએ બાઈડનને તેમના સ્વસ્થ થવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ■

## પાક સંબંધિત મુદ્દાઓ પર વિદેશ સચિવે સંસદીય પેનલને માહિતી આપી

નવી દિલ્હીઃ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સોમવારે પહલગામ આતંકવાદી હુમલા પછી ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ પર સંસદીય સમિતિને માહિતી આપી હતી.

કૉંગ્રેસના સાંસદ શશી થરૂરની અધ્યક્ષતામાં સંસદની વિદેશ બાબતોની સ્થાયી સમિતિની બેઠકમાં ટીએમસીના અભિષેક બેનર્જી, કૉંગ્રેસના રાજીવ શુક્લા અને દીપેન્દ્ર હુડ્ડા, એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસી અને ભાજપના અપરાજિતા સારંગી અને અરુણ ગોવિલ સહિતના સભ્યોએ હાજરી આપી હતી.

આ બેઠક ભારતીય સશસ્ત્ર દળો દ્વારા પહલગામ હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર અને ત્યારબાદ બંને દેશો વચ્ચે થયેલી લશ્કરી કાર્યવાહીની પૃષ્ઠભૂમિ સામે યોજાઈ રહી છે.

ભારત અને પાકિસ્તાન ૧૦ મેના રોજ તમામ લશ્કરી કાર્યવાહી અટકાવવા અંગે સમજૂતી પર પહોંચ્યા હતા.

મિસરી સોમવાર અને મંગળવારે "ભારત અને પાકિસ્તાન અંગે વર્તમાન વિદેશ નીતિ વિકાસ" પર પેનલને માહિતી આપી રહ્યા છે.

સરકારે ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિ સામે આતંકવાદનો કડક રીતે સામનો કરવાના ભારતના સંકલ્પ વિશે નેતાઓને માહિતી આપવા માટે ૩૩ વિશ્વ રાજધાનીઓમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલવાનો નિર્ણય લીધો છે. ■

સંભલ મસ્જિદ વિવાદ

## અલ્હાબાદ હાઈ કોર્ટે સર્વે સામે મસ્જિદ સમિતિની અરજી ફગાવી

પ્રયાગરાજઃ અલ્હાબાદ હાઇ કોર્ટે સોમવારે શાહી જામા મસ્જિદ અને હરિહર મંદિર વિવાદમાં સંભલ કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલા સર્વે સામે મસ્જિદ સમિતિની અરજીને ફગાવી દીધી હતી.

કોર્ટે જણાવ્યું કે કોર્ટ કમિશનરની નિમણૂકનો આદેશ અને દાવો વિચારવા યોગ્ય છે. ન્યાયાધીશ રોહિત રંજન અગ્રવાલે મસ્જિદ સમિતિ અને વાદી હરિ શંકર જૈન અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના વકીલની દલીલો સાંભળ્યા બાદ આ મામલે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો.

શાહી જામા મસ્જિદની વ્યવસ્થાપન સમિતિએ આ દાવો અને સંભલ કોર્ટના આદેશને પડકારતા હાઇ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો, જેમાં એડવોકેટ કમિશનર દ્વારા સર્વે કરાવવાની સૂચના આપવામાં આવી હતી. જૈન અને અન્ય સાત લોકોએ સિવિલ જજ સિનિયર ડિવિઝન સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે શાહી ઇદગાહ મસ્જિદ સંભલમાં એક મંદિર તોડીને બનાવવામાં આવી હતી. હાઇ કોર્ટે અગાઉ ટ્રાયલ કોર્ટ સમક્ષ આગળની કાર્યવાહી પર રોક લગાવી હતી. ■

## ઉ.પ્ર.માં પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવા બદલ બે શખસ સામે કેસ

આગ્રાઃ ઉત્તર પ્રદેશમાં આગ્રાના શાહગંજ વિસ્તારમાં એક સભામાં 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવવાનો વીડિયો વાયરલ થયા બાદ બે વ્યક્તિઓ સહિત અન્ય અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બંને વ્યક્તિઓની ઓળખ ગોપાલ ચહર અને અર્જુન ગિરજ તરીકે થઇ છે. સ્થાનિક કૉંગ્રેસ નેતા અપૂર્વ શર્માની ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો હતો. શર્માએ જણાવ્યું કે તાજેતરમાં શાહગંજ વિસ્તારમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયેલા યાત્રાના વીડિયોમાં પાકિસ્તાન ઝિંદાબાદના નારા સાંભળી શકાય છે. ભારતની અખંડિતતા અને એકતાને જોખમમાં મૂકનારા આ કૃત્યથી મારી અને બધા દેશભક્તોની લાગણીઓને ઠેસ પહોંચી છે. પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર મયંક તિવારીએ જણાવ્યું કે રવિવારે રાત્રે શાહગંજ પોલીસ સ્ટેશનમાં બે નામાંકિત અને કેટલાક અજાણ્યા લોકો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ■

## ભારત-માલદીવ્સે ૧૩ એમઓયુ પર સહી કરી

માલેઃ દરિયાઈ માર્ગે કનેક્ટિવિટી વધારવા, સમુદાયના લોકોની આવક સુધારવા અને બંને દેશ વચ્ચેની ફેરી સર્વિસ વધારવા ભારત અને માલદીવ્સ વચ્ચે અંદાજે પંચાવન કરોડના મૂલ્યનાં ૧૩ એમઓયુ કરવામાં આવ્યા છે. ૧૮મી મેએ બંને દેશ વચ્ચે ૧૩ એમઓયુ કરવામાં આવ્યા હતા.

ઈન્ડિયન ગ્રાન્ટ આસિસ્ટન્સ સ્કીમ-હાઈ ઈમ્પેક્ટ કમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (એચઆઈસીડીપી) ફેઝ-થ્રી અંતર્ગત અમલમાં મૂકવામાં આવનારી યોજના માટે આ એમઓયુ કરવામાં આવ્યા છે.

આ સીમાચિહ્નરૂપ કરારને કારણે બંને દેશ વચ્ચેની ભાગીદારી વધુ મજબૂત બની છે, એમ માલદીવ્સના વિદેશ પ્રધાને કહ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### સુવર્ણ મંદિર સહિત

કર્યો હતો. એટલું જ નહીં પરંતુ પાકિસ્તાને હવાઈ હુમલોઓ પણ વધારી દીધા હતા. ડ્રોન સાથે સાથે પાકિસ્તાનને લાંબા અંતરની મિસાઈલો પણ ભારત પર છોડી હતું. પરંતુ ભારત સંપૂર્ણ રીતે તૈયાર હતું જેથી પાકિસ્તાનના દરેક હુમલાને નાકામ કરી દીધા હતાં. મળતી જાણકારી પ્રમાણે નાપાક પાકિસ્તાને અમૃતસર સાથે સાથે પઠાનકોટ, જલંધર, શ્રીનગર, જમ્મુ, ચંદીગઢ, લુધિયાના અને ભુજને પણ નિશાન બનાવ્યું હતું. આ સાથે ભારતના અન્ય શહેરો પર પણ હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો. ભારતીય સેનાની આકાશ મિસાઇલ સિસ્ટમ અને એલ-૭૦ ડિફેન્સ ગને પાકિસ્તાન સામે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મહત્ત્વની વાત એ છે કે, ભારતે ઓપરેશન સિંદૂર આતંકવાદ સામે શરૂ કર્યું હતું, પરંતુ પાકિસ્તાન તેમાં વચ્ચે પડ્યું અને ભારત પર હુમલો શરૂ કર્યો હતો. જેના કારણે આપણી સેનાએ પાકિસ્તાનની સેનાને પણ સબક શીખવાડ્યો હતો. ■

### ગુજરાતના જળાશયોમાં

એવા જળાશયો છે જેમાં માત્ર ૧૦ ટકા જ પાણી રહ્યું છે. જ્યારે સૌરાષ્ટ્રની વાત કરીએ તો, ૧૪૧ જળાશયોમાં અત્યારે માત્ર ૩૧.૪૬ ટકા જ પાણી રહ્યું છે. જેથી કચ્છ અને સૌરાષ્ટ્રના ડેમોમાં પાણીની સ્થિતિ વધારે ચિંતાજનક બની છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાના સિપુ ડેમ ૫૦ ટકા ભરાયેલો છે. જ્યારે મોરબીનો મચ્છૂ -૨ બ્રાહ્મણી, અરવલ્લીનો હાથમતી, મહેસાણાનો ધરોઈ-કડાણા, તાપીનો ઉકાઈ, ભાવનગરનો શેત્રુંજી, રાજકોટનો ભાદર ડેમમાં પાણીની સપાટી ૫૦ ટકા જેટલી હોવાનું જાણવા મળ્યું છે. સ્વાભાવિક છે કે, ડેમની સાથે સાથે જમીનમાં પણ પાણીના સ્તર સતત નીચે જઈ રહ્યાં છે. જેથી પીવાના પાણી સાથે સિંચાઈના પાણી માટે પણ ચિંતાઓ સર્જાઈ શકે છે. જો આ વર્ષે વરસાદ સારો થાય છે તો લોકોને પાણીમાં રાહત મળવાની છે. જો કે, હવામાન વિભાગ દ્વારા સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. બાકી હવે વરસાદ કેવો થયા છે, તે ચોમાસુ આવે ત્યારે ખબર પડશે. ■

### અમે ૧૪૦ કરોડ

ટાઈગર્સ ઑફ તલિમ ઈલમનો ભૂતપૂર્વ સભ્ય હોવાથી તેને શ્રીલંકામાં ધરપકડ અને કનડગતનો ભય છે. તેની પત્ની અને બાળકો ભારતમાં સ્થાયી થયા છે.

જોકે ખંડપીઠે કહ્યું હતું કે ભારતમાં સ્થાયી થવાનો અધિકાર ફક્ત તેના નાગરિકોને મળ્યો છે અને બંધારણની ૨૧મી કલમ (જીવન અને આઝાદીના રક્ષણ) હેઠળ તેના કોઈ અધિકારનો ભંગ થયો નથી.

અરજદારને યુએપીએ ધારાની દસમી કલમ હેઠળ સજા કરવામાં આવી હતી કારણ કે તે પ્રતિબંધિત સંસ્થાનો સભ્ય હતો.

મદ્રાસ વડી અદાલતે તેની સજા દસ વર્ષથી સાત વર્ષની કરીને તેને દેશ તત્કાળ છોડી દેવાનો હુકમ આપ્યો હતો.

૧૬ મેએ સુપ્રીમની બીજી ખંડપીઠે એ અરજદારોની ઝાટકણી કાઢી હતી કે જેમણે દાવો કર્યો હતો કે મ્યાનમાર હદપાર કરવા માટે મહિલા અને બાળકો સહિતના ૪૩ રોહિંગ્યા નિરાશ્રિતોને આંદામાન સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યા હતા. ખંડપીઠે કહ્યું હતું કે દેશ વિકટ સમયમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે તમને આવા તુક્કા સુજે છે. (એજન્સી) ■

### કાશ્મીરમાં

સોમવારે રસ્તાઓ પર કાટમાળ વિખેરાયેલો પડેલો જોવા મળ્યો હતો.

લોકોને ભારે સમસ્યાનો સામનો ન કરવો તે માટે અનેક સ્થાનિકોએ ઘટના સંબંધિત વીડિયો અને તસવીરો વૉટ્સઍપ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરી માર્ગ બંધ હોવા અંગે લોકોને સાવચેત કર્યા હતા.

જોકે કેટલું નુકશાન થયું છે એ અંગે જાણકારી નહોતી મળી શકી. વીજળી વિકાસ ખાતાના એક અધિકારીના જણાવ્યાનુસાર વીજપુરવઠો પૂર્વવત કરવાની કામગીરી આરંભી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના અમુક વિસ્તારમાં ૪૦થી ૬૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી હવામાન ખાતાએ એલર્ટ જારી કર્યું હતું. ■

### પંજાબ, હરિયાણા

ઉર્ફે દાનિશ સાથે સંપર્કમાં હતાં.

ઉત્તર ભારતમાં પાકિસ્તાન સાથે સંકળાયેલું જાસૂસી નેટવર્ક કાર્યરત હોવાનો તપાસ એજન્સીએ આક્ષેપ કર્યો હતો.

જાસૂસીમાં સંડોવાયેલા હોવાને કારણે ભારતે ૧૩ મેએ પાકિસ્તાની અધિકારીઓને હાંકી કાઢ્યા હતા.

અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યા મુજબ આરોપીઓ પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઑપરેટિવ્સ (પીઆઈઓ)ને સંવેદનશીલ માહિતી પહોંચાડતા હતા. તમામ આરોપીના આર્થિક વ્યવહાર તેમ જ તેમનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ફૉરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત રાજ્યના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) દ્વારા રવિવારે ઉત્તર પ્રદેશના રામપુર ખાતેથી પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા ઈન્ટર સર્વિસિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ)ના કથિત એજન્ટની પંજાબ અને હરિયાણાથી ધરપકડ કરવામાં આવી હતી.

આર્મી કેન્ટોનમેન્ટ વિસ્તાર તેમ જ સરહદી જિલ્લાના ઍરબેઝ અંગેની સંવેદનશીલ તસવીરો, વીડિયો મોકલવામાં ભજવેલી કથિત ભૂમિકા બદલ પંજાબ પોલીસે ચાર મેએ અમૃતસરના અજનાલાના રહેવાસી ફલકશેર માસિહ અને સૂરજ માસિહની ધરપકડ કરી હતી.

આ બંને સેનાની ગતિવિધિઓ, બીએસએફની છાવણી અને ઍરપોર્ટનું લોકેશન તેમ જ તસવીરો સહિતની સંવેદનશીલ માહિતી પાકિસ્તાનસ્થિત હેન્ડલરને પહોંચાડતા હતા. જાસૂસીમાં સંડોવણી ધરાવવા બદલ પંજાબ પોલીસે ૧૧મી મેએ એક મહિલા સહિત વધુ બે જણની ધરપકડ કરી હતી.

સંવેદનશીલ વર્ગીકૃત માહિતી પહોંચાડવા બદલ આ બંને ઑનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે રકમ મેળવતા હતા.

પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને ભારતીય સેનાની પ્રવૃત્તિની સંવેદનશીલ માહિતી પૂરી પાડવાને મામલે બે જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પંજાબ પોલીસે કહ્યું હતું.

પાકિસ્તાન માટે જાસૂસી કરવાને મામલે હરિયાણા પોલીસે પણ ૧૫મી મેએ ૨૪ વર્ષના નૌમન ઈલાહીની પાણીપત જિલ્લામાંથી તો પીઆઈઓ સાથે કથિત સંબંધ ધરાવવા બદલ કૈથલસ્થિત પચીસ વર્ષના પૉસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી દેવેન્દ્ર સિંહની ધરપકડ કરી હતી. (એજન્સી) ■

# આવતી કાલથી ધોરણ ૧૧ની ઓનલાઈન એડમિશન પ્રક્રિયા શરૂ

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ નિયામક, પુણેએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અગિયારમા ધોરણ માટે કેન્દ્રીયકૃત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક જાહેર કર્યું છે. આ પ્રક્રિયા ૧૯ મે ૨૦૨૫ થી શરૂ થશે, જેમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ માટે રજિસ્ટ્રેશન અને કોલેજ પ્રેફરન્સ ભરવાની તક મળશે. આ પ્રેક્ટિસ સત્ર વીસમી મે ના રાતે ૧૨ વાગ્યા સુધી ચાલશે અને તેના હેઠળ નોંધાયેલ તમામ ડેટા કાઢી નાખવામાં આવશે. આ પછી, વાસ્તવિક રજિસ્ટ્રેશન અને અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા ૨૧ મે થી ૨૮ મે ૨૦૨૫ સુધી શરૂ થશે. આ સમયગાળા દરમિયાન, વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી એક અને મહત્તમ ૧૦ કોલેજ વિકલ્પો પસંદ કરી શકે છે અને ક્વોટા હેઠળ પણ અરજી કરી શકે છે. પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ ૩૦ મે ના સવારે ૧૧ વાગે બહાર પાડવામાં આવશે. ત્રીજી જૂન સાંજે ૪ વાગ્યે અંતિમ મેરિટ લિસ્ટ પ્રકાશિત કરવામાં આવશે. પ્રથમ અલોટમેન્ટ લિસ્ટ છઠ્ઠી જૂને સવારે ૧૦ વાગ્યે જાહેર કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓને કોલેજો અને સંબંધિત કટઓફ યાદી વિશે પણ માહિતી આપવામાં આવશે.

છ જૂન, સવારે ૧૧ વાગ્યાથી ૧૨ જૂન સાંજે ૬ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ તેમના લોગિનમાં જઈને પ્રોસીડ ફોર એડમિશન પર ક્લિક કરીને દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે અને સંબંધિત જુનિયર કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થીને તેની પહેલી પસંદગીની કોલેજ મળે છે, તો તેણે ફરજિયાતપણે તેમાં પ્રવેશ લેવો પડશે. જો તે આમ નહીં કરે, તો તેને રાઉન્ડ-ટૃ થી રાઉન્ડ-૪ સુધીના નિયમિત રાઉન્ડમાંથી બાકાત રાખવામાં આવશે અને તે ફક્ત ઓપન ફોર ઓલ રાઉન્ડમાં ભાગ લઈ શકશે. જે વિદ્યાર્થીઓ તેમની કન્ફર્મ સીટ રદ કરશે, તેને આગામી નિયમિત રાઉન્ડમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. ૧૪ જૂન રાતે ૧૦ વાગે રાઉન્ડ-ટૂ માટેની ખાલી જગ્યા બહાર પાડવામાં આવશે. ■



**સુવિધા સાથે સજાવટઃ** અમૃત ભારત સ્ટેશન સ્કીમ (એબીએસએમ) હેઠળ સ્ટેશનોના નૂતનીકરણ તથા પ્રવાસીઓ માટેની સુવિધા વધારવાનું કામ ચાલી રહ્યું છે. હાલમાં ચિંચપોકલી, પરેલ, માટુંગા, વડાલા સ્ટેશને નૂતનીકરણનું કામ ચાલી રહ્યું છે. (અમય ખરાડે)

## ઇન્ડિયન એર ફોર્સનો બોગસ અધિકારી પુણેથી પકડાયો

પુણેઃ સધર્ન કમાન્ડ મિલિટરી ઇન્ટેલિજન્સ અને પોલીસે જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને પુણેથી ઇન્ડિયન એર ફોર્સના બોગસ અધિકારીની ધરપકડ કરી હતી.આરોપીની ઓળખ ગૌરવ કુમાર તરીકે થઇ હતી. ગૌરવની શંકાસ્પદ પ્રવૃત્તિઓ વિશેની માહિતીને આધારે તેને રવિવારે રાતે પકડી પાડવામાં આવ્યો હતો.સંપૂર્ણ ચકાસણી અને નજર રાખ્યા બાદ સધર્ન કમાન્ડ મિલિટરી ઇન્ટેલિજન્સ અને ખડકી પોલીસ સ્ટેશનની સંયુક્ત ટીમે ખરાડી વિસ્તારમાંથી રાતે ૮.૪૦ વાગ્યે ગૌરવને તાબામાં લીધો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.ગૌરવ પાસેથી બે આઇએએફ ટી-શર્ટ, કોમ્બેટ પેન્ટ અને શૂઝ, બે આઇએએફ બેજીસ, ટ્રેકસૂટ સહિત અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

પર્યાવરણને હાનિ અને પાકને નુકસાન

# ખાંડના કારખાનાને ૧.૬૭ કરોડ ચૂકવવાનો આદેશ

મુંબઇઃ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી )એ કોંગ્રેસના નેતા અમિત દેશમુખના અંકુશ હેઠળની ટ્વેન્ટી વન સુગર ફેક્ટરી લિમિટેડને પર્યાવરણને નુકસાન અને પાકના નુકસાનના વળતર પેટે ₹૧.૬૭ કરોડથી વધુની ચૂકવણી કરવાનો આદેશ આપ્યો છે.

એનજીટીએ ૩૦મી એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે 'પ્રતિવાદી નંબર-૧ (ખાંડ કારખાનું ) આ આદેશને અપલોડ કર્યાની તારીખથી બે મહિનાના સમયગાળાની અંદર મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી) પાસે ₹૧,૧૩,૪૦,૦૦૦ ની ઇડીસી (પર્યાવરણીય નુકસાન વળતર) ની રકમ જમા કરાવશે. આ આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ નાણાંનો ઉપયોગ છ મહિનાના સમયગાળામાં અસરગ્રસ્ત વિસ્તારની પુનઃસ્થાપના માટે કરવામાં આવશે.

ટ્રિબ્યુનલે ટ્વેન્ટી વન સુગર ફેક્ટરીને ગંદા પાણી અને પ્રદૂષણગ્રસ્ત પદાર્થના નિકાલને કારણે પાક ગુમાવનારા ૩૧ ખેડૂતોને વળતર પેટે નાંદેડ જિલ્લા કલેક્ટરને ₹૫૪,૪૩,૯૫૫ ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. આ નાણાં અસરગ્રસ્ત ખેડૂતોમાં વહેંચવામાં આવશે, એમ આદેશમાં જણાવાયું છે.

ટ્રિબ્યુનલ ૩૧ ખેડૂતો દ્વારા સંયુક્ત રીતે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી. ખેડૂતોએ ફેક્ટરી પર યોગ્ય પ્રક્રિયા વિના ગંદા પાણી / પ્રદૂષકોને છોડીને, નજીકની ખેતીની જમીન, પ્રવાહો અને પર્યાવરણને પ્રદૂષિત કરીને સંમતિની શરતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. ખેડુતોએ તેમના નુકસાન માટે વળતર અને ઉપચારાત્મક પગલાં લેવામાં ન આવે ત્યાં સુધી ફેક્ટરી દ્વારા પિલાણના કામ પર પ્રતિબંધની માંગ કરી હતી.

બચાવમાં, ફેક્ટરીએ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ એક સંયુક્ત સમિતિને જાણ કરી હતી કે તેણે વેંકટેશ્વર એગ્રો સુગર પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ અને ડીવીપી ગ્રુપ (ધારાશિવ સાકર કારખાના યુનિટ ૩) પાસેથી ફેક્ટરીનો કબજો લીધો છે. ■

# થાણેમાં ડેમ પ્રોજેક્ટઃ જંગલની ૯૯૯ હેક્ટર જમીન સરકાર હસ્તગત કરશે

મુંબઇઃ મુંબઇ માટે ગરગાઇ પીવાના પાણીની યોજનાને મંજૂરી આપ્યા બાદ રાજ્યના જળ સંસાધન વિભાગે થાણે જિલ્લામાં કાલુ પાણી પુરવઠા પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ પ્રોજેક્ટ માટે ૯૯૯ હેક્ટરથી વધુ જંગલની જમીન અને ૧,૨૬૦ હેક્ટર પ્રાઇવેટ જમીન સંપાદિત કરવામાં આવશે. કાપવા માટેના વૃક્ષોની ચોક્કસ સંખ્યા હજી સુધી જાણી શકાઈ નથી.

સિંચાઇ વિભાગના ભાતસા પાણી પુરવઠા યોજનાના એક્ઝિક્યુટિવ એન્જીનીયર રવિ પવારે જણાવ્યું હતું કે ચાર કંપનીઓએ ટેન્ડર માટે અરજી કરી હતી.આ પ્રોજેક્ટ પાછળ ₹૪,૦૦૦ કરોડનો ખર્ચ થશે જે એમએમઆરડીએ ભોગવશે. છ ગામ સંપૂર્ણપણે અને અન્ય પાંચ ગામોને આંશિક રીતે હસ્તગત કરવામાં આવશે. અમે જમીન સંપાદન કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.'

એપ્રિલના મધ્યમાં નાયબ મુખ્ય પ્રધાન અને થાણાના વાલી પ્રધાન એકનાથ શિંદેએ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી અધિકારીઓને કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. જળ સંસાધન પ્રધાન ગિરીશ મહાજને પાલઘર અને થાણા કલેક્ટરો સાથે બેઠકમાં ભાગ લીધો હતો. પાલઘર કલેક્ટર કચેરીને વળતર વનીકરણ માટે જમીન શોધવાનું કહેવામાં આવ્યું હતું.

કાલુ પ્રોજેક્ટથી એમએમઆરના પૂર્વીય પેટા-ક્ષેત્રને પાણી પૂરું પાડવામાં આવશે. આ પ્રોજેક્ટ ૧,૧૪૦ મિલિયન લિટર પાણી પૂરું પાડવા માટે બનાવવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ થાણે, ભિવંડી, કલ્યાણ-ડોમ્બિવલી, ઉલ્હાસનગર, અંબરનાથ અને કુલગાંવ-બદલાપુર મ્યુનિસિપલ કોર્પોરેશન્સ / કાઉન્સિલના પાણી પુરવઠાને વધારવા માટે કરવામાં આવશે. આ બંધનું નિર્માણ કાર્ય અગાઉ કોંકણ સિંચાઈ વિકાસ નિગમના જળ સંસાધન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ ૨ માર્ચ, ૨૦૧૨થી તેના પર રોક લગાવવામાં આવી હતી. ■

# દરિયાકાંઠાના વિસ્તારોમાં જહાજ બનાવવાના કારખાનાં સ્થપાશે

મુંબઈઃ કેન્દ્ર સરકારની જહાજ નિર્માણ, સમારકામ અને રિસાયક્લિંગ નીતિને અનુરૂપ રાજ્ય સરકારે જાહેર કરેલી નીતિ અનુસાર, રાજ્યના દરિયાકાંઠે જહાજ નિર્માણ, સમારકામ અને રિસાયક્લિંગ માટેના કારખાનાઓ સ્થાપવામાં આવશે. આ માટે, સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન તરીકે ૧૫ ટકા મૂડી સબસિડી આપવાના હોવાથી ૬,૬૦૦ કરોડ રૂપિયાના રોકાણ અને ૪૦,૦૦૦ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જહાજ નિર્માણ નીતિની જાહેરાત કરતી વખતે, રાજ્ય સરકારે જહાજ નિર્માણ માટે જરૂરી સુવિધાઓ ઊભી કરવા, કાર્ગો હેન્ડલિંગનું પ્રમાણ વધારવા અને રોજગારીનું સર્જન કરવા માટે બંદર ક્ષેત્રમાં રોકાણ વધારવા માટે આ નીતિ ઘડી છે.

આ નીતિની જાહેરાત કરતી વખતે, જહાજ નિર્માણ માટે જરૂરી સુવિધાઓ ઊભી કરવા, કાર્ગો હેન્ડલિંગ વધારવા અને બંદર ક્ષેત્રમાં રોકાણ વધારીને રોજગારીનું સર્જન કરવાનો હેતુ ઘડવામાં આવ્યો છે. આ નીતિ હેઠળ, માલની મોટા પાયે નિકાસને કારણે વિદેશી ચલણના પ્રવાહને ઘટાડીને દેશના અનામતને વધારવાના પ્રયાસો કરવામાં આવશે. ■

## ઘાટકોપરમાં નાળામાંથી બાળકીને ઉગારતી વખતે યુવકે જીવ ગુમાવ્યો

મુંબઈઃ ઘાટકોપર વિસ્તારમાં બોલ લેવા માટે નાળામાં ઊતર્યા બાદ કાદવમાં ફસાઇ ગયેલી આઠ વર્ષની બાળકીને ઉગારતી વખતે ૨૮ વર્ષના યુવકે જીવ ગુમાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપરના રમાબાઇ નગર વિસ્તારમાં રવિવારે બપોરના આ ઘટના બની હતી. આઠ વર્ષની બાળકી બોલ લેવા માટે નાળામાં ઊતરી હતી અને ફસાઇ ગઇ હતી. બાળકીને નાળામાં પડેલી જોઇને ૨૮ વર્ષનો મજૂર શેહજાદ શેખ તેને બચાવવા માટે નાળામાં કૂદી પડ્યો હતો. શેહજાદ શેખે બાળકીને પકડી હતી અને બાદમાં બીજા શખસને સોંપી હતી. જોકે શેખ નાળામાં કાદવ તેમ જ કચરામાં ફસાઇ ગયો હતો અને ડૂબી ગયો હતો. શેખને પોલીસ અને અગ્નિશમન દળના જવાનોની મદદથી નાળામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

## ગેરકાયદે વિરોધ પ્રદર્શનઃ ૧૦૦થી વધુ સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રા વિસ્તારમાં પરવાનગી વિના યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ ૧૦૦થી વધુ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.મુંબ્રામાં છ સ્થળે વિરોધ પ્રદર્શન કરવા બદલ પોલીસે શનિવારે એફઆઇઆર દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ પ્રતિબંધાત્મક આદેશ લાગુ કરવામાં આવ્યા હોવા છતાં ૧૬ મેના રોજ વિરોધ પ્રદર્શનો થયાં હતાં. આ વિરોધ પ્રદર્શનોમાં ૧૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને પ્રતિબંધાત્મક આદેશનું ઉલ્લંઘન થયું હતું.વિરોધ પ્રદર્શનો માટે કોઇ પરવાનગી આપવામાં આવી નહોતી. ■



## ત્રિરંગા યાત્રાની ઉજવણીઓ ખોટી

મુંબઈ: ભાજપની ત્રિરંગા યાત્રાની પરોક્ષ ટીકા કરતા મનસેના નેતા અમિત ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી છે કે તેઓ ઓપરેશન સિંદૂર પછી રાજકીય પક્ષોને ઉજવણી રેલીઓ યોજવાથી પરાવૃત કરે. વડા પ્રધાનને સંબોધિત પત્રમાં અમિત ઠાકરેએ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી તાજેતરમાં થયેલી લશ્કરી કાર્યવાહી દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને બલિદાનની પ્રશંસા કરી હતી. જો કે, તેમણે એવી ચેતવણી પણ આપી હતી કે પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ સૂચવે છે કે યુદ્ધવિરામને વિજય ન સમજવો જોઈએ.


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૭૪)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૧૫૯૩૨-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૯૫૨)

### ૧૭. જગ્યા આપવી છે

**NAPEANSEA ROAD**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૭૨)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૦૧)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### રત્નાગિરિ-ગઢચિરોલીમાં

થયા હતા અને તેમને સારવાર માટે રત્નાગિરિની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મૃતકોની ઓળખ મિતાલી વિવેક મોરે (૪૩), નિહાર વિવેક મોરે (૧૯), મેઘા પરમેશ પરાડકર (૨૨), સૌરભ પરમેશ પરાડકર (૨૨) અને શ્રેયશ સાવંત (૨૩) તરીકે થઇ હતી. મિતાલી મોરેના પિતાનું અવસાન થયું હોવાથી બંને પરિવારના સભ્યો અંતિમસંસ્કાર માટે દેવરૂખ જઇ રહ્યા હતા. દરમિયાન ગઢચિરોલી જિલ્લામાં રવિવારે બપોરે હાઇવે પર ટ્રક સાથે કાર ટકરાતાં ચાર જણ મૃત્યુ પામ્યા હતા, જેમાં રાજેન્દ્ર નૈતમ (૪૫), વિનોદ કટવે (૪૫), સુનીલ વૈરાગડે (૫૫) અને અનિલ સાતપુતે (૫૫)નો સમાવેશ હતો. ચારેય ગઢચિરોલીના રહેવાસી હતા.

મૃતકો કારમાં ચારમોશીથી આશથી ખાતે જઇ રહ્યા હતા ત્યારે ચારમોશી હાઇવે પર યુ-ટર્ન લેતી વખતે તેમને અકસ્માત નડ્યો હતો. કારમાં હાજર ત્રણ જણનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે એકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ચારેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી.

### વિઝા મળ્યા હોવા છતાં

અથવા સેવાની ઉણપ ગણી શકાય નહીં. ટ્રાન્સજેન્ડર ફરિયાદી વ્યક્તિ અને અન્યોએ ટ્રાવેલ એજન્સી દ્વારા પાંચ દિવસની ટૂર બુક કરાવી હતી, જેમાં વિઝા, મેડિકલ, વીમા ટિકિટ, હોટલ બુકિંગ સહિતની સમગ્ર પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, સમાધાન થયા બાદ એજન્સીનું નામ ફરિયાદમાંથી દૂર કરવામાં આવ્યું હતું. પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ ફરિયાદી અને અન્ય લોકો દુબઈ પહોંચ્યા ત્યારે વિઝા ચેકિંગ અધિકારીએ તેમને એમ કહીને અટકાવ્યા હતા કે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને દુબઈમાં પ્રવેશવાની મંજૂરી નથી.

મુંબઈની તાત્કાલિક રિટર્ન ફ્લાઈટ ખરીદવાની ફરિયાદીને ફરજ પાડવામાં આવતા ફરિયાદીએ યુએઈ કોન્સ્યુલેટ પાસેથી જાહેરમાં માફી માગવી, રિટર્ન ફ્લાઈટ માટે રૂ.૧,૪૦,૫૪૩, દુબઈ ટૂર પેકેજ માટે રૂ.૫,૧૯,૭૧૯, માનસિક સતામણી બદલ વળતર પેટે રૂ.૨૦ લાખ તેમજ મુકદ્દમા ખર્ચ પેટે રૂ.૧૦,૦૦૦નું રિફંડ માગ્યું હતું. રેકોર્ડ પરના દસ્તાવેજો જોયા પછી, કમિશને નોંધ્યું હતું કે યુએઈના અધિકારીઓએ ફરિયાદીને માન્ય વિઝા જારી કર્યા હોવા છતાં, દુબઈના ઇમિગ્રેશન અધિકારીઓ ટ્રાન્સજેન્ડર વ્યક્તિને પ્રવેશ આપવાનો ઇનકાર કરી શકે છે. (પીટીઆઈ)

### કૃષિ લોન આપતી વખતે

ફડણવીસે જણાવ્યું હતું. 'ભારતીય રિઝર્વ બેંકે પણ કૃષિ લોન અંગે સ્પષ્ટતા જારી કરી છે. જો કોઈ બેંક શાખા સિબિલનો આગ્રહ રાખે છે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે,' એમ ફડણવીસે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં યોજાયેલી ૧૬૭મી રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (એસએલબીસી)ની બેઠક દરમિયાન ચેતવણી આપી હતી. મુખ્ય પ્રધાને રાષ્ટ્રીયકૃત બેંકોને આ વર્ષના લોન વિતરણના લક્ષ્યોને પૂર્ણ કરવા અને કૃષિ ધિરાણ કવરેજને વિસ્તૃત કરવા માટે વિશેષ પ્રયાસો કરવા સૂચના આપી હતી. બેઠક દરમિયાન, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મહારાષ્ટ્ર માટે રૂ. ૪૪.૭૬ લાખ કરોડની ધિરાણ યોજના મંજૂર કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, ખેડૂતો રાજ્યની કરોડરજ્જુ છે અને કૃષિ અર્થતંત્રનો એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. કૃષિને અવગણવું સ્વીકાર્ય નથી. તેથી રાષ્ટ્રીયકૃત બેંકોએ કૃષિ લોન વિતરણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હવામાન વિભાગ દ્વારા સારા વરસાદની આગાહી સાથે, આ વર્ષે પાક સારો થવાની અપેક્ષા છે. આવી સ્થિતિમાં બેંકોએ ખેડૂતોને વધુ સહાય પૂરી પાડવી જોઈએ. સારો વરસાદ કૃષિ વિકાસને વેગ આપે છે, જે બેંકો અને ખેડૂતો બંનેને લાભ આપે છે, એમ ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્ય કૃષિ માટે રોકાણ નીતિ લાગુ કરી રહ્યું છે અને બેંકોએ સક્રિયપણે ભાગ લેવો જોઈએ કારણ કે તેમની મુખ્ય ભૂમિકા છે, તેમણે ઉમેર્યું કે આ ક્ષેત્ર માટે રૂ. ૫,૦૦૦ કરોડનું વાર્ષિક રોકાણ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

### કોરોનાને કારણે

૨૦૨૫થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં કોરોના દર્દી ખૂબ ઓછી સંખ્યામાં નોંધાયા છે પણ મે મહિનાથી નજીવો વધારો જણાઈ રહ્યો છે પણ નાગરિકોએ ડરવાની જરૂર નથી. વિદેશમાં કોરોનાના દર્દીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તેથી પાલિકા સંચાલિત હૉસ્પિટલોમાંની સેવન હિલ્સમાં ૨૦ બેડ એમઆઈસીયુ, ૨૦ બેડ નાના બાળકો અને ગર્ભવતી મહિલા માટે તેમ જ ૬૦ સામાન્ય બેડ તૈયાર રાખવામાં આવ્યા છે. તેમ જ કસ્તુરબા હૉસ્પિટલમાં બે આઈસીયુ બેડ અને ૧૦ બેડ વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

## સંસ્થા સમાચાર

### શૈક્ષણિક સહાય માટે અપીલ

શ્રી ચંદાબેટીજી મહારાજ મદન મોહનજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સહાય માટે અરજી મગાવવામાં આવી છે. ધોરણ ૧ થી ૧૦ મા સરકાર માન્ય શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ જેમને ૪૫ ટકા કે તેથી વધુ માર્ક્સ આવ્યા હોય તેમને અરજી કરવાની રહેશે. આપેલી લિંક https://cbmmadanmohanlalji.org/form.php પરથી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. ફોર્મમાં જરૂરી વિગતો ભરીને ૧૫ જૂન સુધી ટ્રસ્ટની ઑફિસમાં પોસ્ટ કે કુરિયર દ્વારા પહોંચાડવાનું રહેશે.

### સામૂહિક દીક્ષા

વિલેપાર્લાના શ્વે. મૂ.જૈન સંઘના આંગણે ત્રણ મુમુક્ષુઓએ સામૂહિક દીક્ષા લીધી હતી. આ.શ્રી વિજય શ્રમણચંદ્ર સૂરિજી મહારાજ, આ.શ્રી વિજય વિમલ કીર્તિ સૂરીજી મહારાજ, આ.શ્રી વિજય કલ્યાણ હેમસૂરિજી મહારાજની શુભ નિશ્રામાં હજારો શ્રાવક-શ્રાવિકાની હાજરીમાં ત્રણેય મુમુક્ષુઓએ પરમાત્માના પંથે પ્રસ્થાન કર્યું.

### ગિરગાંવ કેળેવાડી ઉત્સવ મંડળ દ્વારા સાંઈ ભંડારા

ચર્નીરોડ સ્ટેશનની નજીક ગિરગાંવ કેળેવાડી ઉત્સવ મંડળના ૧૦૧ વર્ષ પૂર્ણ થતાં સત્યનારાયણ પૂજા, આરતી અને સાંઈ ભંડારાનું આયોજન કર્યું હતું. લોકોના સથવારે આ કાર્યક્રમ સફળ થયો હતો.

### ભગવાન મહાવીરના નવકાર મહામંત્ર દ્વારા સમસ્યાનું સમાધાન

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, પચાસ ચાતુર્માસની સફળ યાત્રા કરનારા પ.પૂ. વડીલ મુનિરાજજી શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. ના શુભ હસ્તે તાજેતરમાં કલ્યાણના શ્રી પદ્માવતી જૈન સોસાયટીમાં શ્રીકલ્યાણકારી રાજસ્થાન જૈન સંઘ આરાધના ભવનમાં અનેક ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતોનાં શુભઆશિષ પ્રાપ્ત 'જીતો' સંસ્થાના સેવાભાવી ભામાશાહ સેવાભાવી રત્નની અનુમોદના સાથે ભગવાન મહાવીરના આધ્યાત્મિક પ્રેરણાદાયક-આત્મજાગૃતિ નવકાર મહામંત્ર જેનાથી વિશ્વની દરેક સમસ્યાના સમાધાન મળે છે. તેને સંકલનકાર કરનારા જૈન દિલીપ પૃથ્વીરાજ પરમાર દ્વારા પ્રકાશિત 'નવકાર મહામંત્ર' પુસ્તક વિનામૂલ્ય જૈનની પાઠશાળા વિદ્યાર્થી, શ્રાવક-શ્રાવિકાઓને વિતરણ કરી હતી. પ.પૂ. મુનિરાજજી શ્રી હેમકીર્તિવિજયજી મ.સા. અને શ્રી પ્રીતિયશ વિજયજી મ.સા. આદિ ઠાણાની નિશ્રા હતી.

### વિધાનભવનના

ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન અને સ્વીચબોર્ડમાં ફેલાઈ ગઈ હતી. જોકે આગને તરત નિયંત્રણમાં લેવામાં આવી હતી.

વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે આગ બાબતે જણાવ્યું હતું કે વિધાનભવનના પ્રવેશ દ્વાર પાસે સ્કેનિંગ મશીન પાસે મામૂલી આગ લાગી હતી. જે તરત બુઝાવી દેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં તે શોર્ટ સર્કિટને કારણે થઈ હોવાનું માનવામાં આવે છે. વિધાનભવનની બિલ્ડિંગ સુરક્ષિત છે અને તેમાં કોઈ ટેક્નિકલ સમસ્યા નથી. આ ઘટના બાદ જોકે વિધાનભવન બિલ્ડિંગ સહિતના પરિસરમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે નહીં તેનું નિરીક્ષણ ચોક્કસ કરવામાં આવશે.

### 'પ્રેમી'એ મહિલાની

મોં દબાવવામાં આવ્યું હતું. બેભાન થઈ ગયેલી બાળકીને માતા અને યુવક પાલિકાની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ગુનો છુપાવવા મહિલાએ બાળકીને વાઈનો હુમલો આવ્યો હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું. દરમિયાન હૉસ્પિટલના ડૉક્ટરે બાળકીને મૃત જાહેર કરી હતી અને તેના પ્રાઈવેટ પાર્ટ્સમાં ઇજાને કારણે પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક મહિલા અને યુવકને તાબામાં લઈ પૂછપરછ કરી હતી. આકરી પૂછપરછમાં બન્નેએ ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. પોલીસે આપેલી માહિતી પછી ફોરેન્સિક અધિકારીઓની એક ટીમ પુરાવા એકઠા કરવા ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસના ભાગ રૂપે બાળકી અને યુવકનાં કપડાં તાબામાં લેવાયાં હતાં.

### શરદ પવારે

કલેક્ટર અને અન્ય અધિકારીઓ પણ હાજરી આપશે,' એમ ખેડૂત પ્રતિનિધિમંડળના સભ્ય દત્તાત્રય ઝુરંગેએ જણાવ્યું હતું.

પવારે તેમને ખાતરી પણ આપી હતી કે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરશે. 'પવાર સાહેબે શરૂઆતમાં મુખ્ય પ્રધાનને જ ફોન કર્યો હતો, પરંતુ તેઓ બેઠકમાં વ્યસ્ત હતા. તેથી તેમણે અજિત પવારને ફોન કર્યો,' એમ ઝુરંગેએ જણાવ્યું હતું.

આ મહિનાની શરૂઆતમાં મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ ખેડૂતોને તેમની માંગણીઓ રજૂ કરવા વિનંતી કરી હતી, પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે એરપોર્ટ માટે જમીનનો ઇનકાર કરવો વ્યવહારુ વિકલ્પ નથી. ખેડૂતો તેમની જમીન આપવાનો સખત વિરોધ કરી રહ્યા છે અને તેમના વિરોધને કારણે પ્રસ્તાવિત એરપોર્ટ માટેનો ડ્રોન સર્વે અટકી ગયો છે.

### આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ

પ્રતિનિધિમંડળ સંયુક્ત રાષ્ટ્રમાં ગયું હતું અને હું પણ તે પ્રતિનિધિમંડળનો સભ્ય હતો. એનસીપીના વડા શરદ પવારે કહ્યું હતું કે જ્યારે આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સામે હોય છે, ત્યારે વ્યક્તિએ પાર્ટી લાઇન પર સ્ટેન્ડ ન લેવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્રે આઠ કે નવ પ્રતિનિધિમંડળો બનાવ્યા છે અને કેટલાક દેશોની પસંદગી કરવામાં આવી છે. પહલગામ હુમલા પછી પાકિસ્તાન જે કરી રહ્યું છે તેના પર ભારતનું વલણ શું છે તે જણાવવા માટે પ્રતિનિધિમંડળને વિદેશ પ્રવાસ પર મોકલવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે સંજય રાઉત જે કંઈ કહેવા માગે છે, તેમને તે કહેવાનો અધિકાર છે, પરંતુ કદાચ તેમના પક્ષના એક સભ્ય પ્રિયંકા ચતુર્વેદીનો પણ આ પ્રતિનિધિમંડળમાં સમાવેશ થાય છે. શરદ પવારે કહ્યું હતું કે સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે જોડવું જોઈએ નહીં.

શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે રવિવારે પ્રતિનિધિમંડળ મોકલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે આ 'બારાત' મોકલવાની શું જરૂર હતી. તેમણે કહ્યું હતું કે ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેનો પુત્ર વિદેશમાં ભારતનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરશે. કેન્દ્ર સરકાર પર રાજકારણ રમવાનો આરોપ લગાવતા, રાઉતે ઇન્ડિ ગઠબંધનના નેતાઓને આ પ્રતિનિધિમંડળનો બહિષ્કાર કરવાની અપીલ કરી છે. જોકે, આ પ્રતિનિધિમંડળમાં શિવસેના (યુબીટી), કોંગ્રેસ, એનસીપી (એસપી) અને ટીએમસી જેવા વિવિધ વિપક્ષી સાંસદોનો પણ સમાવેશ થાય છે.

### ચોમાસું માથે

ફેબ્રુઆરીમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ લીધો હતો અને દરમ્યાન તેમણે ૩૧ મે સુધીમાં રસ્તાના તમામ કામ પૂરા થઈ જશે એવો દાવો કર્યો હતો પણ પાલિકાએ નક્કી કરેલી મુદત મુજબ પોતાના લક્ષ્યાંકને પાર કરી શકી નથી. રસ્તાના ખોદકામ બાદ તેના કોંક્રીટાઈઝેશનના કામને લગભગ ૧૪ દિવસનો સમય લાગે છે. તેથી મુંબઈમાં ૨૦ મે બાદ કોઈ પણ રસ્તાને ખોદવામાં આવશે નહીં એવું અગાઉ પાલિકા કહી ચૂકી છે. તે મુજબ હવે મંગળવારે ૨૦મી મે બાદ કોઈ પણ નવા રસ્તાને ખોદવામાં આવશે નહીં અને જે રસ્તાને ખોદી મૂકવામાં આવ્યા છે તેના જ કામ કરવામાં આવશે.

પાલિકાએ આપેલા આંકડા મુજબ મુંબઈમાં હાલ ૨,૧૨૧ રસ્તાના કામ હાથમાં લેવામાં આવ્યા છે. પહેલા તબક્કામાં કુલ ૭૦૦ રસ્તાના (૩૨૦.૬૨ કિલોમીટર) અને બીજા તબક્કામાં ૧,૪૨૧ રસ્તાના (૩૭૮.૯૧ કિમી) કોંક્રીટીકરણના કામ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ચાલુ કરવામાં આવ્યા છે, જેમાં પહેલા તબક્કાના ૨૮૬ અને બીજા તબક્કાના ૭૦૮ રસ્તાના કામ પ્રગતીએ છે. ૧૮ મે સુધીમાં કુલ રસ્તામાંથી ૪૭૯ રસ્તાના કામ પૂરા થયા છે. પાલિકાના રોડ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં ૫૫૯ રસ્તાના કામ પૂરા થશે એવો અંદાજ છે. તેમાં પહેલા તબક્કાના ૩૦૪ અને બીજા તબક્કાના ૧૭૫ રસ્તાના કામનો સમાવેશ થાય છે.

પાલિકાના રોડ ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ રસ્તાના બાકી રહેલા કામ હવે ચોમાસા બાદ જ કરવામાં આવશે. તમામ કૉન્ટ્રેક્ટરોને ચોમાસા પહેલા સાઈટ્સને સલામત સ્તરે લાવવાની સૂચના આપવામાં આવી છે.

### ૧૫૫ કરોડ રૂપિયાની

ચલાવતો ફરિયાદી બિશ્વજીત રૉય પિતાના નિધન બાદ આર્થિક તંગીને કારણે જૂન, ૨૦૨૪માં નાગપુર આવ્યો હતો. મિત્ર સૂરજ ઉર્ફે પ્રીતમ કેડિયાએ રૉયની ઓળખાણ 'વેપારીઓ' બંટી શાહુ, જયેશ શાહુ, અવિનાશ શાહુ, રિશી લાખાણી, આનંદ હર્ડે, રાજેશ શાહુ, બ્રિજકિશોર મનિહાર અને અંશુલ મિશ્રા સાથે કરાવી હતી. આરોપીઓએ રૉયને નામે બજારમાં નાણાં રોકવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને મહિને નફામાં ભાગ આપવાનું વચન આપ્યું હતું. કામધંધો ન હોવાથી હતાશ રૉયે આ માટે સંમતિ દર્શાવી હતી અને પોતાનાં આધાર અને પૅન કાર્ડ આપ્યાં હતાં. તેણે અનેક દસ્તાવેજો પર હસ્તાક્ષર પણ કર્યા હતા. પછી તેને રાજેશ શાહુની માલિકીના વાઠોડા સ્થિત ગોદામમાં રહેવાની સગવડ કરી આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે ત્રીજી ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ અવિનાશ શાહુએ રૉયના નામે સિમ કાર્ડ ખરીદ્યું હતું અને પોતાની પાસે રાખ્યું હતું. ઓટીપી વેરિફિકેશન માટે જોઈતું હોવાનું કહીને શરૂઆતના નફાના ભાગ તરીકે પચીસ હજાર રૂપિયા રૉયને આપવામાં આવ્યા હતા.

આરોપીએ રૉયની ઓળખ પર પ્રમાણિક જીએસટી નંબર સાથે કંપની રજિસ્ટર કરાવી હતી. પછી એ કંપનીનાં બે ખાતાં ખોલાવ્યાં હતાં. ત્યાર બાદ વાસ્તવિક વ્યવહાર કર્યા વિના સામાન માટે નકલી ઈન્વોઈસીસ તૈયાર કરાયાં હતાં. વિવિધ વ્યવસાયમાંથી પેમેન્ટ પ્રાપ્ત કરીને રકમ ઉપાડી લેતા અને રોકડમાં વળતર ચૂકવીને કાયદેસર વેપાર કરતા હોવાનું દર્શાવતા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. ૯ સપ્ટેમ્બરથી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ૯૬.૩૯ કરોડ રૂપિયાના વ્યવહાર કરાયા હતા. આ જ રીતે મિથુન રાજપાંડેની ઓળખનો ઉપયોગ કરીને ઊભી કરાયેલી કંપની મારફત ૫૯.૫૧ કરોડ રૂપિયાના વ્યવહાર કરાયા હતા.રૉયને તેના નામનો ઉપયોગ ગેરકાયદે ટ્રાન્ઝેક્શનમાં થયો હોવાની જાણ થતાં આરોપીઓએ આર્થિક વ્યવહાર બંધ કરી દીધા હતા અને રૉયને ધમકી આપી હતી. રૉયની ફરિયાદને આધારે ડીસીપી રાહુલ મકનીકરે તપાસના આદેશ આપ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચે પ્રાથમિક તપાસ બાદ ચાર આરોપી બંટી શાહુ, જયેશ શાહુ, રિશી લાખાણી અને બ્રિજકિશોર મનિહારની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ મેંઘર, હાલ વિરાર, સુધીરભાઈ પટેલ (ટકીભાઈ) (ઉં. વ. ૬૦) ગુરુવાર, તા. ૧૫-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતિબેન ધીરજલાલ પટેલના પુત્ર. સવિતાબેનના પતિ. તૃપ્તિ, ઉર્વશીના પિતા. વિશાલના સસરા. જયંતીભાઈ, હસમુખભાઈ, કિશોરભાઈ, મણીભાઈ, સ્વ. ચંપાબેન, શુલીબેન, જોસનાબેનના ભાઈ. સાલેજ નિવાસી મંછાબેન મંગળદાસના જમાઈ. પુષ્પાણી સોમવાર, તા. ૨૬-૫-૨૫ના ૩થી ૫. બી-૧૦૪, બારોંડા દેવી અપાર્ટમેન્ટ, ફૂલપાડા રોડ, માઉન્ટમૈરી સ્કૂલની સામે, વિકાસ નગરી, વિરાર (ઈસ્ટ).

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

ગામ ઉસરડ (શિહોર) હાલ મુંબઈ શ્રી ચંદ્રકાંત (ઉં.વ. ૬૭) રવિવાર, તા. ૧૮-૫-૨૫ના કૈલાસવાસ પામ્યા છે. તે સ્વ. અરુણાબેન (અંજુબેન) ક્રિપાશંકર કાનજી જાનીના પુત્ર. દક્ષાના પતિ. વૈભવ-સુરભિ, જીતના પિતા. સુરજ, રિયાના દાદા. સ્વ. મુકુંદરાય પ્રાણશંકર બધેકા (વલ્લભીપુર)ના જમાઈ. સ્વ. હર્ષદભાઈ, પુનીતા જી. જોષી, મીના કે. જોષી, હર્ષા આર. ઉપાધ્યાય, દીક્ષિત, પ્રવિણા, પ્રીતિના ભાઈ. સ્વ. રવિશંકર શિવશંકર રાવલના ભાણેજ. સાદડી તા. ૨૨-૫-૨૫, ગુરુવારે ૪થી ૬. સ્થળ: સુક્કર પંચાયત હોલ, આર.એ. કે. રોડ, વડાલા, મુંબઈ. ઉત્તરક્રિયા રામ વાડી, ભાવનગર મુકામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાવરાઈ ભાટીયા**

હરેશ વલ્લભદાસ ઠક્કર (ઉં. વ. ૭૮) રવિવાર, તા. ૧૮-૫-૨૫ના અવસાન પામેલ છે. તે ઉષાબેન હરેશ ઠક્કરના પતિ. તે સ્વ. સરોજ વલ્લભદાસના પુત્ર. તે સ્વ. દિપીકા મહેશ શેઠના ભાઈ. અ. સૌ. હિમાની ગૌતમ ડેંગળે, અ. સૌ. જાગૃતિ ચિરાગ રાવલ, અ. સૌ. શિવાની કશ્યપ ભાટીયાના પિતાશ્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ગુગળી બ્રાહ્મણ**

પ્રભોધભાઇ જે. દવે. (ઉં. વ. ૮૪) ૧૮.૦૫.૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવનાબેનના પતિ. દેવાંગ દવે તથા અ.સૌ. રાજુલ ગાંધીનાં પિતાશ્રી. અ.સૌ. જીગીષા દવે તથા દેવાંગ ગાંધીના સસરાજી. ચિ. રાહિલના નાના. તેમની પ્રાર્થનાસભા ૨૧.૦૫.૨૫ બુધવારના ૪ થી ૬. વર્ધમાન સ્થાનક જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી.રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, હિતેશ વડોદરિયા (ઉં. વ. ૬૬) તા.૧૭-૫-૨૫ શનિવારના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. મુક્તાબેન હર્ષદરાય વડોદરીયાના પુત્ર. કિરણબેનના પતિ. રૂચી યશ મેહતાના પિતાશ્રી. સ્વ. દિલીપભાઈ, જ્યોતિબેન રાજુભાઈ શાહ, પ્રતિમાબેન જનકભાઈ માંડલિયાના ભાઈ. સ્વ. ગોરધનદાસ વાલજી જોશીના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

રસનાળવાળા હાલ સાન્તાક્રુઝ કનૈયાલાલ હરજીવનદાસ ભુવાના ધર્મપત્ની અ.સૌ. રસિલાબેન (ઉં. વ. ૮૬) તે સ્વ. ઈચ્છાબેન હરજીવનદાસ કમળશી મહેતાના પુત્રવધૂ. દિનેશ-પ્રીતિ, રાજેશ ઉતમા, મીરા, અ.સૌ. વર્ષા સંજય દોશીના માતુશ્રી. પિયરપક્ષે શિહોરવાળા સ્વ.પુરીબેન વ્રજલાલ સુખલાલ મુનીના દિકરી તા.૧૭-૦૫-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૦-૦૫-૨૫ને મંગળવારે ૫ થી ૭. ખાર એજ્યુકેશન સોસાયટી એમ.એમ. પયુપીલ સ્કૂલ, ખાર પોલીસ સ્ટેશન પાસે, એસ.વી. રોડ, ખાર વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ સાયન, સ્વ. તારાબેન કાંતિલાલ કપાસીના પુત્ર મધુકરભાઈ (ઉં.વ. ૭૮) તે દક્ષાબેનના પતિ. દીપમ અને યોમી જોશલભાઈ દફતરીના પિતાશ્રી. તેઓ મહેશભાઈ, નલીનીબેન બિપિનભાઈ મહેતા, સ્વ. સુશીલાબેન હેમંતભાઈ ખોખાણી, ચંદ્રિકાબેન નરેશભાઈ ઘેલાણીના ભાઈ. ધનલક્ષ્મીબેન રસીકલાલ મોદીના જમાઈ. કશ્યપ અને અમીતના કાકા. તા. ૧૭-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦-૫-૨૫, મંગળવાર, સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ). ૪.૩૦થી ૬.૦૦.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન હરીરામભાઈ રામજીભાઈ ખાર ગુંદીયારીવાળાના પુત્ર વસંતભાઈ (સુભાષ) (ઉં.વ. ૭૪) તે ગીતાબેનના પતિ. તે સ્વ. ભાવિકના પિતાશ્રી. તે સ્વ. ગંગાબાઈ હીરજીભાઈ કારિયા વાયોરવારાના જમાઈ. તે સૌ. વિભાબેન વિઝલભાઈ અરવિંદભાઈ સોલંકીના પપ્પા/સસરા. તે ગં.સ્વ. લીલાવંતીબેન તુલસીદાસભાઈ, સૌ. ભારતીબેન સુર્યકાંતભાઈ, સૌ. આશાબેન મધુભાઈ તથા સ્વ. સરસ્વતીબેન તુલસીદાસ બાયડ, ગં.સ્વ. શેનતારાબેન-રમણીકલાલ શેઠ તથા સ્વ. શાંતાબેનના દેવર/ભાઈ. તા. ૧૮-૫-૨૫, રવિવારના મુલુંડ મધ્યે શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવારના ૫.૩૦થી ૭.૦૦. ગોપુરમહોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડૉ. આર.એન. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

સ્વ. મુલજી વેરશી દાવડા (ઉં.વ. ૮૫) ગામ વાયોર હાલે કાંદિવલી, રવિવાર, તા. ૧૮-૫-૨૫ના શ્રી રામશરણ પામેલ છે. તે રૂક્ષમની દાવડાના પતિ. તે સ્વ. પ્રાગજી, સ્વ. મથરાદાસ, સ્વ. બેબીના ભાઈ, તે દિલીપ, ચેતન તથા રીટા જ્યોતિર્મયના પિતા. તે પ્રીતિ અને હર્ષિતાના સસરાજી. ચિંતન અને ઈશાનિકાના દાદાજી. અર્પિતા અને કીર્તનના નાનાજી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**ઘોઘારી વીશા ઓશવાળ જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ મલાડ, જયાલક્ષ્મી શાહ (ઉં. વ. ૮૬) તે ધીરજલાલ હીરાચંદભાઈ શાહના ધર્મપત્ની. હિતેષ, મિતેષ (લાલુ), જયશ્રી અનિલકુમાર, અલકા અમિતકુમાર, વર્ષા જયેશકુમારના માતુશ્રી. અ. સૌ. નીપા, દિપાલીના સાસુ. પરીન, રાજ, દર્શન, શૈલી, નિકીના દાદી. સ્વ. કાંતિલાલભાઇ, સ્વ. ફુલચંદભાઈ, સ્વ. પૂનમચંદભાઈ, સ્વ. પ્રતાપભાઇના નાનાભાઈના પત્ની. પાલીતાણા નિવાસી સ્વ. રતિલાલભાઇ ભાઈચંદભાઈની દીકરી. તા.૧૮/૦૫/૨૫ના રવિવાર અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**વિજાપુર સત્તાવીસ જૈન**

ગેરીતા વતની હાલ મુંબઈ, સ્વ. સુરેન્દ્રભાઈ કેશવલાલ દેવચંદનાં પત્ની પ્રવિણાબેન (ઉં. વ. ૭૮) તે લોદરા વતની રતિલાલ ત્રિકમલાલ શાહની પુત્રી. બીજલ અને પ્રણવનાં મમ્મી. ગુણવંત, મનોજ, સુધા, દીપિકાની બહેન. મિલન અને રીમાનાં સાસુ. વિયાના, દીયા અને દીલનનાં દાદી-નાની, રવિવાર દિનાંક ૧૮ મેના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખરના પરેશ લક્ષ્મીચંદ ગાલા (ઉં. વ. ૫૫) ૧૮-૫-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી દમયંતીબેન લક્ષ્મીચંદના સુપુત્ર. દીપાના પતિ. સ્વ. આસ્થા, વ્યોમના પિતાશ્રી. કમલેશ,હરેશ, સ્વ. હીનાના ભાઇ. ભાનુમતી લક્ષ્મીચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપા પરેશ ગાલા, ૯૦૪, સત્ય સ્વરૂપ, કાર્ટર રોડ નં. ૨, સાવીત્રીબાઇ ફુલે હોસ્પીટલની સામે, બોરીવલી (ઇસ્ટ).

પ્રાગપુર હાલે સાંગલીના ઉષાબેન રમણીકલાલ સંગોઈ (ઉં. વ. ૬૨) તા.૧૮-૫-૨૫ ના સવારના અવસાન પામ્યા છે. લાછબાઈ ગોવિંદજી કેશવજી સંગોઈના પુત્રવધૂ. પૂજાના માતુશ્રી. નાગલપુરના લક્ષ્મીબેન દામજી ઠાકરશીના પુત્રી. કલ્પના, નંદા, ગિરીશ, કિરણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમણીકલાલ ગોવિંદજી, કસ્તુરી એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૩, ગુલમોહર કોલોની, સાંગલી-૪૧૬૪૧૬.

બિદડા (ગેલાણી ફરિયો)ના સુશીલાબેન પોપટલાલ છેડા (ઉં. વ. ૭૯) તા. ૧૮-૫-૨૫ના અવસાન પામ્યા છે. પોપટભાઇનાં ધર્મપત્ની. હીરબાઈ/કેસરબાઈ તેજપાર પાલણના પુત્રવધૂ. પંકજ, રાજેશ, કુમુદ, દક્ષાના માતુશ્રી. તલવાણાના ભાણબાઈ પ્રેમજી મેઘજી દેઢિયાના સુપુત્રી. દામજી, લક્ષ્મીચંદ, વસંત, સૂર્યકાંત, અમૃતાબેન, ભારતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પંકજ છેડા, એ-૬૦૧, સિલ્વર એપા., સે.-૭, ચારકોપ, કાંદીવલી-વે., મું-૬૭.

કપાયાના અનશનવ્રતધારી ગંગાબેન પ્રાગજી સંગોઈ (ઉં. વ. ૯૦) તા. ૧૮.૫.૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. પ્રાગજી કુંવરજીના ધર્મપત્ની. દેવકાબેન કુંવરજી વીરજીના પુત્રવધૂ. પ્રભા, શશીકાંત, નિરંજન, જ્યોતી, મીનાના માતુશ્રી. લાખાપરના હરશી હીરજીના પુત્રી. વાંકીના હાંસબાઈ દેવજી, નાનબાઈ રામજી, ધનજીના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સુવઈના સ્વ. અમૃતબેન કરશન અખેરાજ સત્રા (ઉં.વ.૭૩) રવિવાર, તા. ૧૮-૫-૨૫ના થાણા મધ્યે અરિહંતશરણ પામેલ છે. સ્વ. નામાબેન અખેરાજના પુત્રવધૂ. કરશનના ધર્મપત્ની. ગૌતમ, જિતેન્દ્ર, મનીષા, દિપ્તીના માતુશ્રી. જ્યોતિ, કવિતા, સુરેશ, અતુલના સાસુજી. તીર્થ, ચૈત્ય, વિરાંશીના દાદી. સુવઈના સ્વ. દિવાળીબેન કોરશી છેડાના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠેઃ ૬૦૧, ગ્રીષ્મા રેસીડેન્શી, બિલ્ડિંગ નં. ૨, એ-વિંગ, મેન્ટલ હોસ્પિટલની સામે, થાણા-વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંપાબેન વનરાવનદાસ શાહના પુત્ર હર્ષદરાયના ધર્મપત્ની મનિષાબેન શાહ (ઉં.વ. ૭૯) તા. ૧૭-૫-૨૫, શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે અર્પા વિપુલભાઈ, ધરતી તપનભાઈ, ઉર્પલ કિર્તીભાઈના માતુશ્રી. સ્વ. શાંતાબેન મગનલાલ ગાંધીના દીકરી. સ્વ. ધીરુભાઈ, સ્વ. નગીનભાઈ, સ્વ. મુકુંદભાઈ, સ્વ. રસિકભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. વિનુમતીબેન રતિલાલ, સ્વ. કલાબેન અરવિંદકુમાર, સ્વ. સુચ્ચુબેન નવીનચંદ્ર, હંસાબેન પ્રવીણચંદ્રના ભાભી. સિદ્ધિકા, વિદીત, નિર્વિક, સમીક, નીમયના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૨-૫-૨૫, ગુરુવારના ૫.૦૦થી ૭.૦૦. આંગણ ક્લાસિક હોલ, કેન્ટ ગાર્ડન એપાર્ટમેન્ટ, ટી.પી.એસ. ૫૧ રોડ, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

માળિયા (હાટીના) નિવાસી હાલ સુરત, સ્વ. શારદાબેન વસંતરાય પારેખના સુપુત્ર હસ્તીન (ઉં.વ. ૫૫) તા. ૧૬-૫-૨૫ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રીતિના પતિ. હર્ષના પિતાશ્રી. સ્વ. નીતિનભાઈ, સ્વ. જસ્મીનાબેન, રચનાબેન ગૌરાંગકુમાર ગાંધી તથા કીર્તિબેન તુષારકુમાર દેસાઈના ભાઈ. સાસરીયા પક્ષે કોકિલાબેન કનકરાય મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નૂતન સાડત્રીશ વિશા શ્રીમાળી જૈન**

સમી નિવાસી હાલ કાંદિવલી, શ્રી જેસીંગલાલ માણેકલાલ ઝવેરી (ઉં.વ. ૧૦૧) સ્વ. પ્રભાબેનના પતિ, સ્વ. હસમુખભાઈ, ચંપકભાઈ, રજનીભાઈ, મહેન્દ્રભાઈના પિતાશ્રી. શ્રી નરપતભાઈ, સ્વ. અસુમતિબેન, સ્વ. લીલાવતીબેન, સ્વ. ભાનુબેનના ભાઈ. તે સુશીલાબેનના જેઠ. વિપુલ, વિજય, હિતેશ, પીયુષ, અભય, અનંત, પારસ, કલ્પેશ, તેજશ, મોનીલ, મીહીકા, મીસ્કા, સાયસાના દાદા. સમી નિવાસી સ્વ. કેશવલાલ, સ્વ. કાંતિલાલ, સ્વ. રમણિકભાઈના બનેવી. સોમવાર, તા. ૧૯-૫-૨૫ના રોજ અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ૨૬મી મેએ વડા પ્રધાન મોદી કચ્છની મુલાકાતે, મીરજાપરમાં એક વિશાળ જનસભા સંબોધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૬મી મેના રોજ કચ્છની મુલાકાતે આવશે, જેને પગલે લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વડા પ્રધાન મોદી ભુજ નજીક મીરજાપરમાં એક વિશાળ જનસભાને સંબોધશે. આ જનસભાને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને ભાજપના કાર્યકરો રાત-દિવસ એક કરીને કામ કરી રહ્યા છે.

વડા પ્રધાનની મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થાને પણ ચુસ્ત બનાવવામાં આવી રહી છે. સભા સ્થળની આસપાસના વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પણ સભા સ્થળની મુલાકાત લઈને તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, કચ્છના સાંસદ વિનોદ ચાવડા, કલેક્ટર અને સ્થાનિક ધારાસભ્યો સહિતના અગ્રણીઓએ પણ સભા સ્થળની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. સભા સ્થળ પર વિશાળ ડોમ બનાવવામાં આવી રહ્યો છે અને બેઠક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમના સ્થળ, મંડપ વ્યવસ્થા, આમંત્રિત મહેમાનો તથા જનમેદની માટે બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, શૌચાલય, સુરક્ષા વ્યવસ્થાપન, વીજળી સહિતની તૈયારી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરીને પ્રભારીમંત્રીને પૂર્વ તૈયારીઓ અંગેની વિગતોથી અવગત કર્યા હતા. આ સાથે જ પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ તથા ખાતમુહૂર્ત થનારા કામની સંભવિત યાદી સાથે સમગ્ર કાર્યક્રમની તૈયારીની રૂપરેખા રજૂ કરી હતી.

પ્રભારીમંત્રીએ કચ્છ વહીવટીતંત્રના સમગ્ર આયોજન તથા કામગીરી માટે નિમણૂક થયેલી વ્યવસ્થાપન સમિતિઓની જાણકારી મેળવીને સૂચારૂ આયોજન અંગે જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સૂંડા, ડીપીએ ચેરમેન સુશીલકુમાર સિંગ, પ્રાંત અધિકારી અનિલ જાદવ, આગેવાન દેવજીભાઇ વરચંદ તથા સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ કચેરીઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# આજથી ચંડોળા તળાવ ડિમોલીશન પાર્ટ-૨ શરૂઃ અઢી લાખ ચો.મી. જમીન ખુલ્લી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવની આસપાસ થયેલાં દબાણો દૂર કરવા ફેઝ-૧ની કામગીરી પૂર્ણ થયા બાદ મંગળવારથી ફેઝ-૨ની કામગીરી શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. ફેઝ-૨ની કામગીરી માટે પોલીસ દ્વારા ૩૦૦૦ પોલીસ ઓફિસર અને કર્મચારીઓનો બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. ૨૫ એસઆરપી કંપની પણ બંદોબસ્તમાં જોડાશે. પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ ડિમોલીશનની ફેઝ-૨ની કામગીરીમાં કુલ અઢી લાખ ચોરસ મીટર જમીન પર થયેલાં દબાણો દૂર કરાશે. ફેઝ-૨ની દબાણ હટાવની કામગીરી મંગળવારે સવારે ૭ વાગ્યાથી શરૂ થશે. જે જગ્યા પર ડિમોલીશન થવાનું છે ત્યાં હાલ જે લોકો રહે છે તેને મકાનો ખાલી કરી દેવા માટે માઈક મારફત મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ કાર્યવાહી અંગે અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, ચંડોળા તળાવ આસપાસ જે દબાણો થયા છે તેને દૂર કરવા માટે ફેઝ-૧ની કામગીરી થયા બાદ મંગળવાર (૨૦ મે)થી ફેઝ-૨ની કામગીરી શરૂ કરવાની છે. ફેઝ-૨ની કામગીરી ત્રણ થી ચાર દિવસ ચાલે તેવી શક્યતા છે. ચંડોળા તળાવ આસપાસ થયેલાં દબાણો દૂર કરી અઢી લાખ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવશે. નોંધનીય છે કે, ફેઝ-૧ની કામગીરી દરમિયાન કુલ દોઢ લાખ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. પો. કમિશનરને વધુમાં જણાવ્યું હતું કે, ડિમોલીશન કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૩૦૦૦ પોલીસ ઓફિસર અને કર્મચારીઓ ઉપરાંત એસઆરપીની ૨૫ કંપનીઓ બે શિફ્ટમાં તૈનાત રહેશે. મહાનગરપાલિકા દ્વારા જ્યાં સુધી ફેઝ-૨ ડિમોલીશનની કામગીરી ચાલશે ત્યાં સુધી પોલીસનો બંદોબસ્ત રહેશે. ■

# દાહોદ મનરેગા કૌભાંડ કેસમાં પ્રધાન બચુ ખાબડના નાના દીકરા કિરણની પણ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ મનરેગા કૌભાંડની તપાસમાં પોલીસે ગુજરાતના પંચાયત રાજ પ્રધાન બચુ ખાબડના નાના દીકરા કિરણની પોલીસે ધરપકડ કરી હતી. શનિવારે બળવંત ખાબડની ધરપકડ બાદ સોમવારે વહેલી સવારે કિરણ ખાબડની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે કિરણ ખાબડને વડોદરા-હાલોલ હાઇવે પરથી પકડી પાડ્યો હતો. તેને પોલીસ સ્ટેશનમાં લઈ જઈ પૂછપરછ કરવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ, દાહોદમાં મનરેગા યોજના હેઠળ ૭૧ કરોડના કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. દેવગઢ બારિયા તેમજ ધાનપુર તાલુકામાં મનરેગા યોજનામાં કૌભાંડ મુદ્દે ૩૫ એજન્સી સામે ફરિયાદ નોંધાઈ છે. આ એજન્સીઓમાં પ્રધાનના પુત્ર બળવંત ખાબડ અને કિરણ ખાબડની એજન્સીનો પણ સમાવેશ થાય છે. આ કૌભાંડમાં કામ ન થવા છતાં નાણાંની હેરફેર અને ખોટા દસ્તાવેજો દ્વારા ફંડનો દુરુપયોગ કરાયો હોવાનો આક્ષેપ છે. દાહોદ બી ડિવિઝન પોલીસ મથકે આ મામલે નિયામક દ્વારા ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં મંત્રીના બંને પુત્રો સહિત અન્ય અધિકારીઓની સંડોવણી બહાર આવી. કૌભાંડમાં સંડોવાયેલા અન્ય લોકોની શોધખોળ પણ ચાલુ છે. આ કૌભાંડ રાજ્યમાં રાજકીય અને પ્રશાસન સ્તરે ભારે ચર્ચાનો વિષય બન્યો છે અને આ કેસનાં પરિણામો રાજ્યની રાજકીય પરિસ્થિતિ પર ઊંડો પ્રભાવ પાડી શકે છે. ■

# રાજકોટમાં ૩૮ બુટલેગરના ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ બુલડોઝર એક્શન



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ગૃહ વિભાગ તરફથી ગુનેગારોના ગેરકાયદે દબાણો દૂર કરવા માટે રાજ્યભરની પોલીસને સૂચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં પોલીસે અનેક બુટલેગરોના ગેરકાયદે બાંધકામને તોડી પાડ્યાં છે.

જે અન્વયે ૧૯મી મે ૨૦૨૫ વહેલી સવારથી રાજકોટ શહેરમાં ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શહેરના રૈયાધાર પરશુરામ ટેકરી નજીક ડિમોલિશન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં બુટલેગરોના ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ બુલડોઝર એક્શન શરૂ કરવામાં આવ્યું હતું સોમવારે સવારે રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સાથે ૩૮ બુટલેગરોના ૫૫ જેટલાં ગેરકાયદે દબાણો તોડી પાડવામાં આવ્યાં હતાં. પોલીસે વહેલી સવારે ૭ વાગ્યાથી રાજકોટ કોર્પોરેશન અને પીજીવીસીએલના અધિકારીઓને સાથે રાખી ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને કુલ ૩૮ ગુનેગારે ૬.૫૨ કરોડ કિંમતના ૨૬૧૦ ચોરસ મીટર જગ્યા પર કરેલાં દબાણને દૂર કરવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીઓ વિરુદ્ધ હત્યા, હત્યાનો પ્રયાસ, ધાડ, લૂંટ, મારામારી અને પ્રોહિબિશન સહિતના ગુના નોંધાયેલા છે. જેમાં અમુક આરોપીઓ સામે ૧૦થી વધુ ગુના દાખલ થયેલા છે અને પાસાની કાર્યવાહી પણ થયેલી છે. ■

# અમદાવાદના જમાલપુરમાં ૭૦૦ વર્ષ જૂનું ત્રિકમજીનું મંદિર ભૂમાફિયાઓએ વેચી દેતા સાત લોકો સામે ફરિયાદ, બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ૭૦૦ વર્ષ જૂના પ્રાચીન ત્રિકમજી મંદિરની કરોડો રૂપિયાની જમીન ભૂમાફિયાઓએ ગેરકાયદે કબજે કરી બારોબાર વેચી દીધી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. સાત લોકો વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં બેની ધરપકડ કરવામાં આવી હોવાનું ગાયકવાડ હવેલી પોલીસ મથકે જણાવ્યું હતું. આ સાત ભૂમાફિયાઓએ બોગસ દસ્તાવેજ અને ઠરાવ પસાર કરીને ચેરિટી કમિશનરના તાબાની જમીનનો બોગસ વેચાણ દસ્તાવેજ તૈયાર કર્યો હતો.

ત્રિકમજી મંદિર પર ગેરકાયદેસર કબજા બદલ બાબુ શાહ, મોહમ્મદ અસગર પઠાણ, નિઝામુદ્દીન શેખ, મોહમ્મદ બિલાલ શેખ, જીશાન કાદરી, રોહન કાદરી અને સદ્દામ હુસૈન કુરેશી વિરુદ્ધ ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ અંગે વસ્ત્રાપુર બહુમાળી ભવન મંદિર ટ્રસ્ટ નોંધણી કચેરીના નિરીક્ષક બ્રિજેશ પરમારે ફરિયાદ નોંધાવી હતી.

આ મામલા અંગે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ત્રિકમજી મંદિરમાં વર્ષ ૧૯૬૬માં ચેરિટી કમિશનર દ્વારા ચાર ટ્રસ્ટીની નિમણૂક કરાઈ હતી. વર્ષ ૧૯૯૯ માં મંદિરની જમીન સહજ ઓનર્સ એસોસિએશન વતી બાબુલાલ શાહને વેચાણ કરવામાં આવી હતી. આ જમીન વેચાણ પહેલા ચેરિટી કમિશનરની મંજૂરી લીધી ન હતી. તેથી ચેરિટી કમિશનર દ્વારા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો.

સીટી સિવિલ કોર્ટના ચુકાદા વિરુદ્ધ સહજ ઓનર્સ એસો. વતી બાબુલાલ શાહે ૨૦૧૧ માં હાઈકોર્ટમાં દાવો કર્યો હતો. કોર્ટમાં દાવો પેન્ડિંગ હોવા છતાં ૨૦૧૬માં ખોટા ઠરાવ કરી વહીવટદાર મોહમ્મદ પઠાણે પોતે અશક્ત હોવાનું બહાનું બતાવી વહીવટદાર તરીકે શેખ નિઝામુદ્દીનની નિમણૂક કરી હતી. વધુમાં નિઝામુદ્દીન શેખના પૌત્ર બિલાલ હનીફ શેખે દસ્તાવેજ કરવા માટે અરજી કરી હતી. આ જમીન નિઝામુદ્દીન શેખે પોતાના પૌત્ર બિલાલ અને તેના મળતિયાઓને વેચી દીધી હતી. ■

# મધમાખી પાલનને પ્રોત્સાહન આપવા રાજ્યના ખેડૂતોને વિવિધ યોજના હેઠળ ₹ ૮૭૬ લાખથી વધુની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી અને સજીવ સૃષ્ટિમાં મધમાખીઓ તેમજ અન્ય પરાગરજકોના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૨૦મી મેના દિવસને વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં મધમાખી પાલન વ્યવસાય ખેડૂતોની સમૃદ્ધિના નવા દ્વાર ખોલી રહ્યો છે. મધમાખી પાલનનો વ્યવસાય બમણું યોગદાન આપીને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

કૃષિપ્રધાન રાઘવજી પટેલે આ સંદર્ભે કહ્યું હતું કે, આજે ખેડૂતો ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે મધમાખી પાલનને અપનાવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં મધમાખી પાલન કરતા ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. મધમાખી પાલનનો વ્યાપ વધતા ગુજરાતમાં મધુક્રાંતિની મીઠી શરૂઆત થઇ છે.

મધમાખીઓ બાગાયતી પાકોના ઉત્પાદનમાં પરાગનયનની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ થાય છે. તે છોડના પરાગ કણોને એક છોડમાંથી બીજા છોડમાં લઈ જવામાં મદદ કરે છે, જેના પરિણામે બાગાયતી પાકોનું ઉત્પાદન વધે છે. આ ઉપરાંત, મધમાખી પાલન વ્યવસાયનો ખર્ચ ઓછો અને નફો વધુ હોવાથી ખેડૂતોને મધના ઉત્પાદનથી સારી આવક પણ મળે છે. પરિણામે ખેડૂતોને મધ અને સારા બાગાયતી ઉત્પાદનનો બમણો લાભ મળે છે.

ભારત સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓના સમન્વયથી રાજ્યમાં મધમાખી પાલન કરતા ખેડૂતોને અત્યાર સુધીમાં કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં મધમાખી સમૂહ કોલોની વસાવવા માટે ૧,૨૪૫ લાભાર્થીઓને રૂ. ૪૧૮ લાખ, મધમાખી હાઇવ્સની ખરીદી માટે ૧,૨૩૪ લાભાર્થીઓને રૂ. ૪૧૫ લાખ, હની એક્સટ્રેક્ટર માટે ૩૧૭ લાભાર્થીઓને રૂ. ૩૩ લાખ અને બી-બ્રીડર દ્વારા મધમાખી સમૂહના ઉત્પાદન માટે રૂ. ૯ લાખ મળીને કુલ રૂ. ૮૭૬ લાખથી વધુની સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે.

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં મધમાખી પાલનનો વ્યાપ વધે, રોજગારીની તકો વધે અને આદિજાતિ ભાઈઓ પણ મધમાખી પાલન દ્વારા વધારાની આવક મેળવી શકે તે હેતુથી રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને વિનામૂલ્યે મધમાખીની હાઇવ્સ તથા કોલોની પૂરી પાડવાની યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના આશરે ૫,૩૦૦ લાભાર્થીઓને પ્રતિ લાભાર્થી બે મધમાખીની પેટીઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સરળતાથી મધમાખી પાલન શરૂ કરી શકે.

ગુજરાતના ઘણા ખેડૂતો મધમાખી પાલનથી મધ, મીણ, પ્રોપોલીસ, બી-વેનમ, રોયલ જેલી જેવી પેદાશોનું વેચાણ કરીને આર્થિક રીતે સક્ષમ બન્યા છે. મધમાખી ઉછેરમાં રસ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવામાં આવી રહી છે. મિશન મધમાખી હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના ૧૧,૩૦૦ જેટલા લાભાર્થી ખેડૂતોને મધમાખી ઉછેરની અદ્યતન તાલીમ આપવામાં આવી છે. ■


શ્રદ્ધાંજલિ



બીરેન દિનેશ શાહ

જન્મ : ૧૮/૦૩/૧૯૬૪

મરણ : ૨૦/૦૫/૧૯૯૯

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ભુલાશે નહીં,
એક વ્યક્તિત્વ ક્યારેય વિશરાશે નહીં,
જેમનું નામ સતત હૃદયમાં ગુંજ્યા કરે,
ફૂલ બની મહેક્યા કરે,
એ પુણ્યશાળી આત્મા કદી વિશ્રાસે નહીં

લિ. મિલન દિનેશ શાહ
તથા પરિવાર
M: 9821936787







# સુરતમાં દુષ્કર્મ કેસમાં વોર્ડ નંબર આઠના ભાજપના મહામંત્રીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં વોર્ડ નંબર ૮ના ભાજપના મહામંત્રી સામે યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી હતી. કુલ બે લોકોની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ તેમને પક્ષના પ્રાથમિક તથા સક્રિય અને તમામ પદ ઉપરથી તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સુરતના જહાંગીરપુરા પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાઈ હતી. વેડરોડ વિસ્તારમાં રહેતા આદિત્ય ઉપાધ્યાય અને ગૌરવ સિંહ સામે ગુનો નોધવામાં આવ્યો હતો. યુવતીની ફરિયાદ અનુસાર બંને આરોપીએ યુવતીને ડુમસ ફરવા જઈએ તેમ કહી કોઈ અન્ય બીચ પર લઇ ગયા હતા જ્યાં કોલ્ડ્રીકસમાં અને પાણીમાં કોઈક કેફી પીણું પાઈને બેશુદ્ધ કરી હતી. હોટલમાં લઇ જઈ ગૌરવ અને આદિત્યએ વારાફરતી યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. આ ઘટનાએ સુરતના રાજકારણમાં ચકચાર જગાવી છે કારણ કે આરોપી આદિત્ય ઉપાધ્યાય સુરતના વોર્ડ નંબર ૮ના ભાજપના મહામંત્રી હતા આ ગુનો નોંધાયો બાદ તેમને પક્ષના પ્રાથમિક તથા સક્રિય અને તમામ પદ ઉપરથી તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ડીસીપી રાકેશ બારોટએ જણાવ્યું હતું કે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં એક બળાત્કાર સબંધી રજૂઆત મળી હતી. જે અનુસંધાને ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં ભોગ બનનાર દ્વારા બે આરોપીઓ હોવાનું જણાવતા ગેંગરેપની કલમ મુજબનો ઉમેરો કરવામાં આવ્યો છે. ■


# રાજયમાં આગામી ૨૧ અને ૨૨ તારીખે માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ વિસ્તારમાં બુધવારથી હળવો વરસાદ પડવાની હવામાન ખાતાએ આગાહી કરી હતી. રાજ્યના અન્ય વિસ્તારોની માફક અમદાવાદ અને ગાંધીનગરમાં ગુરુવારથી હળવા વરસાદનું આગમન થવાના પણ સંકેતો અપાયા છે. મહત્ત્વનું છે કે, કેટલાક વિસ્તારમાં વરસાદની સાથેસાથે પ્રતિ કલાકે ૪૦થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાના પણ સંકેતો આપવામાં આવ્યા છે.

આગાહી મુજબ બુધવારે ૨૧ તારીખના રોજ સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપીમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. ■


Tribute to
LATE SHRI KISHOR MEHTA
Founder Permanent Trustee For Life
Whose vision built more than just Lilavati Hospital, he built a legacy.



16th October 1938 - 20th May 2024

You envisioned a future where every life is valued and turned it into a sanctuary of healing. Under your guidance, Lilavati Hospital expanded to a place where science meets soul. We carry your mission forward, with the compassion and courage you instilled in us.

Forever in our hearts,
The Lilavati Hospital Family

Loving Husband to
Smt. Charu Kishor Mehta
(Founder Permanent Trustee for Life)

Doting Father to
Shri Rajiv K Mehta (Permanent Trustee)
Shri Rajesh K. Mehta (Permanent Trustee)
Shri Prashant K. Mehta (Permanent Trustee)

Trustees
Shri Sanjay Shroff Shri Kiran Shah Shri Tatyaba Palve Shri Chetan Joshi
Shri Mohit Mathur Shri Saurav Sharma Shri Kunal Shah

Lilavati Hospital and Research Centre
More than Healthcare, Human Care




# ગિલ-સુદર્શનનો પાકિસ્તાન જેવો વર્લ્ડ રેકોર્ડ

## ગુજરાતે વિકેટ ગુમાવ્યા વગર ૨૦૦ રન બનાવી લીધા, ટી-૨૦ ફોર્મેટમાં બીજો જ બનાવ

નવી દિલ્હી: દુશ્મન દેશ પાકિસ્તાન સાથે ભારતની કે ભારતીય ક્રિકેટરોની કોઈપણ પ્રકારની સરખામણી કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી, પરંતુ ખેલકૂદમાં તો કંઈ પણ બની શકે.

રવિવારે ૨૦૨૨ની ચેમ્પિયન ગુજરાત ટાઇટન્સે દિલ્હી કેપિટલ્સ સામે એક પણ વિકેટ ગુમાવ્યા વગર ૨૦૦ રનનો ટાર્ગેટ મેળવી લીધો હતો. ૨૫ વર્ષ જૂના ટી-૨૦ ફોર્મેટમાં કોઈ ટીમે ૨૦૦ રનનો કે ૨૦૦-પ્લસનો લક્ષ્યાંક એક પણ વિકેટ ગુમાવ્યા વગર મેળવી લીધો હોય એવું રવિવારે બીજી જ વખત બન્યું. ટી-૨૦ પ્રોફેશનલ લીગમાં તો આવું પહેલી જ વાર બન્યું.

ગુજરાત ટાઇટન્સે પાકિસ્તાનની રાષ્ટ્રીય ટી-૨૦ ટીમ જેવો વિશ્વ વિક્રમ રવિવારે નોંધાવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૨માં કરાંચીમાં ઇંગ્લેન્ડની પ્રવાસી ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૯ રન બનાવીને પાકિસ્તાનને ૨૦૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. પાકિસ્તાને ૧૯.૩ ઓવરમાં વિના વિકેટે ૨૦૩ રન કરીને વિજય મેળવી લીધો હતો.

એ જીતમાં પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમ (અણનમ ૧૧૦, ૬૬ બોલ, પાંચ સિક્સર, અગિયાર ફોર) અને મોહમ્મદ રિઝવાન (અણનમ ૮૮, ૫૧ બોલ, ચાર સિક્સર, પાંચ ફોર)ની ઓપનિંગ જોડીએ પાકિસ્તાનને વિજય અપાવ્યો હતો.

રવિવારે દિલ્હીમાં અક્ષર પટેલના નેતૃત્વમાં દિલ્હીની ટીમે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૯ રન કર્યા હતા. ગુજરાતે જવાબમાં ૧૯ ઓવરમાં એકેય વિકેટ ગુમાવ્યા વગર ૨૦૫ રન કરીને જીત હાંસલ



કરી હતી. એમાં કેપ્ટન શુભમન ગિલ (અણનમ ૯૩, ૫૩ બોલ, સાત સિક્સર, ત્રણ ફોર) અને સાઈ સુદર્શન (અણનમ ૧૦૮, ૬૧ બોલ, ચાર સિક્સર, બાર ફોર)ના મહત્ત્વના યોગદાન હતા.

બંને મેચની સરખામણી કરીએ તો જેમ કેપ્ટન બાબર પાકિસ્તાનની વહારે આવ્યો હતો અને રિઝવાન સાથે ૨૦૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી એમ રવિવારે ગિલ ગુજરાત ટાઇટન્સની વહારે આવ્યો અને સાથી ઓપનર સુદર્શન સાથે તેણે ૨૦૫ રનની અતૂટ પાર્ટનરશિપ કરી હતી.

ગુજરાત ટાઇટન્સ (વિના વિકેટે ૨૦૫ રન) અને પાકિસ્તાન (વિના વિકેટે ૨૦૩ રન), આ બે ઇનિંગ્સને બાદ કરતા ટી-૨૦ જગતમાં ક્યારે કોઈ દેશની ટીમ કે કોઈ પ્રોફેશનલ લીગની ટીમે વિના વિકેટે ૨૦૦ રનના લક્ષ્યાંકની સિદ્ધિ નથી મેળવી.

**ગુજરાતના વિજયથી બેંગલૂરુ-પંજાબને જલસા**

ગુજરાત (૧૮ પોઇન્ટ)ની ટીમ પોઇન્ટ્સ ટેબલમાં પ્રથમ નંબરે પાછી આવી ગઈ. દિલ્હી સામે જીતીને ગુજરાતની ટીમ પ્લે ઑફમાંમાં પહોંચી ગઈ, પરંતુ બેંગલૂરુ (૧૭) અને પંજાબ (૧૭)ને પણ આપોઆપ પ્લે ઑફમાં આવી જવા મળ્યું.

**હવે એક સ્થાન માટે ત્રણ ટીમ વચ્ચે હરીફાઈ**

ગુજરાત, બેંગલૂરુ અને પંજાબ પ્લે ઑફમાં પહોંચી ગયા છે જ્યારે ચોથા અને છેલ્લા સ્થાન માટે હવે મુંબઈ (૧૪ પોઇન્ટ), દિલ્હી (૧૩) તથા લખનઊ (૧૨) વચ્ચે હરીફાઈ થશે.

**મુંબઈની મેચ હવે ક્યારે?**

મુંબઈની હવે એક જ લીગ મેચ બાકી છે જે બુધવાર, ૨૧મી મેએ સાંજે ૭:૩૦ વાગ્યાથી વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી સામે રમાશે. પ્લે ઑફમાં પહોંચવા આ મેચ બંને ટીમ માટે 'કરો યા મરો' જેવી છે. ■

# આઈપીએલ પ્લેઓફની રેસમાંથી બહાર થઇ લખનઉ સુપરજાયન્ટ્સ, હૈદરાબાદનો છ વિકેટથી વિજય

લખનઉ: ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૬૧મી મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનઉ વચ્ચે રમાઈ હતી. હૈદરાબાદે આ મેચ ૬ વિકેટે જીતી લીધી. આ હાર બાદ પ્લેઓફમાં પહોંચવાની લખનઉની આશા પર પાણી ફરી વળ્યું હતું. આ મેચમાં ટોસ જીત્યા બાદ હૈદરાબાદે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા લખનઉએ માર્શ અને માર્કરમની અડધી સદીની મદદથી હૈદરાબાદને ૨૦૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં હૈદરાબાદે ૧૯મી ઓવરમાં મેચ જીતી લીધી હતી. ૨૦૬ રનના જવાબમાં હૈદરાબાદની શરૂઆત સારી રહી ન હતી. દિગ્વેશે બીજી જ ઓવરમાં અથર્વની વિકેટ લીધી હતી. અથર્વએ ફક્ત ૧૩ રન કર્યા હતા. પરંતુ આ પછી અભિષેક શર્મા અને ઈશાન કિશને શાનદાર બેટિંગ કરી હતી. બંનેએ ઝડપી ગતિએ રન કર્યા હતા. અભિષેકે માત્ર ૧૮ બોલમાં સતત ત્રણ છગ્ગા ફટકારીને ફિફ્ટી પુરી કરી હતી. અભિષેક શર્માની વિકેટ ૮મી ઓવરમાં પડી ગઈ. અભિષેકે ૫૯ રનની ઇનિંગ રમી હતી. ૧૨મી ઓવરમાં ઇશાન કિશન પણ આઉટ થયો હતો. તેને દિગ્વેશ સિંહ રાઠીએ આઉટ કર્યો હતો. કિશને ૩૫ રનની ઇનિંગ રમી. આ પછી હેનરિક ક્લાસેન અને કમિન્ડુએ શાનદાર બેટિંગ કરી હતી. ક્લાસેને ૪૭ રનની ઇનિંગ રમી હતી. હૈદરાબાદની ટીમ પહેલાથી જ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. પહેલા બેટિંગ કરવા આવેલા લખનઉની શરૂઆત શાનદાર રહી હતી. મિશેલ માર્શ અને એડન માર્કરમે તોફાની શરૂઆત કરી હતી. મિશેલ માર્શે માત્ર ૨૮ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. લખનઉએ માત્ર ૯ ઓવરમાં ૧૦૦ રનનો આંકડો પાર કરી લીધો હતો. પરંતુ લખનઉને પહેલો ઝટકો ૧૧મી ઓવરમાં લાગ્યો જ્યારે હર્ષ દુબેએ મિશેલ માર્શની વિકેટ લીધી હતી.. માર્શે ૩૯ બોલમાં ૬૫ રનની ઇનિંગ રમી હતી. ઋષભ પંત ફરી ફ્લોપ રહ્યો હતો. તે માત્ર ૭ રન કરીને આઉટ થયો હતો. માર્કરમે ૨૮ બોલમાં અડધી સદી ફટકારી હતી. આ સીઝનમાં આ તેની ૫મી અડધી સદી હતી. માર્કરમે ૩૮ બોલમાં ૬૧ રનની તોફાની ઇનિંગ રમી હતી. નિકોલસ પૂરને ૨૬ બોલમાં ૪૫ રન ફટકાર્યા હતા. ■

# ભારતને જુનિયર વર્લ્ડ કપ જિતાડનાર સ્મિત પટેલે અમેરિકાને વિજય અપાવ્યો!

લોડરહિલ (અમેરિકા): ભૂતકાળમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતને વિજય અપાવનારામાંથી કેટલાક ખેલાડીઓ ભારતની આંતરરાષ્ટ્રીય ટીમ સુધી પહોંચી શક્યા છે, પરંતુ ઘણા પ્લેયરોને એ તક ન મળતા તેઓ વિદેશમાં સ્થાયી થઈને ત્યાંની નેશનલ ટીમ વતી રમતા હોય છે અને સ્મિત પટેલ એમાંનો એક છે.

મૂળ અમદાવાદના ૩૨ વર્ષની ઉંમરના સ્મિત કમલેશભાઈ પટેલે બે દિવસ પહેલાં અહીં અમેરિકાને કેનેડા સામે જવલંત વિજય અપાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં ઉન્મુક્ત ચંદના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ જે ૨૦૧૨માં અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતી હતી એની ફાઇનલમાં સ્મિત પટેલે ભારતને વિજય અપાવ્યો હતો. ૧૩ વર્ષ પહેલાંની ઑસ્ટ્રેલિયા સામેની એ ફાઇનલમાં ભારતે જીતવા ૨૨૬ રન કરવાના હતા, પરંતુ ૯૭ રનમાં ચાર વિકેટ ગુમાવી



દીધી હતી ત્યારે સ્મિત પટેલ બેટિંગમાં આવ્યો હતો અને ફટકાબાજીથી અણનમ ૬૨ રન બનાવીને ભારતને યાદગાર જીત અપાવી હતી.

શનિવારની મેચ આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ લીગ-ટુ સ્પર્ધાની હતી જેમાં અમેરિકાએ સ્મિત પટેલના ચાર સિક્સર અને બાર ફોરની મદદથી બનેલા ૧૫૨ રન તેમ જ મિલિન્દ કુમારના પાંચ સિક્સર, બાર ફોરની મદદથી બનેલા અણનમ ૧૧૫ રન તેમ જ કેપ્ટન મોનાંક પટેલના છ ફોર સાથે બનેલા ૪૭ રનની મદદથી ૫૦ ઓવરમાં ત્રણ વિકેટે ૩૬૧ રન કર્યા હતા. કેનેડાની ટીમ ૧૯૨ રન બનાવી શકી હતી અને અમેરિકાનો ૧૬૯ રનથી વિજય થયો હતો.

અહીં યાદ અપાવાની કે સ્મિત પટેલ ભારતથી અમેરિકામાં સ્થાયી થયો એ પહેલાં તે ડોમેસ્ટિક ક્રિકેટમાં બરોડા, ગોવા, ગુજરાત અને ત્રિપુરા વતી રમ્યો હતો અને ૧૧ સેન્ચુરીની મદદથી કુલ ૩,૨૭૮ રન કર્યા હતા. અમેરિકાની વર્તમાન ટીમમાં સામેલ મિલિન્દ કુમાર, સૌરભ નેત્રાવલકર અને હરમીત સિંહ પણ ભારતમાં ડોમેસ્ટિક ક્રિકેટ રમ્યા બાદ અમેરિકામાં સ્થાયી થયા છે. ■

# આજે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપરકિંગ્સ ટકરાશે, સન્માન બચાવવા મેદાનમાં ઉતરશે બંને ટીમો

નવી દિલ્હી: પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગયેલી અને છેલ્લા બે સ્થાનો પર રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ મંગળવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ટકરાશે ત્યારે પોતાનું સન્માન બચાવવા માટે મેદાનમાં ઉતરશે. મંગળવારની મેચ રાજસ્થાન રોયલ્સ માટે ૨૦૨૫ સીઝનની છેલ્લી મેચ છે. આ સીઝનમાં ટીમ પાસે વૈભવ સૂર્યવંશીના રૂપમાં એક અસાધારણ પ્રતિભા શોધવા સિવાય કંઈ પ્રભાવશાળી રહ્યું નથી.

હરાજીમાં બોલરોની નબળી પસંદગીઓને કારણે જયપુરની ટીમને સૌથી વધુ નુકસાન થયું છે અને આ ઉપરાંત, તેના મિડલ ઑર્ડર્સ ખેલાડીઓનું પ્રદર્શન પણ પ્રભાવશાળી રહ્યું નથી. જો રાજસ્થાન રોયલ્સ ૧૦ ટીમોના ટેબલમાં નવમા સ્થાને છે, તો તેનું મુખ્ય કારણ તેમના બોલરોનું સરેરાશ પ્રદર્શન અને ટોચના ક્રમના બેટ્સમેન પર તેમની વધુ પડતી નિર્ભરતા છે.

જોસ બટલરની ટીમમાંથી વિદાય અને જોફ્રા આર્ચરના ખરાબ પ્રદર્શનને કારણે રોયલ્સે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો છે. વિરોધી ટીમ પર દબાણ લાવવાની ક્ષમતા ધરાવતા સારા ભારતીય બોલરનો અભાવ પણ ટીમની એક મોટી નબળાઈ રહી છે.

જો મુંબઈ ઈન્ડિયન્સની ટીમ વાપસી કરવામાં સફળ રહી તો તેનું સૌથી મોટું કારણ સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને ટ્રેન્ટ બોલ્ટ હતા. જો ગુજરાત ટાઇટન્સ મજબૂત સ્થિતિમાં છે તો તે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાને કારણે છે જેમણે મળીને ૩૦થી વધુ વિકેટ લીધી છે.

રાજસ્થાન ટીમ સાથે વર્તમાન સીઝનમાં આવું જોવા મળ્યું નથી. તેણે રવિવારે પંજાબ કિંગ્સ સામેની મેચમાં બેટિંગમાં શાનદાર શરૂઆત કરી હતી, જ્યારે તેણે પ્રથમ પાંચ ઓવરમાં ૭૦થી વધુ રન ફટકાર્યા હતા પરંતુ ટીમ હજુ પણ મેચ હારી ગઈ હતી. ટીમ સન્માન માટે રમી શકે છે અને પોતાના અભિયાનનો અંત જીત સાથે કરી શકે છે.

ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહી છે અને વર્તમાન સીઝનમાં અજમાવેલા ખેલાડીઓને સામેલ કરવાનો તેનો જૂની ફોર્મ્યુલા સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે, જેના કારણે ટીમના પ્રદર્શન પર ખરાબ અસર પડી છે. સુપર કિંગ્સને રાહુલ ત્રિપાઠી અને દીપક હુડા પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. ભારત માટે રમવાના અનુભવે તેને ફ્રેન્ચાઇઝી સાથે કરાર કરાવ્યો હશે, પરંતુ દબાણની પરિસ્થિતિઓમાં તે સતત મેચ જીતવાનું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા છે.

આયુષ મ્હાત્રે, શેખ રશીદ અને ઉર્વિલ પટેલ જેવા યુવા ખેલાડીઓના આગમનથી ટીમને ફાયદો જરૂર થયો છે. ૨૦ વર્ષીય મ્હાત્રે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ સામે સદી ફટકારવાની નજીક પહોંચ્યો હતો અને સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઇન્ડિયન્સ સામે પણ સારો દેખાવ કર્યો હતો. પટેલ ટીમમાં મોડેથી જોડાયો હતો પરંતુ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ધમાકેદાર ઇનિંગ રમીને તેમણે પોતાની ક્ષમતા દર્શાવી હતી. તેણે અત્યાર સુધી જે કર્યું છે તેને આગામી સીઝનનું ટ્રેલર કહી શકાય.

કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ જતાં ટીમની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. ઘણા લોકોને આશા હતી કે ધોનીના કેપ્ટન તરીકે પાછા ફરવાથી ટીમનું નસીબ બદલાઈ જશે પરંતુ આટલા મર્યાદિત સંસાધનોમાં તે પણ કંઈ ખાસ કરી શક્યો નહીં. ડેવોન કોનવે અને રચિન રવિન્દ્ર જેવા વિદેશી ખેલાડીઓ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી પરંતુ સુપર કિંગ્સ માટે કંઈ કામ ન આવ્યું. ■

# એશિયા કપમાંથી ટીમ ઈન્ડિયાના હટવાના સમાચાર અટકળો અને કાલ્પનિક: બીસીસીઆઇ સચિવ

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બૉર્ડ (બીસીસીઆઇ)એ સોમવારે એવા અહેવાલોને ''અટકળો અને કાલ્પનિક'' ગણાવ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બીસીસીઆઇએ પુરુષોના એશિયા કપ અને મહિલા ઇમર્જિંગ ટીમ એશિયા કપમાંથી હટવાનો નિર્ણય લીધો છે.

સૂત્રોને ટાંકીને એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે બીસીસીઆઇ ભારતીય ટીમોને બે એશિયન ક્રિકેટ કાઉન્સિલ ટૂર્નામેન્ટમાં રમવાની મંજૂરી આપશે નહીં, જ્યારે આ ક્રિકેટ સંસ્થાનું નેતૃત્વ એક પાકિસ્તાની કરી રહ્યો છે અને કેટલાક દિવસ અગાઉ બંને પડોશી દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ થયો હતો. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ પણ છે અને એસીસીના પ્રમુખનું પદ પણ ધરાવે છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત સપ્ટેમ્બરમાં ટી-૨૦ ફોર્મેટમાં રમાનારી મેન્સ એશિયા કપની યજમાની કરશે જ્યારે શ્રીલંકાને મહિલા ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપ ફાળવવામાં આવ્યો છે.

બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ''આજ સવારથી અમને કેટલાક અહેવાલો મળ્યા છે કે બીસીસીઆઈએ એશિયા કપ અને મહિલા ઇમર્જિંગ ટીમ એશિયા કપમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે. આ બંને એસીસી સ્પર્ધાઓ છે. આવા અહેવાલોમાં કોઈ સત્ય નથી કારણ કે અત્યાર સુધી બીસીસીઆઈએ એસીસીની આગામી ટૂર્નામેન્ટ અંગે કોઈ ચર્ચા કે કોઈ પગલું ભર્યું નથી, એસીસીને કંઈ લખવાનું તો દૂરની વાત છે.''

સૈકિયાએ કહ્યું હતું કે બીસીસીઆઈ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) અને ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણીના યોગ્ય સંચાલન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, ''હાલમાં અમારું ધ્યાન આઇપીએલ ૨૦૨૫ અને ત્યારબાદ ઇંગ્લેન્ડમાં યોજાનારી શ્રેણી પર છે, જેમાં પુરુષો અને મહિલાઓ બંનેની સીરિઝનો સમાવેશ થાય છે. એશિયા કપ અથવા અન્ય કોઈપણ એસીસી ઇવેન્ટ સંબંધિત મુદ્દો કોઈપણ સ્તરે ચર્ચા માટે આવ્યો નથી અને તેથી આ અંગેના કોઈપણ સમાચાર અથવા અહેવાલ સંપૂર્ણપણે કાલ્પનિક અને ખોટા છે. ''સૈકિયાએ કહ્યું હતું કે, ''એવું કહી શકાય કે જ્યારે પણ બીસીસીઆઇ કોઈપણ એસીસી ઇવેન્ટની ચર્ચા કરશે અને કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે ત્યારે તેની જાહેરાત મીડિયા દ્વારા કરવામાં આવશે.'' ■

# રોહિત શર્મા નાના ભાઈને વઢતા બોલ્યો, 'યે ક્યા હૈ?'

મુંબઈ: રોહિત શર્મા મેદાન પર ખેલાડીઓને વઢી રહ્યો હોય એવું ભાગ્યે જ બન્યું છે અને જવલ્લે જ જોવા મળ્યું છે, પરંતુ બે દિવસ પહેલાં તેણે તેના નાના ભાઈ વિશાલને ઠપકો આપ્યો એનો વીડિયો વાઇરલ થયો છે.



રોહિત શર્મા બે દિવસ પહેલાં વાનખેડે ખાતે મુંબઈ ક્રિકેટ એસોસિયેશનની ઇવેન્ટમાં પૂરા પરિવાર સાથે આવ્યો હતો. એ દિવસે વાનખેડેમાં ત્રણ સ્ટેન્ડને અનુક્રમે રોહિત તેમ જ અજિત વાડેકર અને શરદ પવારના નામ આપવામાં આવ્યાં હતાં.

રોહિત એ દિવસે પરિવારની કાર પર વિશાલથી જે નાનો ગોબો પડી ગયો એ તરફ વિશાલનું ધ્યાન દોરતા બોલ્યો, 'યે ક્યા હૈ?'

વિશાલે 'રિવર્સ' એટલું જવાબમાં કહ્યું. કાર રિવર્સ લેતી વખતે એ ડેન્ટ પડ્યું હોવાનું તે કહી રહ્યો હતો. રોહિત તરત સામું બોલ્યો, 'કિસ કા, તેરે સે?' રોહિત નાના ભાઈ વિશાલ પર ખૂબ ગુસ્સામાં હતો.

રોહિત ટી-૨૦ અને ટેસ્ટ છોડી ચૂક્યો હોવાથી હવે આઈપીએલ બાદ માત્ર વન-ડે મેચો જ રમશે. ■

# આજથી મલેશિયા માસ્ટરની શરૂઆત, સિંધૂ, પ્રણોયના પ્રદર્શન પર રહેશે તમામની નજર

કુઆલાલમ્પુર: સ્ટાર ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ પીવી સિંધુ અને એચએસ પ્રણોય મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી ૪,૭૫,૦૦૦ ડૉલરની મલેશિયા



માસ્ટર્સ સુપર ૫૦૦ ટૂર્નામેન્ટમાં દેશનું નેતૃત્વ કરશે ત્યારે તેઓ વધુ સારા પ્રદર્શનની આશા રાખશે.

સિંધુ અને પ્રણય બંને છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મ અને ફિટનેસની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. બંને ટીમો ગયા મહિને સુદીરમન કપમાં ઇન્ડોનેશિયા અને ડેન્માર્ક સામે પોતપોતાની મેચ હારી ગઈ હતી, જે તેમની છેલ્લી સ્પર્ધાત્મક ટૂર્નામેન્ટ હતી.

બે અઠવાડિયાના વિરામ પછી આ બંને અનુભવી ખેલાડીઓ એક્સિયાટા એરેના ખાતે પોતાની લય શોધવાનો પ્રયાસ કરશે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુ, જે વિશ્વમાં ૧૬મા ક્રમે છે, તે તેના અભિયાનની શરૂઆત જાપાનની નાત્સુકી નિદાઇરા વિરુદ્ધ કરશે જે વિશ્વમાં ૨૦મા ક્રમે છે. વિશ્વ રેન્કિંગમાં ૩૫મા સ્થાને સરકી ગયેલા પ્રણોયને પ્રથમ રાઉન્ડમાં પાંચમા ક્રમાંકિત જાપાનના કેન્ટો નિશિમોટો તરફથી કઠિન પડકારનો સામનો કરવો પડશે. મહિલા સિંગલ્સમાં ૨૦૨૪ હૈલો ઓપનની રનર-અપ માલવિકા બંસોડ ચીની તાઈપેઈની ચિયુ પિન-ચિયાન સામે ટકરાશે જ્યારે તાઈપેઈ ઓપન સુપર ૩૦૦ની સેમિફાઇનલમાં સ્થાન મેળવનારી ઉન્નતિ હુડાનો મુકાબલો ચીની તાઈપેઈની લિન શિયાંગ ટી સામે થશે.

આકર્ષિ કશ્યપ ઇન્ડોનેશિયાની આઠમી ક્રમાંકિત કુસુમા વરદાની સામે તેના અભિયાનની શરૂઆત કરશે. મેન્સ સિંગલ્સમાં ૨૦૨૩ ઓડિશા માસ્ટર્સ અને ૨૦૨૪ ગુવાહાટી માસ્ટર્સ ચેમ્પિયન સતીશ કરુણાકરણ ડેન્માર્કના ટોચના ક્રમાંકિત એન્ડર્સ એન્ટોનસેન સામે ટકરાશે. વર્લ્ડ જૂનિયર ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા આયુષ શેટ્ટીનો મુકાબલો કેનેડાના બ્રાયન યૈંગ સામે થશે જ્યારે પ્રિયાંશુ રાજાવત સિંગાપોરના જિયા હેંગ જેસન તેહ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ■

# સાફ અંડર-૧૯ ચેમ્પિયનશિપમાં ભારત બન્યું ચેમ્પિયન




યૂપિયા (અરુણાચલ પ્રદેશ): ભારતે રવિવારે પેનલ્ટી શૂટઆઉટમાં બાંગ્લાદેશને ૪-૩થી હરાવીને સાફ અંડર-૧૯ ફૂટબોલ ચેમ્પિયનશિપનું ટાઇટલ જાળવી રાખ્યું હતું. નિયમિત સમય પછી મેચ ૧-૧થી બરાબરી પર રહી હતી જેના કારણે પરિણામ માટે પેનલ્ટી શૂટઆઉટની જરૂર પડી હતી. ભારતે મેચની બીજી મિનિટમાં કેપ્ટન સિંગામાયુમ શામીના ગોલથી લીડ મેળવી હતી પરંતુ બાંગ્લાદેશે ૬૧મી મિનિટે મોહમ્મદ જોયના ગોલથી બરાબરી કરી હતી.

પેનલ્ટી શૂટઆઉટમાં ભારતની શરૂઆત સારી રહી ન હતી કારણ કે રોહન સિંહનો નબળો પ્રયાસ બાંગ્લાદેશના ગોલકીપરે બચાવ્યો હતો.

બાંગ્લાદેશના કેપ્ટન નઝમુલ હુદા ફૈઝલનો શોટ ક્રોસબાર ઉપરથી ગયો જેનાથી પરિણામ ભારતની તરફેણમાં આવી ગયું હતું. ભારતે બાકીની પેનલ્ટીઓને સફળતાપૂર્વક ગોલમાં ફેરવી હતી અને ગોલકીપર સૂરજ સિંહે નિર્ણાયક ક્ષણે શાનદાર પ્રદર્શન કરીને બાંગ્લાદેશને ગોલ કરવા દીધા નહોતા. ભારતના કેપ્ટન શામીએ છેલ્લી પેનલ્ટી પર ગોલ કરીને ભારતને ફરી એકવાર ચેમ્પિયન બનાવ્યું હતું. ■

# કોલકત્તા નાઈટરાઈડર્સે શિવમ શુક્લા તો બેંગલૂરુએ ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલરને ટીમમાં કર્યો સામેલ

નવી દિલ્હી: ઈન્ડિયન પ્રીમિયર લીગે સોમવારે જણાવ્યું હતું કે કોલકાત્તા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) એ પોતાના ખેલાડીઓના વિકલ્પના રૂપમાં અનુક્રમે શિવમ શુક્લા અને બ્લેસિંગ મુઝરબાનીનું નામ આપ્યું છે.

પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગયેલી નાઈટ રાઈડર્સે બાકીની મેચો માટે રોવમેન પોવેલના સ્થાને શિવમ શુક્લાને ટીમમાં સામેલ કર્યો છે. વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર પોવેલને તેના ટોન્સિલની સર્જરી કરાવવી પડશે. લેગ-સ્પિનર શુક્લા સ્થાનિક ક્રિકેટમાં મધ્ય પ્રદેશ તરફથી રમે છે અને ૩૦ લાખ રૂપિયામાં નાઈટ રાઇડર્સ સાથે જોડાશે.

દરમિયાન, આરસીબીએ લુંગી એનગિડીના સ્થાને મુઝરબાનીને પસંદ કર્યો છે. રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને કારણે એનગિડી દક્ષિણ આફ્રિકાની ટીમમાં જોડાયો છે. ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર મુઝરબાનીએ અત્યાર સુધીમાં ૭૦ ટી૨૦ મેચ રમી છે અને ૭૮ વિકેટ લીધી છે. આ ઉપરાંત તેણે ૧૨ ટેસ્ટ અને ૫૫ વનડેમાં ઝિમ્બાબ્વેનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે. તે ૭૫ લાખ રૂપિયામાં આરસીબી સાથે જોડાશે. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા




## રોકાણનાં જોખમ

# કંપની સંબંધી જોખમથી કઈ રીતે દૂર રહેવું...?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

જો બિઝનેસ સારો ચાલે તો તેનો સ્ટોક આપોઆપ સારો ચાલવા માંડે છે.

*- વૉરેન બફેટ*

૨૪ ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસની આ વાત મને આજે પણ બરાબર યાદ છે. એ દિવસે હું એક ટીવી સ્ટુડિયોમાં શો માટે રેકોર્ડિંગ કરી રહ્યો હતો ત્યારે 'તાતા સન્સના ચેરમેનપદેથી સાયરસ મિસ્ત્રીને બરતરફ કરવામાં આવ્યા છે' એવા સમાચારના ફ્લેશ ન્યૂઝ ટીવી સ્ક્રીન પર ઝળક્યા.. એ જ સાંજે મારે બીજો પણ લાઇવ શો કરવાનો હતો, પરંતુ તે રદ કરવામાં આવ્યો. શોના નિર્માતાએ મને ફોન પર તેની જાણ કરતાં કહ્યું: 'અમે સાયરસ મિસ્ત્રીની હકાલપટ્ટીની અસરો વિશે ચર્ચા કરવાના છીએ....'

દેખીતી વાત છે કે એ દિવસના એ બ્રેકિંગ ન્યૂઝ હતા.

એ ઘટના બાદ 'ઇન્ફોસીસ લિમિટેડ'ના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર વિશાલ સિક્કા અને કંપનીના સ્થાપક સભ્યો વચ્ચેના મતભેદ બહાર આવ્યા.

પહેલી ઘટનાને પગલે 'તાતા ગ્રુપ'ની અનેક કંપનીઓના સ્ટોકના ભાવ ઘટી ગયા. બીજા કિસ્સામાં પણ 'ઇન્ફોસીસ લિમિટેડ'ના સ્ટોકનું મૂલ્ય ઘટી ગયું.

આવા બનાવ પહેલી વાર બન્યા હોય એવું નથી. અગાઉ અંબાણી બંધુઓ છૂટા થયા એ વખતે પણ શેરધારકોના વિશ્વાસ પર પ્રતિકૂળ અસર થઈ હતી.

આ બધી ઘટનાઓ કંપની સંબંધી રિસ્ક (કોંગ્લોમરેટ રિસ્ક)નાં ઉદાહરણ છે. તેને અમુક હદ સુધી ઘટના સંબંધી જોખમ પણ કહી શકાય છે. જો કે, એ ઘટનાઓ કંપનીને લગતી હોવાથી તેમને કંપની રિસ્ક કહેવાનું જ ઉચિત ગણાશે.

અહીં નોંધવું રહ્યું કે સરળતાથી અને સારી ચાલતી કંપની કે ઉદ્યોગસમૂહમાં પણ એવું કંઈક બની શકે છે, જે કંપની રિસ્ક બની જાય. આવી સ્થિતિમાં રોકાણકારને સરકારી નીતિઓ, અર્થતંત્રનાં ચક્રો, કુદરતી આફતો, કાળબાહ્ય થવું, જેવા અનેક ફેરફારોને લીધે નહીં, પરંતુ કંપનીના સંચાલકોમાં વધતા મતભેદોને લીધે જોખમ ઊભું થાય છે.

ક્યારેક અદાલતના આદેશને પગલે કે પછી કુદરતી ઘટનાને લીધે કંપનીના શેરના ભાવ ઘટી શકે છે. દાખલા તરીકે, થોડાં વર્ષો પહેલાં આફ્રિકાના અમુક દેશોની સરકારોના નિર્ણયોને લીધે 'ભારતી એરટેલ લિમિટેડ્'ના આફ્રિકન સાહસને ભારે નુકસાન થયું હતું.

આપણે ઘણી વાર રોકાણકારો પાસેથી 'લગડી શેર' એવો શબ્દપ્રયોગ સાંભળીએ છીએ. તેનો અર્થ એવો થયો કે એ સ્ક્રિપમાં રોકાણ કરવાનું ઘણું સારું કહેવાય. ક્યારેક લોકો એવું પણ કહેતા હોય છે કે અમુક કંપનીના શેરમાં રોકાણ કરીને પછી ભૂલી જવાનું. તેમાં કહેવાનો ભાવાર્થ એવો હોય છે કે એ શેરમાં લાંબા ગાળા માટે રોકાણ કરવાનું હોય છે. તેનો એવો અર્થ પણ નીકળે છે કે એ રોકાણ સલામત છે.

જોકે, રોકાણકાર તરીકે આપણે કરેલાં રોકાણોને ભૂલવાં જોઈએ નહીં, કારણકે એ આપણી મહેનતની કમાણી હોય છે. આપણે જ્યારથી અલગ અલગ પ્રકારનાં જોખમોની વાત શરૂ કરી છે ત્યારથી હું કહેતો આવ્યો છું કે સંપૂર્ણપણે જોખમમુક્ત હોય એવું એકેય રોકાણ નથી. દરેક રોકાણને કોઈક ને કોઈક જોખમ લાગુ પડે છે. જોખમ હોય છે એટલે જ તો વળતર મળતું હોય છે! આથી જ જ્યારે વધારે વળતર મળવાની વાત આવે ત્યારે સમજી જવું કે જોખમ પણ વધારે છે.

કંપની રિસ્ક ફક્ત સંબંધિત કંપનીને જ લાગુ પડે છે. સામાન્ય સંજોગોમાં આ પ્રકારના જોખમને બજારની સ્થિતિ, આંતરિક કામકાજ, અકાઉન્ટિંગ નીતિઓ, ગ્રાહકનું વર્તન કે અભિગમ, કામદારોની સમસ્યા, વગેરે જેવાં પરિબળો સાથે કોઈ સંબંધ હોતો નથી. ઘણી વાર મેનેજમેન્ટમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ હોય છે અને પછી અચાનક જ જ્વાળામુખી ફાટતો હોય છે. એવા વખતે રોકાણકારો ઓચિંતા ઝડપાઈ જાય છે. એ સ્થિતિમાં એમને પોતાના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા જેટલો કે સંબંધિત રોકાણ ઉપાડી લેવા જેટલો સમય પણ મળતો નથી.

આ પ્રકારના જોખમની અસર ઘટાડવા માટે એક સોનેરી નિયમ યાદ રાખવો. ઈક્વિટીમાં રોકાણ કરો ત્યારે શક્ય હોય ત્યાં સુધી એક સ્ક્રિપમાં ૫થી ૧૦ ટકા કરતાં વધારે રોકાણ કરવું જોઈએ નહીં. મોટું ઉદ્યોગગૃહ હોય તો પણ આ વાત લાગુ પડે છે. જો રોકાણકારની ઈચ્છા હોય તો મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકાય છે. ■

# વીમા સુરક્ષાકવચ

### આજના સમયમાં...

# સુપર ટોપ અપ પોલિસી કેવી રીતે ઉપયોગી થાય?

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

આજે તબીબી ખર્ચ વધી ગયા છે ત્યારે વીમા કંપનીઓએ બહાર પાડેલી સુપર ટોપ અપ પોલિસી ઘણી ઉપયોગી સાબિત થઈ રહી છે. કોઈ બીમારી કે અકસ્માતને લીધે જો વધારે ખર્ચ થઈ જાય તો ઓછા પ્રીમિયમમાં સુપર ટોપ અપ પોલિસી સ્થિતિ સંભાળી લે છે.

મેડિક્લેમની બેઝ પોલિસી ઊંચા કવરની લેવા જઈએ તો ઘણું ઊંચું પ્રીમિયમ ચૂકવવું પડે, પરંતુ બેઝ પ્લાનની ઉપર મળતું સુપર ટોપ અપ ઓછા ખર્ચે વધુ કવર આપે છે. બેઝ પ્લાનના આરોગ્ય વીમાની રકમ (જે ડિડક્ટિબલ કહેવાય છે) વપરાઈ ગયા બાદ સુપર ટોપ અપ લાગુ પડે છે.

સુપર ટોપ અપ પોલિસી બેઝ પોલિસી આપનાર વીમા કંપની પાસેથી કે બીજી કંપની પાસેથી લઈ શકાય છે.

ઉદાહરણ તરીકે, તમે ૩ લાખ રૂપિયાનો બેઝ પ્લાન લીધો હોય અને તેની ઉપર ૧૦ લાખ રૂપિયાનો ટોપ અપ પ્લાન લઈ શકો છો. સારવારનું બિલ ૩ લાખ રૂપિયા કરતાં વધુ થઈ ગયું હોય તો તેની ઉપરની રકમ ૧૦ લાખ રૂપિયાના ટોપ અપમાંથી ચૂકવવામાં આવી શકે છે.

સુપર ટોપ અપ પોલિસી ખરીદતી વખતે આ છ મુદ્દા ધ્યાનમાં રાખવા:

**૧) રૂમ રેન્ટની મર્યાદા:**

સુપર ટોપ અપ પોલિસીમાં રૂમ રેન્ટની મર્યાદા બેઝ પોલિસી કરતાં અલગ હોય છે. મોટાભાગના સુપર ટોપ અપ પ્લાનમાં સિંગલ એર કન્ડિશન્ડ (એસી) રૂમનું ભાડું આવરી લેવાય છે, જે દરેક હોસ્પિટલમાં અલગ અલગ હોય છે. સિંગલ એસી રૂમમાં પણ અલગ અલગ શ્રેણી હોય છે. વીમા કંપની પોલિસીમાં સ્પષ્ટપણે લખીને આપે છે કે એ વાજબી અને પ્રથા પ્રમાણે લાગુ પડતા ચાર્જિસની જ ચૂકવણી કરશે. આથી વીમો લેતાં પહેલાં ગ્રાહકે ક્લેમ આવે એ સ્થિતિમાં ચોક્કસ કેટલી રકમ મળશે એની પૂછપરછ કરી લેવી જોઈએ.

**૨) વેઇટિંગ પીરિયડ:**

ગ્રાહકે ખાસ જાણવું જોઈએ કે સુપર ટોપ અપ પોલિસી માટેનો પ્રિ-

એક્ઝિસ્ટિંગ ડિસીઝ માટેનો વેઇટિંગ પીરિયડ બેઝ પોલિસી કરતાં અલગ હોઈ શકે છે. ઉપરાંત, કિડની સ્ટોન, મોતિયો કે બીજી કોઈ સર્જરી માટેના ખર્ચ સંબંધેનો વેઇટિંગ પીરિયડ પણ અલગ હોય એ શક્ય છે.

**૩) વીમો લેતી વખતની લઘુતમ અને મહત્તમ ઉંમર:**

આ પોલિસી હેઠળ ૯૧ દિવસના બાળકથી લઈને ૮૦ વર્ષની વ્યક્તિનો નવો વીમો મળી શકે છે. જોકે, બેઝ પોલિસીમાં

વીમો લેતી વખતની વ્યક્તિની ઉંમર બાબતે અમુક મર્યાદા હોય છે. આથી સુપર ટોપ અપ પોલિસી લેતી વખતે આ વાત પણ ધ્યાનમાં લેવી.

**૪) બન્ને પોલિસીઓ હેઠળ કરવાના ક્લેમ:**

બેઝ પોલિસી અને સુપર ટોપ અપ એ બન્ને હેઠળ ક્લેમ કરવાનો સમય આવે ત્યારની સ્થિતિને ઉદાહરણ દ્વારા સમજીએ:

અ) બેઝ અને સુપર ટોપ અપ પોલિસી બન્ને એક જ કંપનીની હોય ત્યારે ધારો કે સારવારનો ખર્ચ ૫ લાખ રૂપિયા થયો. વીમા કંપની સમાન હોવાથી કેશલેસ સ્કીમ હેઠળ ૫ લાખ રૂપિયાનો પૂરેપૂરો ક્લેમ ચૂકવવામાં આવશે, જેમાં ૩ લાખ રૂપિયા બેઝ પોલિસીમાંથી અને ૨ લાખ રૂપિયા સુપર ટોપ અપમાંથી ચૂકવવામાં આવશે.

બ) બેઝ અને સુપર ટોપ અપ પોલિસી બન્ને અલગ અલગ કંપનીની હોય ત્યારે ધારો કે સારવારનો ખર્ચ ૫ લાખ રૂપિયા થયો. આ સંજોગોમાં બેઝ પોલિસીમાંથી ૩ લાખ રૂપિયા ચૂકવાશે અને બાકીના ૨ લાખ રૂપિયા સુપર ટોપ અપ પોલિસીમાંથી ચૂકવાશે. સુપર ટોપ અપ પોલિસી હેઠળ ક્લેમ મેળવવા માટે દરદીને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ આવશ્યક દસ્તાવેજો સુપરત કરવાના હોય છે.

**૫ ) નેટવર્ક હોસ્પિટલ:**

જો સુપર ટોપ અપ પોલિસી બેઝ પોલિસીની કંપની સિવાયની કોઈ કંપનીની હોય તો એનું કેશલેસ હોસ્પિટલનું નેટવર્ક અલગ



હોઈ શકે છે. આથી સારવાર માટે હોસ્પિટલની પસંદગી કરતી વખતે પણ ધ્યાન રાખવું જરૂરી છે.

**૬) સમાન સમયે ખરીદી:**

બેઝ પોલિસી અને સુપર ટોપ અપ પોલિસી એક જ મહિનાની સમાન તારીખે લેવામાં આવે એ ઉત્તમ કહેવાય, કારણ કે એ સ્થિતિમાં અરજી પર પ્રક્રિયા કરતી વખતે અને ક્લેમ વખતે કોઈ તકલીફ પડતી નથી. સુપર ટોપ અપ પ્લાનમાં ડિડક્ટિબલની ગણતરી વાર્ષિક ધોરણે થાય છે. તેનો અર્થ એવો થયો કે આખા વર્ષમાં ડિડક્ટિબલ રકમ પૂરી થઈ ગયા પછી જ સુપર ટોપ અપ પોલિસી હેઠળ ક્લેમ મળે છે.

**૭.) વૈકલ્પિક કવર:**

આરોગ્ય વીમામાં ઍર ઍમ્બ્યુલન્સ, ગંભીર બીમારીઓ, પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ માટેના વેઇટિંગ પીરિયડમાં ઘટાડો, વગેરે બાબતોને આવરી લેવામાં આવે છે. આ બધી બાબતોને બેઝ પોલિસી હેઠળ આવરી લેવામાં આવે છે, પરંતુ સુપર ટોપ અપ પોલિસી હેઠળ આવરી લેવામાં આવતી નથી. એ મેળવવા માટે વધારાનું પ્રીમિયમ ચૂકવવું પડે છે.

અહીં ખાસ જણાવવું રહ્યું કે ટોપ અપ પ્લાન સુપર ટોપ અપ કરતાં સસ્તા હોય છે. સુપર ટોપ અપમાં અનેક વસ્તુઓ ઘટાડી દેવાયેલી હોય છે. આથી બેઝ પ્લાન, ટોપ અપ અને સુપર ટોપ અપ વચ્ચેના તફાવત સમજી લીધા બાદ જ પોલિસી નક્કી કરવી.

***

પ્રશ્ન: સુપર ટોપ અપ પોલિસી લેવા માટે બેઝ પોલિસી હોવી જરૂરી છે?

ઉત્તર: ના, જરૂરી નથી. બેઝ પોલિસી ન હોય તો પણ સુપર ટોપ અપ પોલિસી લઈ શકાય છે.

જોકે, સુપર ટોપ અપમાં જેટલી રકમ ડિડક્ટિબલ હોય એટલો ખર્ચ વીમાધારકે પોતાના ખિસામાંથી કરવો પડે છે. આથી, બેઝ પોલિસી લેવાનું સલાહભર્યું છે, ફરજિયાત નથી.

ડિડક્ટિબલ ઉપરાંતનો ખર્ચ આવે ત્યારે સુપર ટોપ અપ લાગુ પડે છે.

પ્રશ્ન: શું આધારભૂત આરોગ્ય વીમા પોલિસી (Base Health Policy) અને સુપર ટોપ અપ પોલિસી (Super Top-Up Policy) એ જ વીમા કંપનીમાંથી લેવી જરૂરી છે?

જવાબ: આવશ્યક નથી કે બેઝ હેલ્થ પોલિસી અને સુપર ટોપ અપ પોલિસી એ જ વીમા કંપનીમાંથી લેવાય.

તમે અલગ-અલગ વીમા કંપનીમાંથી બંને પોલિસી ખરીદી શકો છો, પરંતુ જો બંને પોલિસી એક જ વીમા કંપનીમાંથી હોય, તો ક્લેમ પ્રક્રિયા વધુ સરળ અને ઝડપભરી બની શકે છે. એક જ કંપની હોય તો દસ્તાવેજોની ચકાસણી, ક્લેમ મંજૂરી અને કેશલેસ સુવિધા મેળવવામાં સરળતા રહે છે.

જો તમે અલગ કંપનીમાંથી સુપર ટોપ અપ લો છો, તો ડિડક્ટિબલ રકમના ક્લેમ માટે વધુ દસ્તાવેજો માંગવામાં આવે છે અને વધારે માહિતી ચકાસવામાં આવે છે. તેથી ટેકનિકલી શક્ય હોવા છતાં, વાસ્તવમાં જોવાતું હોય તો એક જ વીમા કંપની પસંદ કરવી વધુ અનુકૂળ ગણાય છે. ■

# ઉનાળામાં અધોમુખશ્વાનાસનથી થતા ફાયદા

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
દિવ્ય જ્યોતીનંદન

આ આસન શરીરને સ્ટ્રેચ કરીને બ્લડ સરક્યુલેશનને વધારે સારું કરી શરીરને ઠંડું રાખવામાં મદદ કરે છે. અધોમુખશ્વાનાસન કરોડરજ્જુને મજબૂત બનાવે છે, જેનાથી પીઠના દર્દમાં રાહત મળે છે. આ આસન શરીરના નીચેના ભાગ, હાથ અને પગને સ્ટ્રેચ કરે છે જેથી શરીરની ફ્લેક્સિબિલિટી અને તાકાત વધે છે. અધોમુખશ્વાનાસન મનને શાંત કરે છે અને ચિંતા ઓછી કરવામાં મદદ કરે છે. આ આસન માથામાં બ્લડ સરક્યુલેશન વધારી વાળને પોષણ આપે છે.

આ આસન પાચન તંત્રને સુધારે છે, જેનાથી પાચનક્રિયા સારી થાય છે અને એસીડીટી તથા અપચાની સમસ્યાથી રાહત મળે છે. અધોમુખશ્વાનાસન કરવાથી હાથ અને પગના સ્નાયુઓ મજબૂત થાય છે. આ આસન શરીરનું સંતુલન જાળવી રાખવામાં મદદ કરે છે.

સૂર્ય નમસ્કારના શરૂઆતના સ્ટેપ્સ ભેળવીને શરૂ થનારું આ શરૂઆતનું યોગાસન છે. આ આસન ત્રણ શબ્દોથી મળીને બન્યું છે. આ સૌથી આસાન અને સોથી ફાયદાકારક યોગાસન છે. તેથી જે વ્યક્તિ યોગ કરવા માગે છે તેમને સૌ પ્રથમ આ જ યોગાસન કરવાની સલાહ આપવામાં આવે છે. આ આસન કરવા માટે સૌ પ્રથમ સીધા ઊભા રહેવું. બન્ને પગ વચ્ચે થોડું અંતર રાખવું. ત્યાર બાદ ધીરે ધીરે નીચે નમવું જેનાથી શરીરનો વી શેપ થાય.પગની જેમ બન્ને હાથો વચ્ચે પણ અંતર રાખવું. ઓછામાં ઓછા ૩૦ સેકન્ડ સુધી કશું જ ન કરવું અને આ જ મુદ્રામાં રહેવું.



એ દરમિયાન શ્વાસ લેતી વખતે તમારા પગની આંગળીઓની મદદથી કમરને પાછળની તરફ ખેંચવી . આ યોગાસન કરતી વખતે બને ત્યાં સુધી હાથ અને પગ વળવા ન જોઇએ.

આ આસનના ઘણા ફાયદા છે . પાચન તંત્રમાં સુધારો થાય છે, મેન્ટલ સ્ટ્રેસ ઓછું થાય છે,ડિપ્રેશન ઓછું કરવામાં મદદ કરે છે. જે મહિલાઓ પેરી મેનોપોઝમાં છે તેઓને આ આસન કરવાથી ગભરાહટ અને બેચેનીમાં રાહત મળે છે.

બીપી નોર્મલ રહે છે, સાઈટીકા અન સાયનસ જેવી બીમારીમાં થોડી રાહત મળે છે. જે મહિલાઓને મેનોપોઝ નજીક છે તેઓ જો આ આસન કરે તો મેનોપોઝ દરમિયાન થતી તકલીફોમાં રાહત મળે છે. માથું દુખવું, ઊંઘ ન આવવાની સમસ્યા , પીઠનો દુખાવો અને થાક લાગવાથી પણ રાહત મળે છે.

અધોમુખશ્વાનાસન કરતી વખતે સાવચેતી રાખવી જેમકે,

-જો પીઠમાં વાગ્યું હોય તો કયારે પણ આ આસન કરવું નહીં.

-ગર્ભવતી મહિલાઓએ આ આસન કયારે પણ કરવું નહીં.

- જો આસન કરવામાં થોડી પણ તકલીફ થતી હોય તો આ આસન કરવું નહીં.

- જો તમને પીઠમાં પહેલા કયારે પણ વાગ્યું હોય તો પણ આ આસન કરવું નહીં.

આ આસન જેટલું મહિલાઓ માટે ફાયદાકારક છે તેટલું જ પુરુષો માટે પણ ફાયદાકારક છે. મહિલાઓએ આ આસન શરૂઆતમાં પાંચ થી સાત મિનિટ સુધી જ કરવું. ધીરે ધીરે જેમ ક્ષમતા વધે તેમ ટાઈમ વધારી ૧૦ થી ૧૫ મિનિટનો કરવો. ઓછામાં ઓછું પાંચ થી સાત વખત શ્વાસ લેવો અને છોડવો . પરંતુ આ શ્વાસની પ્રક્રિયા તમારા શરીર અને ઉંમરને અનુરૂપ કરવી. યોગ ચાલુ કરતા પહેલા ડોક્ટરની સલાહ જરૂરથી લેવી. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સાદી સફેદ ખાંડ છોડીને અપનાવો નાળિયેરની ખાંડ



સફેદ 'ખાંડ'ની મીઠાશ આપણાં રોજબરોજના આહારમાં સરળતાથી સમાઈ ગઈ છે. આપણા દિલો-દિમાગમાં એવી માન્યતા ઘર કરી ગઈ છે કે ખાંડના ગળપણ વગર આપણો દિવસ ખુશનુમા બને જ નહીં. માન્યું કે સફેદ ખાંડ સ્વાસ્થ્ય માટે લાભકારક નથી. વહેલી સવારની ચા-કૉફી-ઉકાળો-ગરમાગરમ દૂધ પીવાતું હોય ત્યારે તેમાં થોડી ખાંડ હોવી જરૂરી છે. નોકરી ઉપર જતાં, લીંબુ શરબત કે ઘરે બનાવેલી લસ્સી સાથે લઈ જવા ચાહે તો તેમાં પણ સફેદ ખાંડનો ઉપયોગ થતો જ હોય છે. આપણે બધા જ જાણીએ છીએ કે ત્રણ સફેદ ખાદ્ય પદાર્થ જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેમાં ખાંડનો સમાવેશ થાય છે. (મેંદો, મીઠું, ખાંડ) તેમ છતાં તેનો ઉપયોગ ભારતીયોના રસોડામાં થતો જ આવ્યો છે. બજારમાં હવે સાદી ખાંડના વિકલ્પમાં સલ્ફરમુક્ત ખાંડ મળવા લાગી છે, તેનો ઉપયોગ અનેક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ લોકો કરવા લાગ્યા છે. તેમ છતાં ખાંડ તથા તેમાંથી બનતી વિવિધ વાનગી આરોગ્ય માટે ગુણકારી નથી. મુખ્ય કારણ જોઈએ તો ખાંડના અતિ ઉપયોગથી ટાઈપ -૨ ડાયાબિટીસ, મોટાપો તથા સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો ઊભા થવા લાગે છે. ઉપરોક્ત સમસ્યાથી બચવું હોય તો અનેક વિકલ્પ વિચારી શકાય તેમ છે. જેમ કે ખાંડને બદલે ગોળ કે ગોળના પાઉડરનો ઉપયોગ કરવો. મધનો ઉપયોગ કરી શકાય. ખાંડનો ઉપયોગ ઘટાડી દેવો. ખાંડના બીજા એક વિકલ્પ વિશે આજે માહિતી મેળવીએ. તે છે 'નાળિયેરની ખાંડ'. જે 'કૉકોનટ પામ શુગર 'તરીકે પણ ઓળખાય છે. દેખાવમાં બ્રાઉન શુગર જેવી જ હોય છે. જેમાં કુદરતી મીઠાશ સમાયેલી હોય છે.

કૉકોનટ શુગર નાળિયેરના વૃક્ષ ઉપર થતાં ફૂલના રસમાંથી તૈયાર કરવામાં આવે છે. તેને બનાવવા માટે સૌ પ્રથમ નાળિયેરના ફૂલના ભાગને ઉપરથી કાપવામાં આવે છે. જેથી તેમાંથી રસ બહાર નીકળે છે. તેને એક મોટા વાસણમાં ભેગો કરવામાં આવે છે. પાણીનો ભાગ જ્યાં સુધી સુકાઈ ના જાય ત્યાં સુધી તેને પકાવવામાં આવે છે. અંતમાં સુકાઈ ગયા બાદ નાળિયેરની ખાંડ કે જે કૉકોનટ શુગર તરીકે ઓળખાય છે તે તૈયાર થાય છે.

## ચાલો જાણી લઈએ કૉકોનટ શુગરના સ્વાસ્થ્ય લાભ

**લૉ ગ્લાઈસેમિક ઈન્ડેક્સઃ** સફેદ ખાંડની તુલનામાં નાળિયેરમાંથી બનાવવામાં આવેલી ખાંડનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. એથી તેનો અર્થ થાય છે, કૉકોનટ સુગરનો ઉપયોગ કરવામાં આવે તો લોહીમાં શર્કરાની માત્રામાં વધારો થતો નથી. ફક્ત ડાયાબિટીસની તકલીફ ધરાવતાં દર્દીઓ જ નહીં પરંતુ સામાન્ય લોકો દ્વારા નાળિયેર ખાંડનો ઉપયોગ કરવામાં આવે તો ડાયાબિટીસના ખતરાથી બચી શકાય છે.

**પૌષ્ટિકતાથી ભરપૂરઃ** પ્રકૃતિની ભેટ તરીકે નાળિયેર ઓળખાય છે. વૃક્ષમાં પોષકતત્ત્વો તથા બાયોઍક્ટિવ કમ્પાઉન્ડ સમાયેલાં હોય છે. નાળિયેરમાંથી બનાવવામાં આવતી ખાંડમાં નાળિયેરના પૌષ્ટિકગુણો તેમાં જળવાઈ રહે છે. જેમાં આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ, ઝિંક જેવાં મિનરલ્સનો સમાવેશ થાય છે. નાળિયેરમાં હોય તેના કરતાં તેમાંથી તૈયાર થતી ખાંડમાં પોષકતત્ત્વો ઘટી જાય છે. તેમ છતાં તેનો ફાયદો શરીરને મળી રહે છે. દક્ષિણ પૂર્વ એશિયામાં મુખ્યત્વે શેરડી, તાડ તથા નાળિયેરમાંથી તૈયાર કરવામાં આવતી ખાંડ અનરિફાઈન્ડ હોય છે. તેમ છતાં તે સ્વાદ-સભર હોય છે.

**ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારીઃ** નાળિયેરમાંથી બનતી ખાંડનો ઉપયોગ કરવાથી ડાયાબિટીસની સમસ્યાને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ છે કૉકોનટ શુગરમાં ઈન્સ્યુલિન તથા ફાઈબર સમાયેલું છે. જે લોહીમાં શર્કરાની માત્રાને વધતી રોકે છે. કૉકોનટ શુગરનો ઉપયોગ હાઈપોગ્લાઈસીમિયાની સ્થિતિ હોય ત્યારે કરી શકાય છે. હાઈપોગ્લાઈસીમિયા એક ખતરનાક સ્થિતિ છે. જેમાં ચક્કર આવવાં, પરસેવો વધી જવો, ધ્રુજારી થવી, જોરદાર ભૂખ લાગવાની સ્થિતિમાં ક્યારેક વ્યક્તિ કૉમામાં જઈ શકે છે. તેનાથી બચવા માટે પ્લાન્ટ બેઝડ્ સ્વિટનર તરીકે કૉકોનટ શુગરનો ઉપયોગ કરી શકાય છે.

**વજનને ઘટાડવામાં લાભકારીઃ** સાદી સફેદ ખાંડનો વધુ પડતો ઉપયોગ કરવાથી વજન વધી જવાની શક્યતા રહે છે. કૉકોનટ શુગર સામાન્ય ખાંડની સરખામણીમાં ધીમે ધીમે શરીરને ઍનર્જી પ્રદાન કરે છે. વળી તે ધીમે ધીમે પચે છે. જેથી લાંબા સમય માટે વ્યક્તિને ભૂખ લાગતી નથી. જેથી થોડા થોડા સમયે ખાતા રહેવાની આદતથી બચી શકાય છે.

**હૃદયની તંદુરસ્તી માટે ગુણકારીઃ** નાળિયેર ખાંડમાં સોડિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ જેવાં મિનરલ્સ સમાયેલાં હોય છે. જે શરીરના વિવિધ અંગો જેવા કે હૃદય, ન્યૂરોન્સ તથા મસલ્સની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. એવું કહેવાય છે કે સામાન્ય ખાંડની સરખામણીમાં નાળિયેર ખાંડમાં ૪૦૦ ગણી વધુ માત્રામાં પોટેશિયમ સમાયેલું હોય છે.

**ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂરઃ** નાળિયેરમાં ઍન્ટિ-ઑક્સિડન્ટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે ત્વચાની કોમળતાં જળવાઈ રહે છે. ઝડપથી અન્ય રોગનો ચેપ લાગવાથી બચી શકાય છે.

**બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે છેઃ** આપણું શરીર ઍનર્જી માટે ગ્લુકોઝની સહાય લે છે. એનક પોષકતત્ત્વોથી ભરપૂર નાળિયેરની ખાંડ લો બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ઉચ્ચ રક્તચાપને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વધી ગયેલાં બ્લડપ્રેશરને કારણે શરીરમાં ઊભાં થતાં અન્ય જોખમથી બચવામાં મદદ કરે છે.

**પાચનતંત્રમાં સુધારો લાવે છેઃ** નાળિયેર ખાંડનો ઉપયોગ કરવાથી પાચનતંત્રમાં સુધારો થાય છે. આંતરડાં સંબંધિત તકલીફમાંથી રાહત મળે છે. તેમાં રહેલું ઈન્સ્યુલિન શરીરમાં પ્રોબાયોટિક્સ તરીકે કામ કરે છે.

**સામાન્ય ખાંડ તથા નાળિયેર ખાંડ વચ્ચેનો તફાવતઃ** સામાન્ય ખાંડમાં ફ્રુક્ટોઝની માત્રા વધુ હોય છે. વળી તેનાથી ફક્ત સ્વાદ મળે છે. કોઈપણ પ્રકારનું પોષણ મળતું નથી. જ્યારે કૉકોનટ શુગરમાં આયર્ન, ઝિંક, પોટેશિયમ, કેલ્શિયમ સમાયેલું હોય છે. વળી તેમાં પૉલિફિનોલ્સ તથા ઍન્ટિઑક્સિડન્ટ જેવાં ફેટી એસિડ તથા ફાઈબર સમાયેલું હોય છે. વળી નાળિયેર ખાંડ સંપૂર્ણ રીતે પ્રાકૃતિક ગણાય છે. તેને બનાવવા માટે કોઈ રસાયણનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં ૧૬ પ્રકારના એમિનો એસિડ સમાયેલાં હોય છે. નાળિયેર શુગરમાં કેટલાંક ઍન્ટિ ઑક્સિડેન્ટ સમાયેલાં હોય છે જે આપણાં શરીરમાં રહેલાં ઑક્સિડેટિવ સ્ટ્રેસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કૉકોનટ શુગર કે પામ શુગર વિશે આહાર તજજ્ઞોનું માનવું છે કે બંને પ્રાકૃતિક મીઠાશ ધરાવે છે. નાળિયેરની શુગરના ભાવની વાત કરીએ તો સામાન્ય ખાંડની સરખામણીમાં થોડી મોંઘી લાગશે. ૩૦૦ ગ્રામ ખાંડનો ભાવ ૩૧૫ રૂ.ની આસપાસ જોવા મળે છે. શ્રીલંકામાં નાળિયેર ખાંડનો ઉપયોગ છૂટથી કરવામાં આવે છે. ઈન્ડોએશિયાઈ વાનગીમાં નાળિયેરની ખાંડનો ઉપયોગ થાય છે. જેમાં એક ખાસ પ્રકારનો મીઠો સૉસ તૈયાર કરવામાં આવે છે જે 'કેકેપ મૈનિસ' તરીકે જાણીતો છે.




### નાળિયેર ખાંડથી બનાવેલો મીઠો ભાત

**સામગ્રીઃ** ૧ કપ નાળિયેરની ખાંડ, ૧ વાટકી રાંધેલાં બાસમતી ચોખા, ૩ નંગ પિસ્તા, ૩ નંગ બદામ, ૧ નાની ચમચી એલચી-જાયફળનો ભૂકો, ૧ મોટી ચમચી ઘી

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ એક નૉનસ્ટીક પૅનમાં થાડું ઘી મૂકી સૂકામેવાને ગુલાબી રંગનો થાય ત્યાં સુધી સાંતળી લેવા. ત્યારબાદ તેમાં રાંધેલાં ભાત સાંતળી લેવા. ભેળવવાં. નાળિયેરની ખાંડ તથા આવશ્યકતા પ્રમાણે દૂધ ઉમેરવું. ચોખાને ધીમી આંચ ઉપર બરાબર હલાવી લેવું. થોડું ઠંડું થાય ત્યારબાદ તેને મિક્સરમાં ભેળવી લેવું. કડાઈમાં ધીમી આંચ ઉપર પકાવવું. રાંધલાં ભાતને કડાઈમાં લેવા. નાળિયેરની ખાંડ તથા સૂકું કોપરું ભેળવીને થોડો સમય આંચ ઉપર રાખવું. એલચી-જાયફળનો ભૂકો ભેળવવો. સાંતળેલાં સૂકામેવાથી સજાવીને ગરમાગરમ પીરસવો. ■

feedback@bombaysamachar.com
ફોકસ
નિલોફર

# હાઈ હિલ એટલે હાઈ રિસ્ક



મહિલાઓ માટે હાઈ હિલ ફેશન ક્યારેય જૂની નથી થતી. હાઈ હિલનું આકર્ષણ એટલું હોય છે કે પગ પર તેની નકારાત્મક અસર થવાની સાથેસાથે તે એડીની પીડા અને અસુવિધાજનક હોવા છતાં મહિલાઓમાં હાઈ હિલ પહેરવાનું આકર્ષણ ઓછું નથી થતું. મહિલાઓ તેમનાં પગ વધુ લાંબા, પાતળા અને આકર્ષક દેખાય તેમ જ તેને કારણે તેમની ઊંચાઈ વધુ દેખાય તે માટે તેમનાં શૂ રૅકમાં વિવિધ પ્રકારનાં હાઈ હિલ પગરખાં જરૂર રાખે છે.

આજની તારીખે પણ રોઈ ગ્લેમરસ ઈવેન્ટ હોય કે બઝનેસ મિટીંગ મહિલાઓની પહેલી પસંદ હાઈ હિલ પગરખાં જ હોય છે.

શું તમે જાણો છો કે હાઈ હિલ પગરખાં પહેરવાની શરૂઆત પુરુષોએ કરી હતી. યુરોપમાં ૧૬મી સદીમાં પુરુષ અને સ્ત્રી બંને હાઈ હિલ પગરખાં પહેરતાં હતાં. એક સમય હતો જ્યારે માત્ર અમીર વર્ગના સ્ત્રીપુરુષો જ હાઈ હિલ પગરખાં પહેરતાં હતાં.

હાઈ હિલ સેન્ડલ કે ચપ્પલ મહિલાઓની એડી અને આંગળીઓને સંપૂર્ણ સમય જમીનથી ઊંચે રાખતી હોવાને કારણે તેમનાં પીડીનાં સ્નાયુઓ પર દબાણ ઊભું થાય છે જેને કારણે તેમનાં પગલાં આરોગ્ય પર નકારાત્મક અસર થાય છે. લાંબા સમય સુધી હાઈ હિલ પહેરી રાખવામાં આવે તો થોડા સમય બાદ તેને પહેરીને ઊભાં રહેવામાં તકલીફ પડે છે તેમ જ ચાલતી વખતે પગનાં તળિયા અને આંગળીઓ પર સામાન્ય કરતાં વધુ વજન પડવાથી ચાલવાનું પણ મુશ્કેલ બની જાય છે.

હાઈ હિલ સેન્ડલ-ચપ્પલનો આકાર પગની માંસપેશીઓ પર વધુ દબાણ લાવે છે. તેનાં આકારને કારણે પગની આંગળીઓ અને એડીને યોગ્ય ટેકો નથી મળતો જેને કારણે પગમાં ગોખરું, ફૂટકોર્ન, પગના નખ અંદરની તરફ વધવા, પગનાં તળિયા અને એડીમાં પીડામાંસ પેશીઓમાં થાક અને ચલા બદલાઈ જવાનું જોખમ રહે છે.

### યોગ્ય હાઈ હિલની પસંદગી કેવી રીતે કરવી

જો તમારા માટે હાઈ હિલ સેન્ડલ-ચપ્પલ પહેરવું જરૂરી જ હોય તો હિલ બે ઈંચ કરતાં વધુ ન હોય તેનું ધ્યાન રાખવું. વધુ હિલવાળા સેન્ડલ-ચપ્પલથી પગનાં તળિયા, એડીને નુકસાન પહોંચવાનું જોખમ પણ વધુ રહે છે.

હાઈ હિલને બદલે સપાટ પગરખાં પહેરવાથી આ તમામ જોખમથી બચી શકાય છે. સ્ટાઈલિશ દેખાવાના ચક્કરમાં પગને નુકસાન પહોંચાડવું એ ક્યાંની સમજદારી છે?

### હાઈ હિલનો ઈતિહાસ

લગભગ ઈસવીસન પૂર્વે ૩૫૦૦માં પ્રાચીન મિસ્રમાં કસાઈઓ પશુઓનાં લોહીથી ગંદી થયેલી જમીનથી પગને રક્ષણ આપવા હાઈ હિલ પગરખાં પહેરતા હતાં ગ્રીસમાં અભિનેતાઓ ઉચ્ચ દરજ્જાનાં હાઈ હિલ પગરખાં પહેરતા હતા.

મધ્ય યુગમાં ફારસી સાગ્રાજ્યમાં કુલીન પુરુષો પગવે સુરક્ષિત રાખવા અને સૈનિકો યુદ્ધમાં આ પ્રકારનાં પગરખાં પહેરતા હતા. બાદમાં આ પગરખાં શાનદાર સામગ્રી અને ચમકદાર રંગોથી બનાવવામાં આવતાં હતાં. ૧૪મી સદીમાં વેનિસમાં મહિલાઓ પગને કાદવથી બચાવવા ઊંચા અને થોડાં નમેલાં પગરખાં પહેરતી હતી.

જાપાનમાં મહિલાઓ નક્કર લાકડાંના બ્લૉકમાંથી બનાવવામાં આવેલાં ઓકોબો નામથી ઓળખાતા હાઈ હિલ સેન્ડલ-ચપ્પલ પહેરતી હતી . ઈટલીમાં મહિલાઓ સજાવટવાળી ઊંચી એડીની સેન્ડલ-ચપ્પલ પહેરતી હતી. સમાજના વિશેષ વર્ગના લોકો વિશેષ કાર્યક્રમમાં આ પ્રકારનાં પગરખાં પહેરતા હતા.

અમુક દેશોમાં લાંબા સમય સુધી ઊંચી એડીનાં પગરખાં પહેરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. ૧૮મી સદીમાં ઊંચી એડીનાં પગરખાંને મહિલાઓનાં શરીરનો એક મહત્વપૂર્ણ હિસ્સો બનાવી દેવામાં આવ્યો હતો. આ એ સમય હતો જ્યારે પુરુષોએ ઊંચી એડીનાં પગરખાં પહેરવાનું બંધ કરી દીધું હતું અને તે મહિલાઓનાં જ પગરખાં બનીને રહી ગયા હતા. ઊંચી એડીનાં પગરખાં મહિલાઓની કામુકતા ને સ્ત્રૈણ મહત્વને દર્શાવે છે એમ છતાં પગને સુરક્ષિત રાખવા અમેરિકામાં કાઉબૉય અને ફારસીઓએ રાઈડિંગ બૂટ પહેરવાનું ચાલુ રાખ્યું હતું.

કાઉબૉટ બૂટ માટે જુદા જુદા કામ માટે અલગ અલગ પ્રકારની હિલ્સ રાખવામાં આવતી હતી.

૨૦મી સદી સુધી ઊંચી એડીનાં પગરખાં ક્યારેક ક્યારેક પુરુષો માટે સામાજિક રીતે સ્વીકાર્ય હતા. હવે ઊંચી એડીના પગરખાં સ્ત્રીત્વનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ૧૯૫૦ સુધી પગરખાંની એડી સામાન્ય રીતે લાકડાંની બનેલી રહેતી હતી. ત્યાર બાદ પગરખાંની એડી ચામડા અને પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવવા લાગી. સ્ટિલેટ્ટો પનર્જાગરણના પાતળા આતાવલી ખંજરના નામ પરથી એડીનું નામ સ્ટિલેટ્ટો રાખવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૩૦ના દાયકામાં આ હાઈ હિલ પ્રથમવાર જોવા મળ્યા હતા જેને મર્લિન મુનરોએ પહેર્યાં હતાં. જે તેની ચાલને જાતે જ વધુ સુંદર બનાવતી હતી. કંઈ પણ કહો ઊંચી એડીનાં પગરખાંનું ચલણ આજે પણ મહત્વ ધરાવે છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠકર

# ખોટું ન લાગે તો સાચું કઉ?



જેમ ગાઢ નિંદ્રામાં સૂતેલો કોઈ પણ ટોપાલાલ પોતાના નસકોરાં સાંભળી શકતો નથી એમ મૃત્યુ પછી ફોટોફ્રેમમાં ગોઠવાયેલા બાપુજી કશું સાંભળી શકતા નથી તો પછી આ બધા શ્રદ્ધાંજલિના ધખારા શું કામ?

ખોટું ન લાગે તો સાચું કઉ?

સાચુકલી શ્રદ્ધાંજલિ સાંભળીએ તો ૪૪૦ વોલ્ટેજના ઝાટકા લાગે. આ રહ્યો તાજો જ નમૂનો...

'પરિવારજનો ને આત્મીય શ્રોતાઓ' અંબાલાલ બોલ્યાઃ

'ચંપકલાલને કોણ નથી ઓળખતું?. સમાજમાં જેમ લોકો બાળક સાથે બાળક, સમોવડા સાથે સમોવડા ને વડીલ સાથે વડીલ બની જીવે છે એમ જ આપણા ચંપકલાલ નાનપણથી જ જુગારી સાથે જુગારી, દારૂડિયા સાથે દારૂડિયા, ને વ્યભિચારી સાથે વ્યભિચારી બનીને જીવ્યા. એમનો મૂળ શોખ જુગારનો. એ એવો ડેવલોપ કરેલો કે દાગીના વેચવા પડે કે ઘર ગીરવી મૂકવું પડે, પણ રમવાનું એટલે રમવાનું! એમની નીતિમત્તા માટે બહુ માન હતું, ગૌરવ હતું. મૃત્યુ પામ્યા ત્યાં સુધી સાંજનો મુકામ કલબમાં જ રહેતો.ચાલાકીથી એ લગભગ હારે નહીં ને હારે તો કોઈની પાસેથી ઉછીના લેવા હાથ પાછો પડે નહીં. એ માટે સમાજના ઘણા લોકોનું કરી નાખ્યું હોવાથી 'પ્રધાન' નામના ઉપનામથી ઓળખાતા....સમાજના પૈસા એ પોતાના કુટુંબ માટે જ વાપરતા. આમ એ એમની કુટુંબ પ્રત્યેની લાગણી બતાવતા. હજી ગયા અઠવાડિયે મારી પાસેથી જુગાર માટે ૨૮૦૦૦ ઉછીના લીધા છે, પણ મને વિશ્વાસ નહિ બલકે ખાતરી છે કે એમનો પુત્ર ચંબુ કોઈની પાસેથી પણ ઉછીના લઈ કે કોઈનું કરી નાખીને ય મને મારી રકમ ચૂકવીને પિતૃઋણમાંથી મુક્ત થશે. બીજી ખાસિયત એમની એ હતી કે હાર્યા તો ઠીક, પણ જુગારમાં જો જીત્યા તો એ રકમ ક્યારેય ઘરે નઇ લાવવાની. આ રીતે કમાયેલી લક્ષ્મીને એ હરામની કમાણી સમજતા એથી ક્લબમાંથી સીધા બારોબર બિયરબારમાં જતા. આવા સિદ્ધાંતવાદી માણસ દારૂમાં પણ તુલસીનું પાન નાખીને જ પીતા. એ માનતા કે ગંગામાં ન્હાવાથી જો પાપ ધોવાય તો દારૂ પેટમાં જઈને લીંબુ સરબત કેમ ન બને? આ રીતે પીવાથી અપવિત્રતા સ્પર્શે જ નઇ અને ખાસ તો પાંચ પેગ સુધી તો ચડે જ નઇ અને ચડે પછી કેટલાં પેગ પેટમાં પધરાવ્યા એ યાદ જ ન આવે. પછી તો ફરતા ભમરડાની જેમ ડોલતા-ડોલતા લથડિયું ખાતા-ખાતા પોતાના જ ઘરે પહોંચી જાય એ એમની કેપેસિટીનો મોટો પુરાવો. એમના તન મનનો કાબૂ તો જુઓ....આને કહેવાય પીધા પછીનો સંયમ...!!

શરૂ શરૂમાં પ્રેક્ટિસ વગર પીવાથી એવી ભૂલ થતી કે એક-બે વખત રાતે ગંગાસ્વરૂપ ગંગાબાનો દરવાજો ખખડાવેલો અને એ બે રાત ગંગાબાએ પણ મોટું મન રાખીને એમને સાચવી લેતા. એ એમનું ઋણ કેમ ભૂલાય? પરિવાર ગંગાબાનો હંમેશાં ઋણી રહેશે. એ જમાનામાં આવા સંબંધ જાળવવા એ ખેલ નહોતા. બે પેગ પીધા પછી જ આંખો ખૂલતી હોવાથી ચક્ષુદાન ન કરી શક્યા એનો પરિવારને રંજ છે.

એમના જવાથી ચંપાબાને આઘાત લાગે દુઃખ થાય પણ સામે રહેતી મણીડોશી, બાજુવાળી ઝમકું ડોશીનું હૈયાફાટ રુદન ઉપરાંત મોંઘીબાને આ ઉંમરે વોમીટિંગનો અહેસાસ થવાને કારણે ઘણા લોકો મોંઘીબાને ચંપાબા સમજે છે ને ગંગાબાનો વિયોગ પણ કેમ ભૂલાય?

મિત્રો, આ જ બતાવે છે કે ચંપકલાલે જીવનમાં કેટકેટલી કો-ઓપરેટિવ બેંકમાં રોકાણ કર્યું હતું ને ઘરની ફિક્સ ડિપોઝિટ તો અલગ જ.. મોબાઈલ વગર આટઆટલી ડોશીઓનો પ્રેમ મેળવવો એ કામ આ કાકો જ કરી શકે- આપણું ગજું નઇ... અમારા ગ્રુપનો આ કાનુડો આજે આપણી વચ્ચે રહ્યો નથી. એને દિલમાં ઘણી લલ્લીઓને સ્થાન આપેલું પણ ઘરમાં તો માત્ર ચંપા એટલે ચંપા.... આમ છતાં, 'બહારના ઓર્ડર પર પૂરતું ધ્યાન આપવામાં આવશે' એ એમની નીતિ અને રીતિ પણ ખરી... હવે એમના ગયા પછી કોણ એમની ખોટ પૂરી કરી શકશે એ તો ચંપાબા સિવાય કોને ખબર પડે?

મિત્રો, એ તો સારું છે કે એમના વર્તનથી ને પ્રભુકૃપાથી આ પરિવારની સમાજમાં બહુ ઇજ્જત નથી. જો બચી હોત તો જતા વાર ન લાગત. તમને થશે કે આવું બોલીને મેં જૂની દાઝ કાઢી છે, પણ હું જૂની કે નવી દાઝો શું કામ કાઢું? અગ્નિ બાળે એ પહેલા જ કેટલાયે લોકોને એમને બાળી મૂક્યા હતા.. આખા જીવન દરમિયાન એક માત્ર સુંદર કાર્ય કર્યું હોય તો એ ખુદ મર્યા એ...! આવા થ્રી-ઇન-વન જેવા જુગારી-શરાબી ને વ્યભિચારી આત્માઓ આ પૃથ્વી પર વારંવાર જન્મ નથી લેતા. સમાજમાં અને સંસારમાં જીવનભર કેટકેટલી ગાળો-દુઃખ-ગમ-પીડા-વેદના સહન કર્યા પછી આ સ્ટેજ સુધી પહોંચી શકાય છે. હું જાણું છુ કે જિંદગીભર જેમને ચંપકલાલ જોડે ૧૦ મિનિટ પણ બેસતા જોયા નથી એ બધા આજે બેસણામાં દોઢ કલાકથી બેઠા છે એમાં હજી ઘણા ઉઘરાણીવાળા મારી જેમ જ દર્શકોમાં છે એથી પ્રભુ આ સંસ્કારી દીકરાને આપણા પૈસા પરત કરવાની શક્તિ આપે અને બુદ્ધિ હોય તો નનામી ઊંચકવા આવેલા ભાડૂતી માણસોને ભાડું ચૂકવી દે ને એમનાં અધૂરાં કાર્યોમાં જે દારૂ એમણે અધૂરો છોડ્યો હોય એ ઢીંચી જવાનું પરિવારને પ્રભુ જ્ઞાન આપે.

-અને અંતમાં મૃત્યુ એટલે પ્રભુને હિસાબ આપવાનો પવિત્ર દિવસ...જેનો હિસાબ શુદ્ધ એનું જીવન શુદ્ધ ને મૃત્યુ પણ શુદ્ધ. પરમાત્મા એના પ્રેતાત્મા...સોરી, આત્માને શાંતિ આપે...

આજે એ સદેહે આપણી વચ્ચે નથી એટલે સાચું બોલવાની મેં હિંમત કરી છે.. (તાળીઓના ગડગડાટ ) સૌને જય શ્રી કૃષ્ણ...

મિત્રો, આ સાવ સાચ્ચુકલી આખી શ્રદ્ધાંજલિથી આપનું દિલ દુભાવ્યું હોય તો ક્ષમા..

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# મનમાં સતત વહેતો વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે

(ગતાંકથી ચાલુ)

- એમ પ્રાણાયામના ત્રણ પ્રકારો છે.''

(૫) પ્રાણાયામના પ્રકારો મૂકવાની એક સર્વગ્રાહી પદ્ધતિ પણ છે:

૧-૫ : અનુલોમવિલોમ પ્રાણાયામના પાંચ પ્રકારો
૬-૯ : ભસ્ત્રિકા પ્રાણાયામના ચાર પ્રકારો
૧૦ : સૂર્યભેદન
૧૧ : ચંદ્રભેદન
૧૨ : દીર્ઘ પ્રાણાયામ
૧૩ : સરલ ઉજ્જાયી
૧૪-૧૭ : ઉજ્જાયીના ચાર પ્રકારો
૧૮ : શીતલી
૧૯ : સીત્કારી
૨૦ : પ્લાવિની
૨૧ : મૂર્છા
૨૨ : ભ્રામરી
૨૩ : ક્રિયાકુંડલિની પ્રાણાયામ
૨૪ : સગર્ભ પ્રાણાયામ
૨૫ : સપ્રણવ સગાયત્રી પ્રાણાયામ
૨૬ : ત્રિબંધ પ્રાણાયામ
૨૭ : શીતલી, ગાયત્રી, પ્રણવ સહિત ત્રિબંધ પ્રાણાયામ
૨૮ : મહત્ પ્રાણાયામ
૨૯ : હસ્તિમર્દન પ્રાણાયામ
૩૦ : સિંહમર્દન પ્રાણાયામ

**નોંધ :-** આ ઉપરાંત પ્રાણાયામના અન્ય પ્રકારો પણ છે.

- રામાનંદ (થોરિયાળી)ના પ્રાણાયામ
- આયંગરના પ્રાણાયામ
- ઘરોટેજીએ સંપાદિત સંસ્કૃતપુસ્તકના પ્રાણાયામ
- ગીતાનંદના પ્રાણાયામ

**૧૦. પ્રાણાયામનું પ્રદાનઃ**

**(अ) આધ્યાત્મિક ક્ષેત્રેઃ**

પ્રાણાયામ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે, તેથી તેનું પ્રધાન પ્રદાન આધ્યાત્મિક ક્ષેત્રે જ હોય, તે સ્વાભાવિક છે.

(I) હઠયોગની સૌથી પ્રધાન ઘટના કુંડલિની શક્તિ જાગરણ છે. હઠયોગમાં યૌગિક ક્રિયાઓનો અભ્યાસ કુંડલિનીના જાગરણને કેન્દ્રમાં અને દૃષ્ટિ સમક્ષ રાખીને કરવામાં આવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ



નથી. તે જ રીતે એમ પણ અતિશયોક્તિ વિના કહી શકાય કે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ યૌગિક ક્રિયા પ્રાણાયામ છે. કુંડલિની જાગરણ સુષુમ્ણા માર્ગે થતું પ્રાણોત્થાન છે. પ્રાણના પ્રવાહોનું સંયમન પ્રાણાયામથી થાય છે. એ જ અભ્યાસમાં આગળ વધતાં પ્રાણોત્થાનની ઘટના ઘટે છે.

કુંડલિની જાગરણ આખરે સમાધિમાં પરિણમે છે. આ ઘટનાથી સાધકના સમગ્ર જીવનનું રૂપાંતર સિદ્ધ થાય છે. આ દૃષ્ટિથી જોતાં પ્રાણાયામનું આધ્યાત્મિક મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

(II) શરીર અને મનથી પરની ચેતનામાં જેનો કોઈ વાર પણ પ્રવેશ થયો નથી, જેને ધ્યાનાવસ્થાની આછી-પાતળી ઝલક પણ મળી નથી તેને માટે આધ્યાત્મિક ક્ષેત્રની હકીકતો સમજવાનું અને અધ્યાત્મની મહત્તા સમજવાનું કાર્ય ઘણું દુષ્કર છે. એટલું જ નહિ પણ જ્યાં સુધી એકાદ વાર પણ મનસાતીત ક્ષેત્રમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી સાધક સાધનાના પથ પર દૃઢતાપૂર્વક પગ મૂકી શકતો નથી, પરંતુ સમસ્યા એ છે કે આ પ્રથમ પ્રવેશ થાય કેવી રીતે? અધ્યાત્મજગતનું દ્વાર ખૂલે કેવી રીતે? ધ્યાનની અવસ્થામાં પ્રવેશનું કાર્ય પ્રાણાયામ સારી રીતે કરી શકે તેમ છે. લાંબા સમય સુધી, યોગ્ય પદ્ધતિથી, મનોયોગપૂર્વક અને ઉચિત આહારવિહાર સાથે પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવે તો સાધકને મનસાતીત ક્ષેત્રની કાંઈક ઝલક અવશ્ય જોવા મળે છે.

આ પ્રથમ પ્રવેશથી જ પ્રાણાયામનું કાર્ય પૂરું થતું નથી. ધારણ-ધ્યાન સાથે પ્રાણાયામનો અભ્યાસ ચાલુ રાખવામાં આવે તો સાધકની અધ્યાત્મયાત્રા વધુ સુકર બને છે.

(III) યોગવિદ્યા પ્રમાણે ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ માટે સાધકનું નાડીશોધન થયું હોય તે આવશ્યક છે. નાડીશોધનનું મહત્ત્વ જણાવતાં હઠપ્રદીપિકાકાર કહે છે-

मलाकुलासु नाडीसु मारुतो नैव मध्यगः ।
कथं स्यादुन्मनीभावः कार्यसिद्धि कथं भवेत् ।।

''જ્યાં સુધી નાડીઓ મળથી વ્યાપ્ત થયેલી હોય ત્યાં સુધી પ્રાણ મધ્યનાડી (સુષુમ્ણા)માં પ્રવેશતો જ નથી, તો પછી ઉન્મનિભાવ કેવી રીતે થાય? અને કાર્યસિદ્ધિ કેવી રીતે થાય?''

નાડીશોધન વિના સાધકનો સાધનપથ પ્રશસ્ત થતો નથી, એટલું જ નહિ પણ નાડીશોધન વિના જ જો સાધક અધ્યાત્મની છલાંગ લેવાનો પ્રયત્ન કરે તો તેનાથી શરીર-મનને નુકસાન થવાનો સંભવ છે.

નાડીશોધનનું આ મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રાણાયામથી સારી રીતે સિદ્ધ થઈ શકે છે. આ માટે યૌગિક ગ્રંથોમાં ખાસ પ્રકારનો પ્રાણાયામ પણ બતાવવામાં આવેલ છે, જેને નાડીશોધન કે અનુલોમવિલોમ પ્રાણાયામ કહેવામાં આવે છે. યૌગિક ગ્રંથોમાં એવું ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે નાડીશોધન પ્રાણાયામ (સાથે યોગાસન અને યૌગિક શોધનકર્મ)ના પર્યાપ્ત અભ્યાસ દ્વારા નાડીશોધન સિદ્ધ કરીને પછી જ અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધવું જોઈએ.

આધુનિક પરિભાષામાં કોઈકવાર આ હકીકતને જુદી રીતે પણ મૂકવામાં આવે છે. ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ વખતે સાધકના શરીર પર અને ખાસ કરીને જ્ઞાનતંત્ર તથા શ્વસનતંત્ર પર ખૂબ બોજો પડે તેવો સંભવ છે, તેથી સાધક અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધે તે પહેલાં આવશ્યક છે કે તે જ્ઞાનતંત્ર અને શ્વસનતંત્રને મજબૂત બનાવી લે. આ કાર્ય પ્રાણાયામથી સારી રીતે થઈ શકે તેમ છે, આ હકીકત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ચૂકી છે.

**(ब) માનસિક ક્ષેત્રેઃ**

(I) મનમાં સતત વહેતો વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે. એટલું જ નહિ પરંતુ આ અર્થહીન વિચારપ્રવાહ માનસિક સ્વાસ્થ્ય માટે પણ હાનિપ્રદ છે, એ હકીકત સર્વમાન્ય છે. જો વિચારોના આ પ્રવાહને બંધ કે મંદ કરી શકાય તો તો તેનાથી આધ્યાત્મિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય માટે તેનાથી ઘણી મૂલ્યવાન મદદ મળી રહે. પ્રાણાયામનો ઉચિત રીતે અભ્યાસ કરવામાં આવે તો તેનાથી આ કાર્ય સારી રીતે સિદ્ધ થઈ શકે છે.

આપણા સૌનો અનુભવ છે કે ચિત્તની વૃત્તિઓ અને શ્વાસની ગતિને સંબંધ છે. 'હઠપ્રદીપિકા'માં સ્વાત્મારામ કહે છે -

चले वाते चलं चितं निश्चले निश्चलं भवेत् ।

''વાયુ ચંચળ બનતાં ચિત્ત ચંચળ બને છે અને વાયુ સ્થિર થતાં ચિત્ત પણ સ્થિર થાય છે.''

શ્વાસની ગતિ અને મનના વિચારોની ગતિની એકબીજા પર અસર પડે છે.

પૂરક અને રેચકમાં શ્વાસની ગતિ ખૂબ મંદ બને છે અને કુંભકમાં આ ગતિ બંધ પડે છે એટલે પ્રાણાયામના મનોયોગપૂર્વકના અભ્યાસથી વિચારોનો પ્રવાહ મંદ પડે છે અને ક્યારેક બંધ પણ પડી જાય છે.

થોડી ક્ષણો પણ વિચારોનો આ પ્રવાહ મંદ પડતાં સાધકને ઊંડી આરામપ્રદ અવસ્થા અને પ્રગાઢ શાંતિનો અનુભવ થાય છે. માનસિક સ્વાસ્થ્ય માટે આ અવસ્થાનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. (ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com
વિશેષ
દિક્ષીતા મકવાણા

# ડાયાબિટીસના દર્દીઓ કેરીનું સેવન કરી શકે?

ઉનાળામાં દરેક વ્યક્તિને કેરી ખાવાનું ગમે છે. ડાયાબિટીસના દર્દીઓ પણ કેરીનું સેવન કરવા માગે છે. પણ શું કેરી ખાવી યોગ્ય છે? આનાથી રોગ વધશે નહીં.

ઉનાળો શરૂ થતાં જ કેરીની મોસમ પણ શરૂ થઈ જાય છે. કેરીને ફળોનો રાજા કહેવામાં આવે છે. ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ કેરીની ૧૫૦૦ થી વધુ જાતો ભારતમાં જોવા મળે છે. ઉનાળામાં જ્યારે શેરીઓમાં કેરીઓ વેચાણ માટે ઉપલબ્ધ હોય છે, ત્યારે દરેકને તે ખાવાનું મન થાય છે. પરંતુ ડાયાબિટીસના દર્દીઓને તેમની ઇચ્છા હોવા છતાં ચૂપ રહેવાની ફરજ પાડવામાં આવે છે. તેઓ કેરી ખાવાનું ટાળે છે કારણ કે તેમને લાગે છે કે તેને ખાવાથી તેમના સુગરનું પ્રમાણ વધી શકે છે. પણ શું આ વિચારસરણી સાચી છે? શું કેરી ખાવાથી ખરેખર ડાયાબિટીસ વધે છે કે પછી તે માત્ર એક ખોટી માન્યતા છે? ચાલો જાણીએ કે આરોગ્ય નિષ્ણાતો આ વિશે શું કહે છે.

## આ દર્દીઓ કેરીનું સેવન કરી શકે છે?

આરોગ્ય નિષ્ણાતોના મતે, ડાયાબિટીસના દર્દીઓ કેરીનું સેવન કરી શકે છે પરંતુ તેની સાથે કેટલીક શરતો જોડાયેલી છે. પહેલી શરત એ છે કે જો તમારા બ્લડ સુગરનું સ્તર ઊંચુ રહે તો કેરી ખાવાનું ટાળવું વધુ સારું રહેશે. જો તમે આ નહીં કરો, તો તમારા ડાયાબિટીસનું કારણ બની શકે છે, જેના કારણે બીજી ઘણી બીમારીઓ પણ તમને ઘેરી શકે છે. તેથી જો તમે તમારી ઇચ્છાઓને નિયંત્રિત કરી શકો તો તે સારું રહેશે.



## બ્લડ સુગરના દર્દીઓ માટે કેટલી કેરી ખાવી યોગ્ય છે?

બીજી શરત એ છે કે જો તમને ડાયાબિટીસનું સ્તર ઓછું હોય તો તમે કેરી ખાઈ શકો છો પરંતુ તેનું પ્રમાણ ઓછું હોવું જોઈએ. નિષ્ણાતોના મતે તમે દિવસમાં વધુમાં વધુ ૫૦-૭૫ ગ્રામ કેરી ખાઈ શકો છો. આનાથી વધુ માત્રામાં કેરી ખાવાથી તમારા બ્લડ સુગરનું સ્તર વધી શકે છે. આ સાથે, ધ્યાનમાં રાખો કે તમારે ભૂલથી પણ મેંગો શેક ન પીવો જોઈએ. આનું કારણ એ છે કે તેમાં સુગરનું પ્રમાણ વધુ હોય છે.

## આ દર્દીઓએ કેરી સાથે આ વસ્તુઓ ન ખાવી જોઈએ

ન્યૂટ્રીશિયન કહે છે કે જો તમને ડાયાબિટીસના શરૂઆતના તબક્કા હોય અને તમને કેરી ખાવાનું મન થાય, તો તમે તેને મર્યાદિત માત્રામાં ખાઈ શકો છો પરંતુ ધ્યાનમાં રાખો કે ઉચ્ચ કાર્બોહાઇડ્રેટ્સ ધરાવતો કોઈપણ ખોરાક કેરી સાથે ન ખાવો જોઈએ. આનાથી બ્લડ સુગર વધવાનું જોખમ વધે છે. તેથી ઉચ્ચ ગ્લાયકેમિક ઇન્ડેક્સવાળા ખોરાક ક્યારેય કેરી સાથે ન લેવા જોઈએ. જો તમારા બ્લડ સુગરનું સ્તર વધારે હોય, તો તમારે કેરી ખાવાનું ટાળવું જોઈએ. ■

feedback@bombaysamachar.com
વિશેષ પ્લસ
નિધી ભટ્ટ

# આ 3 વિટામિન સપ્લિમેન્ટ્સ તમારા સ્વાસ્થ્યને જોખમમાં મૂકી શકે છે

પૂરક અને વિટામિન હંમેશા ફાયદાકારક નથી હોતા. જો આ યોગ્ય સ્ત્રોતમાંથી લેવામાં ન આવે તો, તે ખતરનાક પણ બની શકે છે. પૂરક પસંદ કરતી વખતે, તેમની ગુણવત્તા અને સ્ત્રોત પર ધ્યાન આપો.

વિટામિન્સ શરીર માટે જરૂરી સૂક્ષ્મ પોષકતત્ત્વો છે, જે સારા સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે. આ કોષોના યોગ્ય કાર્ય અને તેમના વિકાસ માટે જરૂરી છે, પરંતુ આપણું શરીર તેને પોતાની મેળે ઉત્પન્ન કરી શકતું નથી. શરીરને આ વિટામિન ખોરાક અને અન્ય સ્ત્રોતોમાંથી મળે છે. પરંતુ કેટલાક વિટામિન સપ્લિમેન્ટ્સ તમારા સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચાડી શકે છે, ખાસ કરીને તે તમારા પાચનતંત્રને વધુ નુકસાન પહોંચાડી શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે, કેટલાક વિટામિન સપ્લિમેન્ટ્સ આપણા આંતરડાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી શકે છે.

## (૧) કૃત્રિમ મલ્ટિવિટામિન્સ

ઘણા ઓવર-ધ-કાઉન્ટર મલ્ટિવિટામિન કૃત્રિમ હોય છે. વિટામિન અ (રેટીનાઇલ પાલ્મિટેટ) અથવા વિટામિન ઇ૬



(પાયરિડોક્સિન હાઇડ્રોક્લોરાઇડ) જેવા પૂરક પ્રયોગશાળામાં બનાવવામાં આવે છે અને કુદરતી સ્ત્રોતોમાંથી મેળવવામાં આવતા નથી. આ કૃત્રિમ સ્વરૂપો આંતરડાના અસ્તરને બળતરા કરી શકે છે, સારા બેક્ટેરિયાના સંતુલનને વિક્ષેપિત કરી શકે છે અને સમય જતાં યકૃત પર તાણ લાવી શકે છે. તેથી, હંમેશા કુદરતી મલ્ટીવિટામિન લો, જે પાચનતંત્ર માટે વધુ સુરક્ષિત છે. લીલા પાંદડાવાળા શાકભાજી, ફળો, બીજ અને બદામ જેવા કુદરતી સ્ત્રોતોમાંથી વિટામિન્સ મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો છે.

## (૨) વિટામિન બી૧૨

વિટામિન બી૧૨ ઉર્જા અને નર્વસ સિસ્ટમના સ્વાસ્થ્ય માટે જરૂરી છે, પરંતુ જો તમારા પૂરક લેબલ પર 'સાયનોકોબાલામિન' લખેલું હોય, તો તે એક કૃત્રિમ સંસ્કરણ છે જેમાં થોડી માત્રામાં સાયનાઇડ હોય છે. તેનું નિયમિત સેવન ડિટોક્સ સાઇટ્સ અને માર્ગોને અસર કરી શકે છે અને આંતરડા અને યકૃતને પણ નુકસાન પહોંચાડી શકે છે. ખાસ કરીને જો તમારું શરીર પહેલાથી જ તણાવમાં હોય.

આવી સ્થિતિમાં આ સપ્લિમેન્ટને મિથાઈલકોબાલામિન અથવા હાઈડ્રોક્સોકોબાલામિન જેવા વધુ કુદરતી રીતે લેવાનો પ્રયાસ કરો. તમારા આહારમાં ઇંડા, ડેરી ઉત્પાદનો અને માછલી જેવા ઇ૧૨ સમૃદ્ધ સ્ત્રોતોનો સમાવેશ કરો.

## (૩) મેગ્નેશિયમ સ્ટીઅરેટ

મેગ્નેશિયમ સ્ટીઅરેટ પોતે વિટામિન નથી, પરંતુ ઘણા પૂરવણીઓમાં એક સામાન્ય ઉમેરણ છે જે ગોળીઓને મશીનોમાંથી વધુ સરળતાથી પસાર કરવામાં મદદ કરે છે. તે હાનિકારક ન લાગે પણ તે સાયલન્ટ કિલર તરીકે કામ કરી શકે છે. કેટલાક અભ્યાસો સૂચવે છે કે મેગ્નેશિયમ સ્ટીઅરેટ આંતરડામાં બાયોફિલ્મ બનાવી શકે છે, જે પોષક તત્વોના શોષણને અટકાવે છે અને સમય જતાં આંતરડાને નુકસાન પહોંચાડી શકે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# શા માટે આપણા માટે અનિવાર્ય છે ઉપવાસ..?

આ અગાઉ આપણે 'ઉપવાસ'ના અનેકવિધ પાસાં જોઈ ગયાં આ વખતે જાણી લઈએ ઉપવાસ વિશે થોડી અજાણી, છતાં ઉપયોગી વાત, જેમકે...



## ઉપવાસની આગલી સાંજે શું જમી શકાય?

અનાજઃ રોટલી, ખીચડી અથવા થૂલી, વાત-પિત્તશામક શાકો (દૂધી, પરવળ, તૂરિયાં વગેરે...)

પ્રવાહીઃ માપસરનું દૂધ, મીઠા વગરની છાશ, સરગવાનું સૂપ વગેરે...

ગોળઃ ૧-૨ ગાંગડી ત્રણેય દોષોને નિયંત્રિત રાખે છે.

**નોંધઃઃ**

ઉપવાસના આગલા દિવસે જેટલા ઓછા મસાલા અને આછા મીઠાવાળો આહાર હોય એટલો ઉપવાસ સહેલાઈથી થઈ શકે છે. (વધુ પડતું મીઠું સ્વપ્નદોષ કરાવી શકે છે.)

## ઉપવાસના દિવસે રાખવાની સાવધાની

**ઉપવાસના દિવસે**

| | વાત પ્રકૃતિ | પિત્ત પ્રકૃતિ | કફ પ્રકૃતિ |
|---|---|---|---|
| પાણી | હૂંફાળું પાણી પીવું. | વારંવાર પાણી પીવું. શ્રમ-તડકાનું સેવન ઓછું કરવું. | માપસરનું હૂંફાળું પાણી પીવું. |
| | ઠંડી ઋતુમાં ઉપવાસના દિવસે ઠંડું પાણી પીવાથી શરીરની શક્તિ વધુ વપરાય છે. માટે હૂંફાળું પાણી પીવું. જ્યારે વધુ ઉપવાસ કરવાના હોય ત્યારે તો ખાસ હૂંફાળું જ પાણી પીવું. | | |
| માનસિક સાવધાની | ઓછું બોલવું અને ચંચળતા માપે રાખવી. | ક્રોધાદિક સ્વભાવોને નિયંત્રિત રાખવા. | ઊંઘ નિયંત્રણમાં રાખવી. |

## ઉપવાસ છોડ્યા પછી રાખવાની સાવધાનીઃ

જ્યારે આપણે ઉપવાસ છોડતા હોઈએ ત્યારે ખૂબ જ ભૂખ લાગેલી હોય છે પરંતુ તે સમયે મન ઉપર નિયંત્રણ રાખવું ખૂબ જ આવશ્યક છે. ઘણીવાર તે સમયે નિયંત્રણ ગુમાવીને ગમે તે વસ્તુઓ, ગમે તેટલા પ્રમાણમાં ખાઈ લઈએ છીએ. આથી ઉપવાસના ફાયદાઓથી વંચિત રહીએ છીએ ઊલટાનું નુકસાન થાય છે.



* ઉપવાસ છોડતી વખતે સાવધાની ન રાખવાથી પાચનતંત્ર પર ખૂબ જ લોડ આવે શરીરમાં થકાન, ઊંઘ અને આળસ વધી શકે છે માટે ઉપવાસની તમામ ભૂખ એકસાથે જ પૂરી ન કરતા ધીરે-ધીરે ભૂખ સંતોષવી.



**ઉપવાસના બીજા દિવસે શું જમવું?**

| | વાત પ્રકૃતિ | પિત્ત પ્રકૃતિ | કફ પ્રકૃતિ |
|---|---|---|---|
| પદાર્થ | ગળ્યા, ખાટા, ખારા પદાર્થો લઈ શકાય. | ગળ્યા, કડવા અને તૂરા પદાર્થો લઈ શકાય. (ખટાશવાળા અને તીખા પદાર્થો ન લેવા.) | પાણીવાળા હળવા ફળો લેવા. (ગળ્યા, ખાટા, ખારા અને ભારે પદાર્થો ન લેવા.) |
| | ઠંડી ઋતુમાં ઉપવાસના દિવસે ઠંડું પાણી પીવાથી શરીરની શક્તિ વધુ વપરાય છે. માટે હૂંફાળું પાણી પીવું. જ્યારે વધુ ઉપવાસ કરવાના હોય ત્યારે તો ખાસ હૂંફાળું જ પાણી પીવું. | | |
| ઠંડું પ્રવાહી | નિષેધ | માપસરનું | નિષેધ |

## ઉપવાસ કોણે કરવો?

૧) જેને કફ સંબંધી અનેક રોગ થયા હોય.
જેને કાયમી શરદી, કફ, ઉધરસ રહેતા હોય અને છાતી-ફેફસામાં કફ ચોંટી જતો હોય તેમના માટે તો ઉપવાસ જ તેની દવા છે.

૨) જેના શરીરમાં 'આમદોષ' વધી ગયો હોય.
આપણે જે કાંઈ પણ રોજ જમીએ છીએ, તો ભોજન બધાને સંપૂર્ણ પચતું હોતું નથી. આવા અર્ધપક્વ ખોરાકને આયુર્વેદની ભાષામાં 'આમ' કહેવાય છે. તે કફ જેવો ચીકણો પદાર્થ હોય છે. આયુર્વેદમાં આ આમદોષને ભયંકર ઝેર જેવો ગણેલ છે. માટે જેને અહીં દર્શાવેલાં મુજબના આમદોષોનાં લક્ષણો મળતા હોય એમણે અવશ્ય ઉપવાસ કરવો.

## ઉપવાસ કોણે ન કરવો?

* વધુ પડતા દૂબળા, પાતળા અને અશક્ત વ્યક્તિઓએ
* ડાયાબિટીસના દર્દીઓએ
* સ્ટ્રેસ, ટેન્શન અને ડિપ્રેશન જેવા માનસિક રોગોવાળા દર્દીઓએ
* નાનાં બાળકો (૮ વર્ષથી નીચે) અને અતિશય વૃદ્ધ (૭૫ વર્ષથી ઉપર) માણસોએ
* અનિદ્રાના દર્દીઓએ
* વધુ પડતા વાયુદોષના દર્દીઓએ
* વધુ પડતા પિત્તદોષના એસિડિટી, અલ્સર, માઈગ્રેન વગેરે રોગવાળા દર્દીઓએ. ■

# તેજસ્વી તારલાઓને અભિનંદન

## દસમા ધોરણના વિદ્યાર્થીઓ



અમાન્યા પૌલીન શાહ
૯૭ ટકા


અવિશા હિતેશ પરમાર
૯૧.૫ ટકા


ભરૂચા હર્ષદ ભૂપેન્દ્ર
૮૩.૪૦ ટકા


શાહ રિશી પ્રશાંત
૮૮ ટકા


વાવિયા દક્ષયા પ્રેમજી
૮૨.૨૦ ટકા


વેદાંશી આશિષ ત્રિવેદી
૯૪.૨૦ ટકા



દરજી વેદાંત મનીષ
૮૯ ટકા


દર્શિલ નિર્મલ ગાલા
૯૪.૪૦ ટકા


હરિયા કલ્યાન સાગર
૯૪.૮૦ ટકા


વિર જિતેન્દ્ર વોરા
૯૩.૧૬ ટકા


વિવાન અમિત મહેતા
૯૨.૪૦ ટકા


વિષ્ટી કશ્યપ સોમૈયા
ટકા


માહિ જે. પટેલ
૮૩ ટકા


મહેક ધવલ મહેતા
૯૨.૨૦ ટકા


મિત વિપુલ દોશી
૯૪.૮ ટકા


મિતિ જે. પટેલ
૮૦ ટકા


મોક્ષ સચિન ગોપાની
૮૮ ટકા


નંદુ ધીયા દિપેન
૯૩.૪૦ ટકા


પલક નિમેષ ગાલા
૯૧.૨ ટકા


રાજગોર વિરલ વિજય
૮૩ ટકા


સાયા આર્ય સંજય
૯૪.૮૦ ટકા


સક્ષમ નિતેશ જૈન
૯૧.૧૫ ટકા


સમર્થ હેમલ પારેખ
૯૨.૬૭ ટકા


સેજપાલ પાર્થ નેહલ
૯૪.૨૦ ટકા

## બારમા ધોરણના વિદ્યાર્થીઓ


મોક્ષિત આશિષ શાહ
૯૩ ટકા


ઋષિ અરવિંદ ભાનુશાલી
૮૯.૧૭ ટકા


ઋચા ધિરેન શાહ
૮૭.૩૩ ટકા


રૂપલ પટેલ
૭૫.૮૩ ટકા


વંશિકા યોગેશ ડગલી
૯૨.૬૭ ટકા


વિર અમિત જોશી
૮૨.૬૭ ટકા


વિવાન નિરવ શાહ
૯૦.૮૩ ટકા

**મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.**

**ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com**

**વૉટ્સઍપ : 7045430579**



**ભારે વરસાદ:** બેંગલૂરુના અનેક વિસ્તારોમાં સોમવારે ભારે વરસાદ બાદ રસ્તા પર ઠેર ઠેર પાણી ભરાઈ ગયાં હતાં. ટ્રેક્ટરમાં બેસીને પાણી ભરેલા રસ્તા પરથી માર્ગ કાઢી રહેલા લોકો. (એજન્સી)

# બેંગલૂરુ જળબંબાકાર: જનજીવન ખોરવાયું

બેંગલૂરુ : સોમવારે ભારે વરસાદે બેંગલૂરુના વિસ્તારોને ધમરોળી નાખતાં રોડ ઉપર પાણી ભરાઈ ગયા હતા, રહેણાક વિસ્તારો જળમગ્ન થયા હતા અને ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. આગામી દિવસમાં વધુ વરસાદ પડે એવી આગાહી હોવાથી શહેરની મુશ્કેલી વધી શકે. હવામાન ખાતાએ આપેલી માહિતી મુજબ બેંગલુરુમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૯૩ મિલીમિટર વરસાદ પડ્યો હતો.

સોશિયલ મીડિયા પર ભારતની આઈટી રાજધાની બેંગલૂરુના વિવિધ વિસ્તારોમાં રોડમાં પાણી ભરાઈ ગયા હોવાના વીડિયોનું પૂર આવ્યું હતું. આ જ બતાડે છે કે જ્યારે વરસાદ પડે છે ત્યારે આ શહેરનું જનજીવન ખોરવાઈ જાય છે.

રાજ્યના ગૃહપ્રધાન જી. પરમેશ્વરે કહ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ચોમાસા પૂર્વે આપણે શહેરમાં પૂર જેવી પરિસ્થિતિ અને પાણી ભરાઈ જવાનું જોઈએ છીએ. બીબીએમપી (બૃહદ બેંગલુરુ મહાનગર પાલિકા) રોડ પરથી પાણી કાઢવાના કાર્યમાં તથા તૂટી ગયેલાં વૃક્ષો અને ડાળીઓને દૂર કરવામાં લાગી ગઈ છે. સત્તાવાળાઓ કામ કરી રહ્યા છે.

બેંગલૂરુ કોર્પોરેટ ક્લબના સત્તાવાર એક્સ હેન્ડલમાં મૂકેલી એક તસવીરમાં સિલ્ક બોર્ડ વિસ્તાર ધસારાનો સમય ન હોવા છતાં સવારના ૭-૨૦ કલાકે જળગ્રસ્ત થયેલો અને ટ્રાફિક ખોરવાઈ ગયાનું બતાડે છે. એજન્સીના વીડિયો પ્રમાણે અહીં દસ કિલોમીટર જેટલો ટ્રાફિક જામ લાગ્યો હતો.

ચોમાસા પૂર્વેની આ મોસમમાં બેંગલૂરુમાં છેલ્લા બે દિવસમાં ૧૫થી ૨૦ સેન્ટિમીટર વરસાદ પડ્યો છે, એવી જાણકારી શહેરના હવામાનના અભ્યાસુઓએ આપી હતી. અનેક સ્થળોએ અન્ડરપાસ છલકાયા હોવાથી શહેરના રોડ પર પરિવહન જોખમી અને લગભગ અશક્ય બની જતાં મોટા ભાગના અભ્યાસુઓએ લોકોને ઘરેથી જ કામ કરવાની સલાહ આપી હતી.

બેંગલૂરુમાં વરસાદથી સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તાર મહાદેવપુર ઝોનમાં આવેલો હોરામાવુમાં સાઈ લેઆઉટ હતો. અગાઉના વરસાદે આ વિસ્તારમાં ચારથી પાંચ ફૂટ એટલે કે ઘૂંટણભર પાણી ભરાયાં હતાં.

અમુક સમાચાર અહેવાલોમાં લોકોએ પા ણી ભરાવા માટે ગારથી ભરાયેલી ગટરને દોષ આપ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે સત્તાવાળાઓને વારંવાર ફરિયાદ કરવા છતાં ગટરો સાફ કરાઈ નહોતી. તાનેરી રોડ પરની એનસી કોલોનીમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા.

જયાનગરમાં એક ઝાડ ત્યાં ઊભેલી કાર અને જીપ પર પડતાં વાહનોને મુકસાન થયું હતુ. જોકે આમાં કોઈ ઘાયલ થયું નહોતું. ઝાડ પડી જતાં માઉન્ટ કેરમેલ સ્કૂલ રોડ તરફના ઈસ્ટ એન્ડ રોડનો પટ્ટો બંધ કરી દેવામાં આવ્યો હતો

શહેરના વિવિધ વિસ્તારમાં રોડમાં પાણી ભરાઈ ગયું હોવાથી શહેરના નાગરિકો માટે પરિવહન કરવું દુઃસ્વપ્ન જેવું બની ગયું હતું. ટ્રાફિક પોલીસે અનેક વિસ્તારોમાં ટ્રાફિક મંથર ગતિએ ચાલતો હોવાની એલર્ટ મોકલાવી હોવા છતાં ઘૂંટણભર પાણીમાં લોકો પોતાની કારને ધક્કો મારતા જોવા મળ્યા હતા. પાણી ભરાવાં માટે કુખ્યાત વિસ્તારો જેવા કે પેન્થુર એસ. ક્રોસ. ડોમલુર ફ્લયાઓવરના અપર રેમ્પ અને કોરમંગલામાં મોટરિસ્ટો ઘૂંટણ સુધી ભરાયેલાં પાણીમાં વાહનને ધક્કો મારતા નજરે પડ્યા હતા. માન્યતા ટેક પાર્કની નજીક પણ ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલતો હતો.

ભારતના હવામાન ખાતાના બેંગલૂરુ સેન્ટરના ડિરેક્ટર એન. પૂર્વીઅરસુએ કહ્યું હતં કે ૧૮ મેએ જાહેર કરેલી યલો એલર્ટ સોમવાર અને મંગળવાર માટે પણ યથાવત્ છે. (એજન્સી)■

---

# ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કારણ | KILLING |
| મારણ | HERNIA |
| ભારણ | SUMMARY |
| તારણ | REASON |
| સારણ | PRESSURE |

## ઓળખાણ પડી?



ત્રણ હજાર વર્ષ પહેલા આફ્રિકામાં મળી આવેલું વાજિંત્ર ઓળખાયું? લાકડાના બોર્ડ પર બનતું આ વાજિંત્ર અંગૂઠો કે તર્જની આંગળીથી વગાડવામાં આવે છે.

અ) DOMRA બ) CELLO ક) LUTE ડ) KALIMBA

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રં | ૨ પ | રા | ૩ ગ | ત | ■ | ૪ ત | રા | ૫ પ |
| ક્ષ | ■ | ળે | ■ | ર | ■ | ૬ નિ | જ | ■ | સ્તા |
| ૭ પા | રં | પ | રિ | ક | ■ | ર્ણા | ■ | ૮ છો | ળ |
| ત | ■ | ળ | ■ | ■ | ૯ હા | ય | ૧૦ કા | રો | ■ |
| ■ | ૧૧ કા | ■ | ૧૨ હા | ર | ■ | ૧૩ ક | ળ | ■ | ૧૪ અ |
| ૧૫ પૂ | ર | જો | શ | ■ | ૧૬ અ | ■ | ■ | ૧૭ ભા | ગ |
| ૧૮ છ | ત | ■ | ■ | ૧૯ લ | વ | ■ | ૨૦ ના | ન | મ |
| ૨૧ પ | ક | ૨૨ વા | ૨૩ ન | ■ | ૨૪ સા | મ | ના | ■ | નિ |
| ર | ■ | ૨૫ દ | શા | ૨૬ ન | ન | ■ | ■ | ૨૭ બા | ગ |
| ૨૮ છ | રી | ■ | ૨૯ ક | મી | ■ | ૩૦ હ | મ | દ | મ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | ૧૨ | | ■ | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | | ■ | ૧૬ | |
| | ■ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | | |
| ■ | ૧૯ | | | | | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ■ | ■ | ૨૭ | | | ■ | ૨૮ | |
| ૨૯ | | ૩૦ | ■ | | ■ | ૩૧ | ૩૧અ | ■ | |
| | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | | |

### આડી ચાવી

૧. જટિલ (૪)
૪. મસાલાવાળી (૫)
૮. રસીલી સ્ત્રી (જો.છૂ.) (૩)
૧૦. જૈન સાધુ (૨) (જો.છૂ.)
૧૧. નકામું, ખાલીપીલી (૩)
૧૩. ના જેવું (૨)
૧૪. શ્રેષ્ઠ (૨)
૧૫. ઉત્તમ ધ્યેય માટે મરી ફીટવું તે (૪)
૧૬. એક ફૂલ, લહેરી, છેલ (૨)
૧૭. થોડુંક પણ (૩)
૧૮. પિત્તળની દીવી (૩)
૧૯. તરબોળ (૫)
૨૦. --- વાગવી એટલે નુકસાન થવું (૨)
૨૨. ગધેડો (૨)
૨૩. ગમવું તે (૨)
૨૫. ચેતન વિહોણું (૨)
૨૭. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૨૮. ધન, મકર, કુંભ, મીન, મેષ વગેરે (૨)
૨૯. વારસમાં મળતી મિલકત (૩)
૩૧. ઘણા, ખાસ (૨)
૩૨. ઢોળાવ (૩)
૩૩. શાંતિ, અવાજનો અભાવ (૪)

### ઊભી ચાવી

૧. સ્વીકારવું (૫)
૨. પરાયણ, તત્પર (૩)
૩. ટિકિટ ચેકર (૨)
૫. યુદ્ધ વખતે વાગે (૪)
૬. --- દેતી એટલે લેવડ દેવડ (૨)
૭. એક બંગાળી મીઠાઈ (૫)
૯. હોશિયારી, બાહોશી (૫)
૧૨. દરેક (૨)
૧૩. સુરક્ષિત (૪)
૧૫. --- વજન કરો (૪)
૧૭. એક જંગલી પ્રાણી, ઘરખોદિયો (૩)
૧૮. સૂચન, મશ્કરા (૩)
૨૧. ચળ આવવી તે (૪)
૨૩. ચોકડિયા ભાતનું કપડું (૪)
૨૪. ખાસિયત (૪)
૨૬. બીક, ભય (૨)
૨૭. પુરાવો, સાબિતી, ધોરણ (૩)
૩૦. સોના રૂપાનું કામ કરનાર (૨)
(૩૧/અ). વાતનો ટૂંક --- કહો (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અલગારી ભેદ કાળના ભાખે' પંક્તિમાં 'ભાખે' આ શબ્દનો અર્થ જણાવો.

અ) અનુમાન બ) વિકરાળ ક) કર્મ ડ) પરચો

## માતૃભાષાની મહેક

ડાહ્યા લોકોની સોબત ન મળતી હોય તો ધીરજ રાખવી પણ નાદાન સાથે તો પનારો ન જ પાડવો એવી શિખામણ વડીલો આપતા ગયા છે. મૂર્ખ દોસ્ત વેરીને ઠામ - મૂરખ જોડે કામ પાડે તે જ મૂરખ અને નાદાન કી દોસ્તી ઔર જીવ કા જાન - નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો એ કહેવતો વડીલની વાત સાનમાં સમજાવી દે છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PEDOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પરાક્રમ બ) પંજો ક) ખેતી ડ) જમીન

## ઈર્શાદ

જઈને વતનમાં એટલું જોયું અમે 'મરીઝ',
મોટા બની ગયા છે બધા બાળપણના દોસ્ત.

-મરીઝ

## સુડોકુ-૮૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૧ | ૭ | ૩ | | |
| ૩ | | | ૮ | ૯ | | ૬ | | ૧ |
| | ૭ | | | ૩ | | ૯ | ૪ | |
| | ૧ | | ૨ | | | | | |
| | ૫ | ૭ | ૩ | | ૧ | ૮ | ૯ | |
| | | | | | ૬ | | ૨ | |
| | ૯ | ૩ | | ૬ | | | ૧ | |
| ૭ | | ૫ | | ૨ | ૯ | | | ૩ |
| | | ૪ | ૭ | ૮ | | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૪ | ૭ | ૬ | ૮ | ૯ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૨ | ૧ | ૯ | ૭ | ૩ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૫ | ૮ | ૭ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૨ | ૩ | ૬ | ૪ | ૧ | ૫ | ૮ |
| ૧ | ૫ | ૮ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૩ |
| ૯ | ૨ | ૭ | ૬ | ૮ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૫ | ૮ | ૧ | ૯ | ૪ | ૭ | ૩ | ૬ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૭ |

## માઈન્ડ ગેમ

સંયુક્ત રાષ્ટ્રસંઘ - યુનાઈટેડ નેશન્સનું સભ્યપદ ધરાવતા હોય એવા કેટલા દેશ વિશ્વભરમાં અસ્તિત્વ ધરાવે છે એ ખબર હોય તો જણાવો.

અ) 182 બ) 193
ક) 199 ડ) 205

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| થોર | CACTUS |
| ઠોર | SWEET |
| કોર | BORDER |
| તોર | AUTHORITATIVE |
| ઘોર | TERRIBLE |

ઓળખાણ પડી?
હાર્મોનિકા

ગુજરાત મોરી મોરી રે
ગંધ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઉજ્જડ

માઈન્ડ ગેમ
બેહરીન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) હર્ષા મહેતા (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજીતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબદુલ્લા એફ. મનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખીલ બંગાળી (૨૧) અમીષી બંગાળી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલીયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠાકર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વીણા સંપટ (૩૨)પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪)ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતીન જયંતીલાલ બજરીયા (૩૭) નયના ગિરીઓળશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સા ગાંધી (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અંબરીષ ઓઝા (૪૨) દિલીપ દોશી

# મૂડીઝે બગાડ્યો બજારનો મૂડઃ આઈટી શૅરોની વેચવાલી સાથે સેન્સેક્સ સતત બીજા દિવસે ગબડ્યો

મુંબઇઃ મૂડીઝ દ્વારા યુએસ સોવરિન ક્રેડિટ રેટિંગના ડાઉનગ્રેડ પછી વધતી જતી અસ્થિરતા વચ્ચે વિશ્વ બજારના નબળા સંકેતો, આઇટી શેરોની આગેવાનીમાં શરૂ થયેલી નવેસરની વેચવાલીના દબાણ વચ્ચે

બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે. સેન્સેક્સ તેના ઇન્ટ્રાડે હાઇથી ૪૫૯.૫૩ પોઇન્ટ ઘટીને ૮૧,૯૬૪.૫૭ પર અથડાઇને અંતે ૨૧૭.૧૭ અથવા તો ૦.૩૨ ટકાના ઘટાડા સાથે ૮૨,૦૫૯.૪૨ની સપાટીએ અને નિફ્ટી ૨૫,૦૦૦નું મનોવૈજ્ઞાનિક સ્તર ગુમાવી ૭૪.૩૫ પોઇન્ટ અથવા તો ૦.૩૦ ટકાના ઘટાડા સાથે ૨૪,૯૪૫.૪૫ની સપાટીએ સ્થિર થયો હતો. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ, આઇશર મોટર્સ અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જેવા હેવીવેઇટ ઇન્ડેક્સને નીચે લાવનારા મુખ્ય શેર હતા. ટોપ લુઝર્સ શેરોમાં એટર્નલ, ઇન્ફોસિસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, રિલાયન્સ, એશિયન પેઇન્ટ, એચસીએલ ટેકનો અને અદાણી પોર્ટનો અને ટોપ ગેઇનર્સ સ્ટોક્સમાં પાવર ગ્રીડ, બજાજ ફાઇનાન્સ, એનટીપીસી, સ્ટેટ બેન્ક અને ઇન્ડસઇન્ડ બેન્કનો સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં મે મહિનામાં છ કંપની આઇપીઓ મારફત રૂ. ૧૧,૦૦૦ કરોડ ઉઘરાવશે. બોરાના અને બેલરાઇસ ૨૦ અને ૨૧મીએ પ્રવેશ કરશે. ડેટા સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વર્ચ્યુઅલાઇઝેશન, ડેટા પ્રોટેક્શન, નેટવર્કિંગ, સાયબર સુરક્ષા, સુરક્ષિત એપ્લિકેશન ડિલિવરી વગેરે સહિતના આઇટી સોલ્યુશન્સ પૂરા પાડનાર યુનિફાઇડ ડેટા ટેક સોલ્યુશન્સ ૨૨ મેના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે, પ્રાઇસ બેન્ડ રૂ. ૨૬૦થી રૂ. ૨૭૩ પ્રતિ શેર નક્કી થઇ છે. સબ્સ્ક્રિપ્શન ૨૬ મે, ૨૦૨૫ના રોજ બંધ થશે. લિસ્ટિંગ તારીખ ગુરુવાર, ૨૯ મે, ૨૦૨૫ના રોજ થવાનો અંદાજ છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઇઝ ૪૦૦ શેર છે.

ડેલ્હીવરી ચોથા ક્વાર્ટરમાં ખોટમાંથી બહાર આવી છે. ઇન્સ્ટન્ટ બેવરેજીસના વિશ્વના સૌથી મોટા ઉત્પાદક રસના પ્રાઇવેટ લિમિટેડે આઇકોનિક બ્રાન્ડ જમ્પિનના વ્યૂહાત્મક એક્વિઝિશન સાથે રેડી ટુ ડ્રિંક માર્કેટમાં પ્રવેશ કર્યો છે. જમ્પિનનું મૂલ્ય રૂ. ૩૫૦ કરોડ છે અને જમ્પિનના સમગ્ર ભારતમાં વૈવિધ્યકરણ સાથે આરટીડી વ્યવસાયમાં કંપનીએ રૂ. ૧૦૦૦ કરોડનો હિસ્સો મેળવવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

વોડાફોના પાંચ અબજ ડોલરના લેણાં માફી સરકારે નકારી હોવાથી તેના શેરમાં કડાકો હતો. કંપનીએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે.

ચોથા ક્વાર્ટરમાં નફો ચાર ટકા વધ્યો હોવાથી ડિવિઝ લેબના શેરમાં ઉછાળો હતો. ટર્નકી ફાર્માસ્યુટિકલ પ્રોજેક્ટ ઇન્ટિગ્રેટર તથા ક્લીનરૂમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એચવીએસી સિસ્ટમ્સ અને એન્જિનિયરિંગ કન્સલ્ટન્સીમાં વિશેષતા ધરાવનાર એચવીએએક્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પરિણામમાં ૨૨.૨૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૩૧.૪૨ કરોડની કુલ આવક, ૨૯.૬૯ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૦૪ કરોડનો ચોખ્ખો નફો અને ૩૧.૫૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૮.૯૭ કરોડનો એબિટા નોંધાવ્યો છે. કંપની પરિણામ અને સંરક્ષણ મંત્રાલયના રૂ. ૫૭૨ કરોડના ઓર્ડરની ચર્ચાએ બીઇએલના શેરમાં ચમકારો હતો. ઇકો લક્ઝરી હોસ્પિટાલિટી સેગમેન્ટમાં અગ્રણી પ્રવેગ લિમિટેડે વિસ્તરણ હેઠળ દમણમાં એક પ્રીમિયર આઇલેન્ડ રીટ્રીટ પ્રવેગ કાચીગમ રિસોર્ટ શરૂ કર્યુ છે. આ ૮૯,૫૦૦ ચોરસ મીટરમાં વિસ્તરેલું ઇકો-લક્ઝરી ડેસ્ટિનેશન રિસોર્ટ ૫૦ કોટેજ ધરાવે છે. આ નવા વિસ્તરણ સાથે કંપનીની દમણમાં કુલ ૧૧૮ રૂમની સવલત સ્થપાઇ છે. પ્રોટીન ઇ-ગવના શેર વીસ ટકાની નીચલી સર્કિટને અથડાયા હતા.

બજારના ઘટાડાનું મુખ્ય કારણ મૂડીઝ રેટિંગ્સ દ્વારા યુએસ સરકારના ક્રેડિટ આઉટલૂકને સ્થિરમાંથી નકારાત્મકમાં કરેલું ડાઉનગ્રેડ છે. નકારાત્મક આઉટલૂકે રોકાણકારોની ચિંતા વધારી હતી અને વૈશ્વિક બજારો ગબડ્યા હતા. આ ઉપરાંત યુએસ ટ્રેઝરી યીલ્ડ શુક્રવારે ૪.૪૪ ટકાથી વધીને ૪.૫૨ ટકા થઈ ગઈ હતી. સોમવારે ચીન અને યુએસના મિશ્ર આર્થિક સંકેતોને કારણે પ્રભાવિત એશિયામાં, જાપાનના નિક્કી ૨૨૫, દક્ષિણ કોરિયાના કોસ્પી, ચીનના શાંઘાઈ કમ્પોઝિટ અને હોંગકોંગના હેંગસેંગ જેવા મુખ્ય બેન્ચમાર્ક ગબડ્યા હતા. બજારની અસ્થિરતા અને રોકાણકારોના ભયનું માપન કરતો ભારત વીઆઇએક્સ દિવસ દરમિયાન ૧૧ ટકા વધીને ૧૯.૮૧ પર પહોંચ્યો. વીઆઇએક્સ સ્તરમાં વધારો રોકાણકારોની ગભરાટનો સંકેત આપે છે. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે પાવર ગ્રીડ ૧.૨૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૫ ટકા, એનટીપીસી ૦.૫૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૩૯ ટકા, એચડીએફસી બેન્ક ૦.૨૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૨૨ અને બજાજ ફિનસર્વ ૦.૧૭ ટકા વધ્યા હતા, જ્યારે ઈટર્નલ ૩.૧૫, ઈન્ફોસિસ ૧.૯૨ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૨૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૯ ટકા, રિલાયન્સ ૧.૦૩ ટકા એશિયલ પેઈન્ટ ૧.૦૧ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૬૬ ટકા ઘટ્યા હતા. સાપ્તાહિક ધોરણે બીએસઈ બેન્ચમાર્ક ૨,૮૭૬.૧૨ પોઈન્ટ અથવા ૩.૬૧ ટકા વધ્યો છે અને નિફ્ટી ૧,૦૧૧.૮ પોઈન્ટ અથવા ૪.૨૧ ટકા વધ્યો છે. સમીક્ષા હેઠળના ૧૬ મે, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૨.૮૪ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૨૨.૮૧ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૨૦.૦૩ લાખ કરોડનો વધારો થયો હતો.

## ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો

# સ્થાનિકમાં સોનામાં ₹ ૧૪૮૪નો ઉછાળો ચાંદી ₹ ૧૧૪૯ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાનાં વેપારી ભાગીદાર દેશો જો સકારાત્મક વિશ્વાસ સાથે વાટાઘાટો નહીં કરે તો ડૉનલ્ડ ટ્રમ્પ ગયા મહિને આપેલી ધમકીનાં દરે ટૅરિફના દર લાદશે, એવો અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે ગઈકાલે (રવિવારે) ટેલિવિઝન પર આપેલી મુલાકાતમાં પુનરોચ્ચાર કરતાં આજે ફરી ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં સુધારો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૭૮થી ૧૪૮૪ ઊંચકાઈ ગયા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૧૧૪૯ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૪૯ વધીને રૂ. ૯૫,૭૫૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની ઘટ્યા મથાળેથી નીકળેલી માગ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૭૮ વધીને રૂ. ૯૩,૪૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૮૪ વધીને રૂ. ૯૩,૭૮૫ના મથાળે રહ્યા હતા.

ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ખાસ કરીને અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર શાંત પડતાં સલામતી માટેની માગ ઓસરી જતા હાજરમાં સોનાના ભાવમાં બે ટકા જેટલો ઘટાડો આવ્યો હતો અને સાપ્તાહિક ધોરણે ગત નવેમ્બર પછીનો સૌથી મોટો ઘટાડો નોંધાયા બાદ આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૫ ટકા જેટલો ઘટીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સલામતી માટેની માગને ટેકે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકા જેટલા વધીનેઔંસદીઠ ૩૨૩૯.૧૮ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૭ ટકા વધીને ૩૨૪૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત સપ્તાહે મૂડીઝે અમેરિકાનું ક્રેડિટ રેટિંગ ઘટાડ્યું હોવાથી અમેરિકાની રાજકોષીય સ્થિતિ અંગેની ચિંતા સપાટી પર હોવાથી પણ સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે ટૅરિફની ધમકીનો પુનરોચ્ચાર કરતાં વૈશ્વિક બજારમાં આર્થિક અનિશ્ચિતતા સર્જાવાની ભીતિ સપાટી પર આવી હોવાથી ફેડરલ દ્વારા રેટ કટ અંગે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે. જોકે, મારા મતે ફેડરલ રિઝર્વ આગામી જુલાઈ અથવા સપ્ટેમ્બર મહિનામાં રેટ કટ કરશે, પરંતુ તેનો આધાર અમેરિકાના વેપારી ભાગીદાર દેશો સાથે વાટાઘાટો કેવી થાય છે અને કરારો કેવા થાય છે તેનાં પર અવલંબિત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે ગત સપ્તાહે અમેરિકાનાં એપ્રિલ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અનપેક્ષિતપણે ઘટાડો જોવા મળ્યો હતો અને રિટેલ વેચાણમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે રિટેલ ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઘટાડો થયો હતો.

# ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી વિવિધિ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં વપરાશકાર ઉદ્યોગની માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા. આ સિવાય આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે માગ નિરસ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવમાં કિલોદીઠ રૂ. બેનો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૨૮૭૩ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૮૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૫ અને રૂ. ૮૧૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને માગ નિરસ રહેતાં બ્રાસ યટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૪૮ના મથાળે અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૪૨ અને રૂ. ૨૫૮ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નાણાકીય વર્ષ ૨૦૨૬માં કૃષિ વૃદ્ધિદર ૩.૫ ટકા રહેશેઃ શિવરાજ સિંઘ ચૌહાણ

નવી દિલ્હીઃ કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંઘ ચૌહાણે આગામી ખરીફ વાવેતર પૂર્વે ખેડૂતોને નવી ટૅક્નોલૉજીથી શિક્ષિત કરવા માટેનું અભિયાન શરૂ કર્યું હોવાથી વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કૃષિ વૃદ્ધિદર ૩.૫ ટકા રહેવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે. વૈશ્વિક સ્તરે ૧.૫૦થી બે ટકાનો કૃષિ વૃદ્ધિદર સારો કહેવામાં આવે છે, જ્યારે ભારત ઓછામાં ઓછો ૩થી ૩.૫ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરી રહ્યું છે અને આગામી વર્ષ ૨૦૨૫-૨૬માં પણ આટલો વૃદ્ધિદર હાંસલ થશે, એવું અમારું માનવું છે, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪-૨૫ના આર્થિક સર્વેક્ષણમાં વર્ષ ૨૦૨૪-૨૫નાં વર્ષ માટે કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૩.૮ ટકા રહેવાની ધારણા મૂકવામાં આવી હતી.

વધુમાં ઈન્ડિયા મીટરોલોજિકલ ડિપાર્ટમેન્ટે આ વર્ષે ચોમાસું સારું રહેવાની અને કેરળ ખાતે પાંચ દિવસ અગાઉ અથવા તો ૨૭મી મે સુધી ચોમાસાનું આગમન થવાની આગાહી કરી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશમાં કુલ વરસાદ પૈકી ૭૫ ટકા હિસ્સો નૈર્ઋત્યના ચોમાસાનો હોય છે આથી ખરીફ વાવેતર માટે અત્યંત મહત્ત્વનું હોય છે.

ખરીફ વાવેતર પૂર્વે પખવાડિયાના અભિયાન બાબતે માહિતી આપતા જણાવ્યું હતું કે આ અભિયાન ૨૯મી મેથી શરૂ થશે અને દેશભરનાં ૭૨૩ જિલ્લા તથા ૬૫,૦૦૦ ગામડાઓનાં ૧.૩૦ કરોડ ખેડૂતોને નવી ટૅક્નોલૉજીથી શિક્ષિત કરવામાં આવે એવી અમારી ધારણા છે. આ માટે કુલ ૨૧૭૦ ટુકડીઓ તૈયાર કરવામાં આવશે જેમાં ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચનાં ૩૭૪૯ કૃષિ વૈજ્ઞાનિકો અને ૨૯૮૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જે દૈનિક ધોરણે ઓછામાં ઓછી ત્રણ પંચાયતોની મુલાકાત લેશે.

## વિશ્વ બજારથી વિપરીત પામતેલમાં નરમાઈ

# મલયેશિયાએ જૂન મહિના માટે ક્રૂડ પામતેલની નિકાસ માટે રેફરન્સ રેટ અને ડ્યૂટીમાં ઘટાડો કર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૯ રિંગિટનો ઉછાળો આવ્યાના અહેવાલ છતાં આજે સપ્તાહના આરંભે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સિંગતેલમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા અને સરસવ તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે મલયેશિયન સરકારે આગામી જૂન મહિનામાં ક્રૂડ પામતેલની નિકાસ માટેનાં રેફરન્સ રેટ જે હાલ ટનદીઠ ૪૪૪૯.૩૫ રિંગિટ છે તે ઘટાડીને ૩૯૨૬.૫૯ રિંગિટ અને નિકાસ વેરો જે હાલ ૧૦ ટકા છે તે ઘટાડીને ૯.૫૦ ટકા કર્યો હોવાના નિર્દેશો હતા.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૯૦ અને રૂ. ૧૩૭૫, રિલાયન્સ રિટેલ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, રૂચી તથા ગોકુલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૧૦ તથા એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના અને સિંગતેલના રૂ.૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ એમ પ્રત્યેક મથકો અંદાજે ૧૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં અને રૂ. ૧૦૦૦થી ૧૦૭૫માં થયાના અહેવાલ હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૪થી ૧૪ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૪નો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

# ક્રૂડતેલમાં ઘટાડો અને ડૉલર નબળો પડતાં રૂપિયો ૧૩ પૈસા ઊંચકાયો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ઊંચકાઈને ૮૫.૪૪ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત શુક્રવારે મૂડીઝે અમેરિકાનું ક્રેડિટ રેટિંગ ઘટાડ્યું હોવાથી ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સ્થાનિકમાં ટ્રેડરોએ ડૉલરમાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૫૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૪૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૧ અને ઉપરમાં ૮૫.૪૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૩ પૈસાના સુધારા સાથે ૮૫.૪૪ની સપાટીએ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા ઘટ્યો હતો. હાલમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળશે અને રૂપિયો ૮૫.૧૦થી ૮૫.૬૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

ગત શુક્રવારે મૂડીઝે અમેરિકાનું ક્રેડિટ રેટિંગ્સ જે ટ્રીપલ એ હતું તે ઘટાડીને ડબલ એ કરતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૮૬ ટકા ઘટીને ૧૦૦.૨૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૮૩૧.૦૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૭૧.૧૭ પૉઈન્ટનો અને ૭૫.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બેન્ચમાર્કની પીછેહઠ છતાં માર્કેટ કૅપમાં ₹ ૭૫૦૦૦ કરોડનો વધારો

મુંબઇઃ શેરબજારમાં સતત બીજા દવિસે જોવા મળેલા ઘટાડા દરમિયાન રિયલ્ટી સૌથી અધિક વધ્યો હતો અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. બેન્ચમાર્કની પીછેહઠ છતાં માર્કેટ કેપમાં રૂ.૭૫૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૨,૩૩૦.૫૯ના બંધથી ૨૭૧.૧૭ પોઈન્ટ્સ (૦.૩૩ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૩૫૪.૯૨ ખૂલીને ઊંચામાં ૮૨,૪૨૪.૧૦ સુધી અને નીચામાં ૮૧,૯૬૪.૫૭ સુધી જઈને અંતે ૮૨,૦૫૯.૪૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૨.૮૪ લાખ કરોડથી રૂ. ૦.૭૮ લાખ કરોડ વધીને રૂ. ૪૪૩.૬૨ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૭૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૨૫૪ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૭૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૯૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૫ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૯૯ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં રિયલ્ટી ૨.૨૨ ટકા, હેલ્થકેર ૦.૫૮ ટકા, યુટિલિટીઝ ૦.૪૨ ટકા, ઓટો ૦.૪૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૮ ટકા, પાવર ૦.૩૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૮ ટકા, સર્વિસીસ ૦.૨૧ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૮ ટકા, કોમોડિટીઝ ૦.૧૬ ટકા, અને મેટલ ૦.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૩૩ ટકા, આઈટી ૧.૨૩ ટકા, એનર્જી ૧.૦૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૨ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૬ ટકા અને એફએમસીજી ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન

એન્જિનિયરિંગ વિભાગ : ઈ-ટેન્ડરિંગ નોટીસ

નં. W/૬૨૩/૫/૧/NIT, તારીખઃ ૧૫.૦૫.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા), પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ **www.ireps.gov.in** પર મંગાવે છે. વિગતો આ મુજબ છે. **ક્ર.નં. ૧, ઈ-ટેન્ડરીંગ નં.: RTM-૨૦૨૫-૨૬-૪૦. કામનું નામઃ** નાગદા-ભોપાલ અને ઈન્દોર-દેવાસ-ઉજ્જૈન સેક્શન-DEN (સાઉથ) સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ RW-૨૦ ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગ ટેકનોલોજી સંપૂર્ણ કામ દ્વારા CMS ક્રોસિંગનું રિકન્ડિશનિંગ, **અંદા.લાગતઃ ₹ ૯૭,૧૩,૭૩૯.૨૨, બાના રકમઃ ₹ ૧,૯૪,૩૦૦.૦૦. કામની સમાપન અવધિઃ** ૧૮ મહિના, **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રેક વર્ક નોંધ - RDSOના લેટર નં. CT/MRP તા. ૨૬.૦૪.૨૦૧૮ મુજબ, ફક્ત M/s CTF ફ્રાન્સ SA દ્વારા અધિકૃત કંપનીઓ/સેવા પ્રદાતાઓ, ટેક્નોલોજી અને ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગની ટેક્નોલોજી સાથે CMS ક્રોસિંગના ઈન-સીતુ રિકન્ડિશનિંગ માટે RDSO દ્વારા મંજૂરી આપવામાં અવી હોય તેવા લોકો ટેન્ડરમાં ભાગ લઈ શકે છે, **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૫.૦૫.૨૦૨૫, **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૧૩.૦૬.૨૦૨૫. **ક્ર.નં. ૨, ઈ-ટેન્ડરિંગ નં.: RTM-૨૦૨૫-૨૬-૪૯. કામનું નામઃ** RTM ડિવિજન :- DEN (સાઉથ) રતલામ સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ રોજિંદા ટ્રેક જાળવણી માટે નાગદા-સંત હિરદારામ નગર, ઈન્દોર-ઉજ્જૈન & મેક્સી-દેવાસ સેક્શન વચ્ચેના સ્ટેશન પર વિવિધ ડેપો/સ્ટેશનો/સ્થળોથી ફિટિંગ, સ્વીચો, ક્રોસિંગ, ગ્લુડ જોઈન્ટસ, SEJ વગેરે જેવી પી.વે સામગ્રીનું પરિવહન, **અંદા.લાગતઃ ₹ ૨,૮૮,૧૭,૧૧૮.૬૧, બાના રકમઃ ₹ ૨,૯૪,૧૦૦.૦૦. કામનો સમાપન અવધિઃ** ૧૮ મહિના, **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રાન્સપોર્ટેશન વર્ક/સિવિલ એન્જિનિયરિંગ/ટ્રેક વર્ક, **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૫.૦૫.૨૦૨૫, **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૧૩.૦૬.૨૦૨૫. **ક્ર.નં. ૩, ઈ-ટેન્ડરીંગ નં.: RTM-૨૦૨૫-૨૬-૫૦, કામનું નામઃ** મેક્સી-ભોપાલ સેક્શન - DEN (સાઉથ) રતલામ સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેક સેફ્ટી વર્ક સાથે સીધા સંબંધિત વિવિધ યાર્ડ અને અન્ય આનુષંગિક ટ્રેક એસેટસમાં સુધારો. **અંદા.લાગતઃ ₹ ૩,૭૦,૭૯,૩૦૨.૮૧, બાના રકમઃ ₹ ૩,૩૫,૪૦૦.૦૦, કામનો સમાપન અવધિઃ** ૧૮ મહિના, **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ ટ્રેક વર્ક, **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૫.૦૫.૨૦૨૫, **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૧૩.૦૬.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ અર્હતા શરતો અને અન્ય શરતો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે.

ડિવિજનલ રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ
પશ્ચિમ રેલવે, રતલામ ડિવિઝન

ADM/5/1/47

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

OHE મોડિફિકેશન કામ

**Sr. DEE/TRD/NS/BCT** ઈ-ટેન્ડર નોટીસઃ **EL-TRD-W- ૧૧૮-૨૫-૨૬-૩** તા. ૧૫.૦૫.૨૦૨૫ મંગાવે છે. **કામનું નામઃ** મુંબઈ ડિવિઝનના વિરાર-સૂરત સેક્શનમાં નાર્દાના - ધૂલે નવી લાઈન પ્રોજેક્ટ સાથેના સંબંધમાં નાર્દાના યાર્ડ રિમોડલિંગ સાથેના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. **જાહેરાત મૂલ્યઃ ₹ ૯૬,૮૬,૨૩૧.૯૦. બાના રકમઃ ₹ ૧,૯૩,૭૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ** ૦૯-૦૬-૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ & સમયઃ** ૦૯.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. 0159

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે

વિવિધ કામ

Sr. DEN (સેન્ટ્રલ) મુંબઈ સેન્ટ્રલ મંગાવે છે. **ક્ર.નં. ૧. ઈ-ટેન્ડર નોટિસ નં.:** BCT/૨૫-૨૬/૫૪ તા. ૧૫.૦૫.૨૦૨૫ **કામઅનેસ્થળઃ (i)** સુરત-સીક લાઈન શેડ, ફલોરિંગ અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારણા **(ii)** જોરાવાસન-સુરતઃ ૨ વર્ષ માટે ADEN/ સુરતના અધિકારક્ષેત્ર હેઠળ ડ્રોઈનેજ સિસ્ટમનું ક્લીનીંગ અને જાળવણી. **કામની અંદાજિત કિંમતઃ ₹ ૪,૭૨,૮૨,૮૦૧.૭૫. બારડીઃ ₹ ૩,૮૬,૪૦૦/-. ક્ર. નં.: ૨ ઈ-ટેન્ડર નોટિસ નં. BCT/૨૫-૨૬/૫૫ તા. ૧૫.૦૫. ૨૦૨૫. કામ અને સ્થળઃ (i)** ઉધના-ઉકાઈ સોનગઢ-CTR (S-P)-૮.૯૬૯ TKM (S & T ભાગ સહિત કોમ્પોઝિટ ટેન્ડર) **(ii)** ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન- ADEN -વ્યારા સેક્શન હેઠળ ઉકાઈ સોનગઢ યાર્ડ કટિંગ (km ૭૪/૨૧-૨૩) અને LC નં. ૬, ૩૮, ૩૯, ૪૦, ૪૪, ૫૦, ૫૨, ૫૪, ૫૬ ખાતે RUBના વિવિધ સ્થળ ખાતે પંપ આઉટ મોન્સૂન વોટરમાં સ્લડઝ ડિઝલ પંપની જોગવાઈ. **(iii)** જોરાવાસન-સુરત સેક્શનઃ- ADEN સુરત સેક્શન હેઠળ LC નં. ૧૧૬, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૭, ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૬ વગેરે અને Br નં. ૩૬૫ અને ૩૯૮ ખાતે RUBના વિવિધ સ્થળ ખાતે પંપ આઉટ ચોમાસામાં સ્લડઝ ડિઝલ પંપની જોગવાઈ. **કામની અંદા.કિંમતઃ ₹ ૪,૬૪,૨૮,૭૫૯.૧૨. બારડીઃ ₹ ૩,૮૨,૨૦૦/-** ઉપરોક્ત બંને ટેન્ડોરની **સુપ્રતિની તા. & સ.:** ૧૩.૦૬.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી **ખોલવાની તા. & સ.:** ૧૩.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. 0158

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમે પેડર રોડ ચંદન કો.ઓપરેટિવ હા.સો.લિ. દ્વારા ઈશ્યૂ કરાયેલ દરેક રૂ. ૫૦/-ના પાંચ શેર્સ અને એક રહેણાંક ફ્લેટ, એક બંધ ગેરેજમાં તેમના માલિકી હક્ક, ટાઈટલ અને હિતની બાબતમાં સ્વ. હરિલાલ ગજાનન માહિમતુરા (મૃત)ની છેલ્લી વિલ અને ટેસ્ટામેન્ટ હેઠળ વારસદાર તરીકે દાવો કરનાર (i) શ્રીમતી શીલા કાંતિલાલ ધંધા (ii) શ્રીમતી રેખા અરુણ ગિંડે અને (iii) શ્રીમતી કનક અરુણ વર્દે (અહીં પાછળથી "માલિકો" કહેવાય છે)ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ. (અહીં પાછળથી સામૂહિક રીતે "સદર મિલકત" તરીકે ઓળખાશે) જે તમામ અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ છે.

૨૮ નવેમ્બર, ૨૦૧૭ના રોજ મુંબઈ ખાતે માનનીય હાઈકોર્ટ ઓફ જ્યુડિકેચરે ૨૦૧૭ની વસિયતનામા અરજી નં. ૫૪૯માં, મૃતકના છેલ્લી વિલ અને ટેસ્ટામેન્ટને સાબિત કરવા અને નોંધણી કરાવવા અને વારસાગત તરીકે માલિકોના પક્ષમાં મૃતકની મિલકત અને ક્રેડિટસને વસિયતનામા સાથે વહીવટ પત્રો આપવાની ખુશી છે. આથી ખબર આપવામાં આવે છે કે કોઈપણ શખ્સો જે આ પરિશિષ્ટમાં વર્ણવેલ સદર મિલકત અને તેના કોઈપણ ભાગની બાબતમાં કો-પાર્સનરી હક્કો, વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, અસાઈનમેન્ટ, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, કોવેનન્ટ, વારસો, દાવો, કબજો, લિઝ, સબ-લિઝ, લાયસન્સ, લીઅન, હિસ્સો, ટેનાન્સી, સબ-ટેનાન્સી, જાળવણી, કબજો, ઈઝમેન્ટ, ડિવાઈઝ, બિક્વેસ્ટ, બોજા અથવા બીજી કોઈ પણ રીતે કોઈપણ પ્રકારે કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ અથવા હિત ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં અમારી ઓફિસમાં **એસ. મહંમદભાઈ એન્ડ કં., એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ**, B-૫, ટેમરિંડ હાઉસ, ૩૬, ટેમરિંડ લેન, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ અથવા હિતને અવગણવામાં આવશે અને/અથવા તેને ત્યજી દીધેલ તરીકે હોવાનું માનવામાં આવશે.

**અહીં ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**
**(સદર મિલકતનું વિગતવાર વર્ણન)**

ફ્લેટ નં. ૬એમાં માલિકી હક્ક, ટાઈટલ અને હિત જે પેડર રોડ ચંદન કો-ઓપરેટિવ હા.સો.લિ., ૬૨-B, પેડર રોડ, મુંબઈ-૨૬ દ્વારા ઈશ્યૂ કરાયેલ સભ્યોના રજીસ્ટર નં. એકમાંથી શેર સર્ટિફિકેટ નં. એકમાં સમાવિષ્ટ અને વિશિષ્ટ નં. એકથી પાંચ ધરાવતા દરેક રૂ. ૫૦/-ના પાંચ શેર્સમાં ટાઈટલ અને હિત અને ભરતમાં ૧૭૧ ચો.ફૂટ (કાર્પેટ એરિયા) એક બંધ ગેરેજમાં માલિકીના હક્ક, ટાઈટલ અને હિત સાથે મલબાર અને કંબાલા હિલ ડિવિઝનનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૬૬૭૪ (ભાગ) ધરાવતો જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડા અથવા કકડા પર બંધાયેલ "ચંદન", બિલ્ડીંગના ૬ઠ્ઠા માળ પર ભરતમાં આશરે ૧૮૧૨ ચો.ફૂટ (કાર્પેટ એરિયા) અને જે શેર્સ હાલમાં માલિકોના નામે ટ્રાન્સફર થયેલ છે.

મુંબઈ.
તારીખઃ ૨૦ મે, ૨૦૨૫

સહી/-
પાર્ટનર,
એસ. મહંમદભાઈ એન્ડ કં.,
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ

મુંબઈમાં કોરોનાનો હાઉ!

# કોરોનાને કારણે નથી થયા તે બે દર્દીનાં મોતઃ પાલિકાની સ્પષ્ટતા

## છતાં બે હૉસ્પિટલમાં ફરી વિશેષ વોર્ડની વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સુધરાઈ સંચાલિત કે.ઈ.એમ. હૉસ્પિટલમાં કોરોના શંકાસ્પદ દર્દીના મૃત્યુ બાદ ફરી એક વખત કોરોનાનો હાઉં ઊભો થયો છે. તેથી સુધરાઈ ફરી એક વખત મુંબઈ કોરોનાના ભરડામાં આવે નહીં તે માટે પોતાની તમામ હૉસ્પિટલોને ફરી સજ્જ કરી નાખવાની સાથે જ કોરોનાના દર્દી માટે ફરી એક વખત સ્પેશિયલ વોર્ડની વ્યવસ્થા પણ કરી છે.

હાલ સિંગાપૂર, હોંગકોંગ સહિત વિશ્વના અનેક દેશોમાં કોરોનાએ ફરી ઊથલો માર્યો છે. મુંબઈમાં તાજેતરમાં કે.ઈ.એમ. હૉસ્પિટલમાં બે દર્દીના મોત થયા હતા. રિપોર્ટમાં તેમનામાં કોરોના હળવા લક્ષણો જણાયા હતા. પરંતુ તેમના મૃત્યુ કોરોનાને કારણે નહીં પણ તેમને રહેલી અન્ય ગંભીર બીમારીઓને કારણે થયા હોવાનો ખુલાસો પાલિકાના આરોગ્ય ખાતાએ કર્યો છે. આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ મૃતક ૧૪ વર્ષની કિશોરી અને ૫૪ વર્ષની મહિલાનું મૃત્યુ કોરોનાથી નહીં પણ નેફ્રોટીક સિન્ડ્રોમ સહિત હાયપોકેલ્શેમિક સિઝ્યુર અને કેન્સર જેવી ગંભીર બીમારીને કારણે થયું છે. તેમ જ બંને દર્દી મુંબઈ બહારના સિંધુદુર્ગ અને ડોંબીવલીના છે. છતાં મુંબઈ કોરોનાની ચપેટમાં ફરી આવે નહીં તે માટે પ્રશાસન ફરી સજ્જ થઈ ગયું છે.

પાલિકાના આરોગ્ય ખાતાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે કોરોના હવે એન્ડેમિક અને નિરંતર ચાલનારી બીમારી છે. કોરોના દર્દી ઓછી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે પણ હાલ સિંગાપૂર, હોંગકોંગ સહિત પૂર્વ એશિયા અને અન્ય દેશમાં કોરોનાના દીર્દની સંખ્યા વધી રહી છે. મુંબઈમાં કોરોનાને નિયંત્રણમાં રાખવા માટે સતત નજર રાખવામાં આવી રહી છે. જાન્યુઆરી

(જુઓ પાનું ૪) ▸▸

### કોવિડ-૧૯ના સામાન્ય લક્ષણો

તાવ, કફ સાથેની અથવા સૂકી ઉધરસ, ગળામાં ખરાશ અથવા ગળામાં દુખાવો, થાક. શરીરમાં દુખાવો, માથાનો દુખાવા જેવા લક્ષણો હોય છે. તેમ જ અમુક વકતે શરદી, નાક વહેતું રહેવું તેમ જ મોઢાનો ટેસ્ટ જતો રહેવો અને સૂંઘવાની ક્ષમતા ઓછી થવાના લક્ષણો પણ હોય છે. અમુક પરિસ્થિતિમાં શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે. વૃદ્ધ નાગરિક, ડાયાબિટીસ, હાઈબ્લડપ્રેશર, લીવરની બીમારી સહિત કેન્સરના દર્દીઓએ યોગ્ય કાળજી લેવાની આવશ્યકતા હોય છે. કોરોનાના લક્ષણો જણાય તો રત પાલિકાના દવાખાના અથવા હૉસ્પિટલમાં અથવા ફેમિલી ડૉકટરની સલાહ લેવી. તેમ જ સાર્વજનિક ઠેકાણે માસ્ક પહેરવો અને બીજા લોકોથી અંતર રાખવું તેમ જ વારંવાર સાબુ અને પાણીથી હાથ ધોવા. ■

# ચોમાસું માથે ને રસ્તાનું કામ ફક્ત ૬૫ ટકા જ થયું છે

## ૩૧ મે સુધી બાકીનું કામ પૂરું નહીં થાય, પાલિકાએ સ્પષ્ટ કહી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ હાથ ધરવામાં આવ્યું છે અને ૩૧મી મે પહેલા રસ્તાના કામ પૂરા કરી નાખવાનો દાવો સુધરાઈએ કર્યો હતો પણ હકીકતમાં મુંબઈમાં માંડ ૬૫ ટકા જ રસ્તાના કામ થયા છે, જેમાં મુંબઈમાં હાલ ચાલી રહેલા ૯૩૬ રસ્તાના કૉંક્રીટીકરણ પ્રોજેક્ટમાંથી ફક્ત ૫૫૯ રસ્તાના કામ જ ૩૧ મે, ૨૦૨૫ની ડેડલાઈનમાં જ પૂરા થવાના છે. બાકીના રસ્તાના કામ હવે ચોમાસા બાદ થવાના છે.મુંબઈમાં રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામનો અહેવાલ

(જુઓ પાનું ૪) ▸▸

### ■ ઉદ્ધવ ઠાકરેને કારણે રસ્તાની ખરાબ હાલત?

મુંબઈમાં રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યા છે અને ૩૧ મે, ૨૦૨૫ની મુદત પહેલા તમામ કામ પૂરા કરવાના હતા પણ પાલિકાનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાનો દાવો ભાજપે સોમવારે કર્યો હતો. ભાજપે રસ્તાના કામની ડેડલાઈન ચૂકી જવા માટે ભાજપે શિવસેના નેતા ઉદ્ધવ ઠાકરેને જવાબદાર ગણાવ્યા હતા. પાલિકામાં ૨૫ વર્ષથી વધુ શાસન કરનારા ઉદ્ધવ ઠાકરે અને તેમના પુત્ર આદિત્ય ઠાકરેના ધીમા કામને કારણે મુંબઈના રસ્તાઓના કામ ધીમી ગતિએ ચાલ્યા છે. ■

### ■ ૬૧.૩૨ ટકા થઈ નાળાસફાઈ

ચોમાસાનું આગમન વહેલું થવાની શક્યતા વચ્ચે હાલ મુંબઈમાં અઠવાડિયા સુધી યલો અલર્ટ આપીને હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે એ દરમ્યાન જો ભારે વરસાદ પડી ગયો તો મુંબઈના જુદા જુદા વિસ્તારમાં પાણી ભરાવાની શક્યતા છે. મુંબઈમાં જેમ રસ્તાના કામ ધીમી ગતિએ ચાલી રહ્યા છે, એ મુજબ જ મુંબઈમાં નાળાની સફાઈ પણ ધીમી ચાલી રહી છે. નાળાસફાઈની ૩૧ મે, ૨૦૨૫ની ડેડલાઈનને માંડ ૧૨ દિવસનો સમય બાકી રહ્યો છે અને મુંબઈમાં માંડ ૬૧.૩૨ ટકા નાળાસફાઈ થઈ છે. ડેડલાઈનમાં નાળાસફાઈનું કામ પૂરું ન થવાના સંજોગોમાં ચોમાસામાં પાણી ભરાઈ જવાની શક્યતા છે. ■

### ■ ચાર દિવસ ભારે વરસાદની શક્યતા

અરબી સમુદ્રમાં કર્ણાટક કિનારપટ્ટી પાસે ગુરુવારે ૨૨ મે,૨૦૨૫ના ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થવાની શક્યતા છે. તેના પ્રભાવ હેટલ મુંબઈ સહિત રાજ્યમાં સોમવાર ૧૯ મેથી વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે, તે મુજબ મુંબઈમાં મોડી સાંજે અનેક વિસ્તારમાં વરસાદના ઝાપટાં પડી ગયા હતા. મે મહિનામાં અત્યાર સુધી ૮૫ મીમીથી વધુ વરસાદ પડી ગયો છે અને હવે આગામી ચાર દિવસમાં ભારે વરસાદની શક્યતા છે. ■

# વિધાનભવનના એન્ટ્રી ગેટ પાસે નજીવી આગ

## પણ સંવેદનશીલ વિસ્તારમાં ઈલેક્ટ્રિક સિસ્ટમ સામે સવાલ ઊઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આવેલા વિધાનભવનના પ્રવેશ દ્વાર પાસે રહેલા સ્કેનિંગ મશીન પાસે સોમવારે બપોરના અચાનક આગ ફાટી નીકળી હતી. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનો પ્રાથમિક અંદાજ છે. આગને તરત બુઝાવી દેવામાં આવી હતી પણ આગની દુર્ઘટના બાદ વિધાનભવનની સુરક્ષાના પગલાં સામે તથા ઈલેક્ટ્રિક સિસ્ટમ સામે સવાલ થઈ રહ્યા છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ સોમવારે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ આગની ઘટના બની હતી, જેમાં સિક્યોરીટી સ્ટાફે પાંચ મિટિનમાં જ આગ બુઝાવી દીધી હતી. છતાં ઘટના સ્થળે ફાયરબ્રિગેડના બે ફાયર એન્જિન પહોંચી ગયા હતા.

વિધાનભવનમાં એન્ટ્રી ગેટ પાસે સ્કેનિંગ મશીન છે ત્યાં મુલાકાતીઓના બેગ સહિત તેમની તપાસ થતી હોય છે. અત્યંત સંવેદનશીલ વિસ્તાર ગણાય છે જ્યાં બપોરના ત્રણ વાગ્યાની આસપાસ સ્કેનિંગ મશીનમાં આગ લાગ્યા બાદ તે ઈલેક્ટ્રિક વાયરિંગ,

(જુઓ પાનું ૪) ▸▸

# રત્નાગિરિ-ગઢચિરોલીમાં માર્ગ અકસ્માતમાં નવનાં મોત

મુંબઈઃ રાજયના રત્નાગિરિ અને ગઢચિરોલી જિલ્લામાં રવિવારે બપોરે અને સોમવારે વહેલી સવારે થયેલા બે માર્ગ અકસ્માતમાં નવ જણનાં મોત થયાં હતાં. અંતિમસંસ્કાર માટે નાલાસોપારા-મીરા રોડના બે પરિવાર પોતાના વતન જઇ રહ્યા હતા ત્યારે મુંબઈ-ગોવા હાઇવે પર ભરણે નાકા ખાતે કાર પુલ પરથી નીચે ખાબકતાં પાંચ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ગઢચિરોલીમાં ટ્રક સાથે કાર ભટકાતાં ચાર જણ મૃત્યુ પામ્યા હતા.

નાલાસોપારામાં રહેતો પરાડકર પરિવાર અને મીરા રોડનો મોરે પરિવાર રવિવારે રાતે અંતિમસંસ્કાર માટે પોતાના વતન દેવરૂખ જવા માટે નીકળ્યો હતો. તેઓ સોમવારે વહેલી સવારે ૫.૪૫ વાગ્યે મુંબઈ-ગોવા હાઇવે પર ભરણે નાકા ખાતે જગબુડી નદીના પુલ પરથી કારમાં પસાર થઇ રહ્યા હતા ત્યારે કારના ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઇડર સાથે ભટકાઇ હતી અને બાદમાં પુલ પરથી નીચે ખાબકી હતી.

અકસ્માતની જાણ થતાં ખેડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા લોકોને ક્રેનની મદદથી બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં બે મહિલા સહિત પાંચ જણનાં મોત થયાં હતાં, જ્યારે બે જણ ઘાયલ

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં બુધવારે ૧૨ કલાક માટે પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ચોમાસા પહેલા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ સહિત પંપિગ સ્ટેશનમાં સમારકામ કરવાના હોવાથી થાણે શહેરમાં બુધવારે ૧૨ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ થાણે મહાનગરપલિકાના પાણીપુરવઠા યોજના અંતગર્ત પિસે પંપિગ સેન્ટર અને ટેમઘર વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં ચોમાસા પહેલા અમુક સમારકામ કરવાની સાથે કંટ્રોલ પૅનલનું સમારકામ તેમ જ ટ્રાન્સફોર્મર ઓઈલ સહિતના કામ કરવામાં આવવાના છે. તેથી બુધવાર ૨૧ મે, ૨૦૨૫ના સવારના નવ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી કુલ ૧૨ કલાક માટે પાણી પુરવઠો બંધ રહેશે.

થાણે મહાનગરપાલિકામાં આવતા ઘોડબંદર રોડ, વર્તક નગર, ઋતુ પાર્ક, જેલ, ગાંધી નગર, રુસ્તમજી, સિદ્ધાંચલ, સમતા નગર, ઈન્ટરનિટી, જૉન્સન અને કલવાના વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ૧૫૫ કરોડ રૂપિયાની ઠગાઈનો પર્દાફાશઃ ચાર જણની ધરપકડ

## વેપારીઓનું જૂથ જરૂરિયાતમંદોની સાચી ઓળખનો ઉપયોગ કરી બોગસ કંપની ખોલતું અને હવાલા દ્વારા કરોડોના આર્થિક વ્યવહાર કરતું

નાગપુરઃ જરૂરિયાતમંદ વ્યક્તિઓની સાચી ઓળખનો ઉપયોગ કરી બોગસ કંપનીઓ કથિત રીતે રજિસ્ટર કરાવીને વેપારીઓના એક જૂથ દ્વારા આચરાયેલી ૧૫૫ કરોડ રૂપિયાની ઠગાઈનો પર્દાફાશ કરી નાગપુર પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી. આ કંપનીઓના માધ્યમથી આરોપીઓ કાળાં નાણાંના વ્યવહાર હવાલા દ્વારા કરતા હોવાનું તપાસમાં જણાયું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ માટે આરોપીઓએ ૫૦થી ૬૦ બોગસ કંપનીઓ બનાવી હોવાનું પ્રથમદર્શી જણાયું હોવાથી ઠગાઈનો આંકડો વધવાની શક્યતા છે. આંચકાજનક બાબત એટલે આરોપીઓ ગુનો કરવા માટે વિવિધ રાજ્યની જરૂરિયાતમંદ વ્યક્તિઓની સાચી ઓળખનો ઉપયોગ કરતા હતા.

આ ઠગાઈ સૌપ્રથમ ઑગસ્ટ, ૨૦૨૪માં પ્રકાશમાં આવી હતી. ફરિયાદીના નામનો ઉપયોગ કરીને બોગસ કંપની ખોલવામાં આવતાં તેણે પોલીસ ફરિયાદ કરી હતી. લકડગંજ પોલીસે આ પ્રકરણે એફઆઈઆર નોંધ્યો હતો.

પશ્ચિમ બંગાળમાં રહેતો અને ફૂડ સ્ટૉલ

(જુઓ પાનું ૪) ▸▸

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

# વિઝા મળ્યા હોવા છતાં દુબઈમાં પ્રવેશ નકાર્યો

## યુએઈ કોન્સ્યુલેટ વિરુદ્ધની ટ્રાન્સજેન્ડરની ફરિયાદ ગ્રાહક પંચે ફગાવી

મુંબઈઃ વિઝા મળી ગયા હોવા છતાં દુબઈમાં પ્રવેશ આપવાનો ઇનકાર કરવા બદલ મુંબઈમાં સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) કોન્સ્યુલેટ જનરલ વિરુદ્ધ એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિની ફરિયાદને મુંબઈના ગ્રાહક નિવારણ પંચે ફગાવી દીધી હતી.

વધારાના મુંબઈ ઉપનગરીય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચે તેના તાજેતરના આદેશમાં જણાવ્યું હતું કે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯નો અધિકાર ભારતીય ક્ષેત્રના અધિકારક્ષેત્ર સુધી મર્યાદિત છે અને યુએઈ કોન્સ્યુલેટ અન્ય દેશની સાર્વભૌમ સત્તા હોવાને કારણે આ અધિકાર ક્ષેત્રની બહાર આવે છે. વિઝા જારી કરવા એ એક સાર્વભૌમ પ્રક્રિયા છે અને તેને હેતુ

(જુઓ પાનું ૪) ▸▸

# 'પ્રેમી'એ મહિલાની સામે જ તેની બે વર્ષની માસૂમ દીકરી સાથે દુષ્કર્મ કરી મારી નાખી

## બળાત્કાર અને હત્યાના કેસમાં યુવક સાથે મહિલાની પણ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડમાં બનેલી આંચકાજનક ઘટનામાં યુવાન 'પ્રેમી'એ ૩૦ વર્ષની મહિલાની હાજરીમાં જ તેની બે વર્ષની માસૂમ દીકરી સાથે કથિત દુષ્કર્મ કર્યા પછી તકિયાથી ગૂંગળાવીને મારી નાખી હતી. આ પ્રકરણે પોલીસે ગૅન્ગ રૅપનો ગુનો નોંધી યુવાન સાથા મહિલાની પણ ધરપકડ કરી હતી.

મળતી માહિતી અનુસાર આ નિર્દયી ઘટના રવિવારના મલાડના માલવણી વિસ્તારમાં બની હતી. ત્રણ વર્ષ અગાઉ ૩૦ વર્ષની મહિલા ગર્ભવતી હતી ત્યારે પતિ તેને છોડી ગયો હતો. ત્યારથી મહિલા પિયરમાં જ રહેતી હતી. અમુક મહિના બાદ મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. પિયરમાં માતા સાથે રહેતી હતી ત્યારે મહિલા ૧૯ વર્ષના આરોપી યુવકના સંપર્કમાં આવી હતી. પછી મહિલા યુવકના પ્રેમમાં પડી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર બેરોજગાર યુવકે મહિલા સમક્ષ તેની દીકરી સાથે શારીરિક સંબંધ બાંધવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. યુવકની આવી અણછાજતી માગણીને મહિલાએ કથિત રીતે મંજૂરી પણ આપી દીધી હતી. પરિણામે મહિલાની હાજરીમાં જ યુવકે કથિત કુકર્મ કર્યું હતું.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીના અમાનવીય કૃત્યને કારણે બાળકી જોર જોરથી રડવા લાગી હતી. તેને ચૂપ કરવા તકિયાથી

(જુઓ પાનું ૪) ▸▸




# આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર..., સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને 'બારાત' કહેનારા સંજય રાઉતના શરદ પવારે કાન આમળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઓપરેશન સિંદૂરની સચ્ચાઈને દુનિયા સમક્ષ રાખવા અને પાકિસ્તાનના વાસ્તવિક સ્વરૂપને ઉજાગર કરવા માટે કેન્દ્ર સરકાર ૩૨ દેશોમાં અલગ-અલગ સર્વપક્ષી પ્રતિનિધિમંડળો મોકલી રહી છે. આમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો, ભૂતપૂર્વ પ્રધાનો અને રાજદૂતોનો સમાવેશ થાય છે. એનસીપીના પ્રમુખ શરદ પવારે કેન્દ્ર સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે અને સંજય રાઉત પર નિશાન સાધ્યું છે, જેમણે રવિવારે આ નિર્ણયની ટીકા કરી હતી અને પ્રતિનિધિમંડળની તુલના 'બારાત' સાથે કરી હતી.

શરદ પવારે સંજય રાઉત પર નિશાન સાધતા કહ્યું હતું કે 'સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ન જોડવું જોઈએ.' તેમણે એમ પણ કહ્યું હતું કે, 'આવા કિસ્સાઓમાં પક્ષના આધારે નિર્ણયો લેવામાં આવતા નથી. જ્યારે પી. વી. નરસિંહ રાવ વડા પ્રધાન હતા, ત્યારે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં એક

(જુઓ પાનું ૪) ▸▸

### શરદ પવારે ભત્રીજાને ફોન કર્યો

#### પુરંદર એરપોર્ટ સામેના વિરોધને સમાપ્ત કરવા માટે બેઠક બોલાવવા જણાવ્યું

પુણેઃ પ્રસ્તાવિત પુરંદર એરપોર્ટ માટે જમીન સંપાદનનો વિરોધ કરી રહેલા ખેડૂતોના એક જૂથે પુણેમાં એનસીપી (એસપી)ના વડા શરદ પવારને મળીને રાજ્ય સરકાર સમક્ષ તેમની ચિંતાઓ ઉઠાવવા વિનંતી કરી હતી. ખેડૂતોએ જણાવ્યું હતું કે પવારે તેમની મુલાકાત દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને ફોન કર્યો હતો અને તેમની હાજરીમાં આ મુદ્દાને ઉકેલવા માટે બેઠક બોલાવવા જણાવ્યું હતું.

'નાયબ મુખ્ય પ્રધાન અમારા જિલ્લાના પાલક પ્રધાન પણ છે. તેઓ આવતા અઠવાડિયે મુંબઈમાં એક બેઠક યોજવા સંમત થયા હતા જેમાં જિલ્લા

(જુઓ પાનું ૪) ▸▸

ફડણવીસની બૅન્કોને ચેતવણી

# કૃષિ લોન આપતી વખતે સિબિલ સ્કોર્સ ન પૂછો

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે બેંકોને એવો નિર્દેશ આપ્યો હતો કે સિબિલ સ્કોર્સનો આગ્રહ રાખ્યા વિના ખેડૂતોને કૃષિ લોન આપવામાં આવે.

સિબિલ સ્કોર એ ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરોની ક્રેડિટ પાત્રતા પદ્ધતિ છે, જેનો ઉપયોગ નાણાકીય સંસ્થાઓ દ્વારા લોન અરજીઓનું મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવે છે, જેમાં ચુકવણી કરવાની ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

'જો ખેડૂતોને કૃષિ લોન ન મળે, તો તે અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર કરે છે અને ખેડૂતોની આત્મહત્યામાં વધારો કરે છે. અમે વારંવાર બેંકોને સિબિલ (સ્કોર) ન માગવાની સૂચના આપી છે છતાં તેઓ આમ કરવાનું ચાલુ રાખે છે. આજની બેઠકમાં જ આનો ઉકેલ લાવવો જોઈએ. ભૂતકાળમાં, આવી બેંકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો છે. આ એક ગંભીર મુદ્દો છે જેને બેંકોએ જવાબદારીપૂર્વક સંભાળવો જોઈએ,' એમ

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**